ગુ. યુ. પ્રેસ ૧૨૩૩–૪૫૦–૨–૭૦

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૦ના વર્ષની પ્રથમ સભા બુધવાર, તા. ૭–૧–૧૯૭૦ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને ગુરુવાર, તા. ૮–૧–૧૯૭૦ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી અને તે પછી સભાગૃહમાં ઠરાવ્યા મુજબ જે મોકૂફ રાખવામાં આવેલી તે નકકી કર્યા મુજબ શુક્રવાર, તા. ૨૩–૧–૧૯૭૦ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭–૧–'૭૦	તા. ૮–૧–'૭૦	તા. ૨૩–૧–'૭૦
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર	હાજર	હાજર
૩.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. એન. એન. દલાલ	હાજર	હાજર	હાજર
૫.	આચાર્ય પી. આર. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૬.	ડૉ. કે. આર. શ્રોફ	હાજર	હાજર	ગેરહાજર
૭.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર	ગેરહાજર
૮.	શ્રી. એસ. બી. પંડયા	હાજર	હાજર	હાજર
૯.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૦.	આચાર્ય એચ. અમ. શુકલ	હાજર	હાજર	હાજર
૧૧.	આચાર્ય અસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૨.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૩.	પ્રો. વી. એમ. શાહ	હાજર	હાજર	હાજર
૧૪.	આચાર્ય ય. પ્રા. શુકલ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર	હાજર
૧૬.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૧-'૭૦	તા. ૮-૧-'૭૦	તા. ૨૩-૧-'૭૦
૧૭.	આચાર્ય એન. બી. નાયક	હાજર	હાજર	હાજર
૧૮.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર	હાજર
૧૯.	ડૉ. તારાબહેન પટેલ	હાજર	હાજર	હાજર
૨૦.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૧.	શ્રી. એલ. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૨૨.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર	હાજર
૨૩.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર	હાજર
૨૪.	શ્રી. વી. જે. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૨૫.	શ્રી. જશવંત ઠાકર	ગેરહાજર	હાજર	હાજર
૨૬.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	હાજર	હાજર	હાજર
૨૭.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૨૮.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૨૯.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩૦.	પ્રો. એમ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૩૧.	આચાર્ય ડી. એસ. જોશી	હાજર	હાજર	હાજર
૩૨.	શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૩૩.	આચાર્ય ય. ગુ. નાયક	ગેરહાજર	હાજર	હાજર
૩૪.	આચાર્ય એલ. ડી. દવે	હાજર	હાજર	હાજર
૩૫.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૩૬.	પ્રો. જી. ટી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૩૭.	આચાર્ય ડૉ. સી. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૩૮.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર	હાજર
૩૯.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર
૪૦.	આચાર્ય કે. એમ. તલાટી	ગેરહાજર	હાજર	હાજર
૪૧.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર	હાજર
૪૨.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૪૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર	હાજર
૪૪.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૪૫.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૪૬.	પ્રો. એચ. એસ જૈન	હાજર	હાજર	હાજર
૪૭.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	હાજર	હાજર	હાજર
૪૮.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર	હાજર
૪૯.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર	હાજર
૫૦.	ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર	હાજર	હાજર
૫૧.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૬૧--'૭૦	તા. ૮--૧--'૭૦	તા. ૨૩--૧--'૭૦
૫૨.	શ્રી. આર. જે. ખારા	હાજર	હાજર	ગેરહાજર
૫૩.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૫૪.	આચાર્ય જે. બી. સાણ્ડિલ	હાજર	હાજર	હાજર
૫૫.	ડૉ. પી. સી. વૈદ્ય	હાજર	હાજર	હાજર
૫૬.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર	હાજર
૫૭.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૫૮.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	ગેરહાજર	ગેરહાજર.

૧. તા. ૧૭/૧૮--૯--૧૯૬૯ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૯ની ચોથી સભાની કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૭/૧૮–૯–૧૯૬૯ના રોજ મળેલી સને ૧૯૬૯ની એકૅડેમિક કાઉન્સિલની ચોથી સભાના કામ-કાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો--પરીક્ષકો અંગે જુદી જુદી વિદ્યાશાખાની જે તે પરીક્ષા સમિતિઓએ પ્રાશ્નિકો--પરીક્ષકોનાં નામોની કરેલી ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

માર્ચ–એપ્રિલ ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો–પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષાસમિતિઓએ કરેલી ભલામણોની નોંધ લેવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે તે સિન્ડિકેટની વિચારણા માટે મોકલી આપવામાં આવે.

૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં, કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના પૂર્ણ સમયના એક પ્રાધ્યાપક (જેઓને બીજે કયાંય કામ સોંપવામાં ન આવે);

૨. આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૫૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી બી.એ. (સમા.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ફારસી અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ફારસી અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. આંકડાશાસ્ત્ર વિષયના વધારાના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સમાજશાસ્ત્રના કાર્યભારને અનુલક્ષીને જરૂરી શિક્ષકોને નીમવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૭. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર

(૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર;

૨. મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦થી વધે તો મનોવૈજ્ઞાનિક પ્રાયોગિક સાધનોનો એક વધુ સેટ વસાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૮. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૨) હિંદીના એક વ્યાખ્યાતા;

૨. વધારાના વિષયો માટે જરૂરી વર્ગખંડોનો પ્રબંધ કરવામાં આવે;

૩. હિંદીના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની સગવડ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૯. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા.૧૫--૧--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન, અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના ગ્રંથપાલ ઉપરાંત યોગ્ય લાયકાત ધરાવતા બીજા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડના લાભ આપવામાં આવે.

૧૦. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના વિષયમાં હાલના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. કૉલેજનું નવું મકાન તા. ૩૧--૩--૧૯૭૦ સુધીમાં તૈયાર કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૧. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૨. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ અને હિન્દીનું ચાલુ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, સમાજશાસ્ત્ર; અને બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) મનોવિજ્ઞાનના એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક
(૨) હિન્દીના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) હિન્દી	...	...	રૂ. ૨,૦૦૦--૦૦
(૨) સમાજશાસ્ત્ર	...	...	રૂ. ૨,૦૦૦--૦૦
(૩) રાજ્યશાસ્ત્ર	...	...	રૂ. ૧,૦૦૦--૦૦
(૪) ઇતિહાસ	...	...	રૂ. ૧,૦૦૦--૦૦
(૫) આંકડાશાસ્ત્ર	...	...	રૂ. ૧,૦૦૦--૦૦;

૩. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૩,૧૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૩. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં આંકડાપદ્ધતિ; તથા બી.એસસી. (સ્પે.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજ-કચ્છ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિતના; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્રના કાયમી જોડાણ માટે; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિત; અને બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા અથવા ટ્યૂટર;
૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૮,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. ગ્રંથાલયમાં તત્ત્વજ્ઞાન વિષયને લગતાં રૂ. ૧,૦૦૦ નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગ્રંથાલય માટે નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) અંગ્રેજી	...	...	...	રૂ. ૨,૦૦૦--૦૦
(૨) ગણિત	...	...	...	રૂ. ૨,૦૦૦--૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	...	...	રૂ. ૨,૦૦૦--૦૦
(૪) આંકડાશાસ્ત્ર	...	...	...	રૂ. ૧,૦૦૦--૦૦

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૫. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ઈતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ચૂનીલાલ નાગજીભાઈ પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ઈતિહાસ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૬. શ્રી. ઉમેદરામ પંચાલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઈતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઈતિહાસ, મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના પ્રાધ્યાપક

(૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૭. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ઈતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ઇતિહાસના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. ઇતિહાસના વિષયને લગતાં પુસ્તકો તથા સામયિકો માટે રૂ. ૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૮. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ. (સભો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ગણિતશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; અને બી.એ. (સભો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ. (સભો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એસસી. સુધી ગણિતશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સભો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા;
૨. કૉલેજના નવા મકાનમાં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળાઓ ખસેડવામાં આવે;
૩. ગ્રંથાલય માટે અર્થશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ તથા રાજ્યનીતિશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગ્રંથાલયને વિજ્ઞાનનાં પુસ્તકો વસાવી સમૃદ્ધ કરવામાં આવે અને તેમાં ખર્ચ કરવા અંગેની પાછલી ઊણપ પૂરી કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૯. શ્રી નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૦. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઈતિહાસ, માનસશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઈતિહાસ; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન—એ પ્રત્યેક વિષય માટે ઓછામાં ઓછા એક પૂર્ણ સમયના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે;
૨. અર્થશાસ્ત્રનાં રૂ. ૪,૦૦૦ નાં પુસ્તકો વસાવવામાં આવે;
૩. ગણિતશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા અર્થશાસ્ત્રનાં જરૂરી સામયિકો મંગાવવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૧. શ્રી. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં હિન્દી, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા

બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલણપુર, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં હિન્દી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બધી સુવિધાઓ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૨. શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત; બી.એ. (સબો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં હિન્દી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે

(૨) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા;

૨. સમાજશાસ્ત્રના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૩. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી; અને બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ઉર્દૂ, સમાજશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.-(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.-(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ઉર્દૂ, સમાજશાસ્ત્ર અને ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૨) ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૩) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૪) ફેમિલી હેલ્થના વ્યાખ્યાતા;

૨. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા (રસોડું), સ્ટોર, વિવિધ લેતુલક્ષી ખંડ, વર્ગખંડો, પ્રદર્શન માટેની વ્યવસ્થા ઇત્યાદિની જોગવાઈ કરવામાં આવે;

૩. ગૃહવિજ્ઞાનના વિષયનાં સાધનો વસાવવા પાછળ રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગૃહવિજ્ઞાનના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૪. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિત નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી; તથા બી.એ. (સબો.)માં ભારતીય સંસ્કૃતિ તથા મનોવિજ્ઞાનના અભ્યાસક્રમોનું તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ; તથા બી.એ. (સબો.) માં ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૪) મર્કન્ટાઇલ લાના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થુ તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૫. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી; અને બી.એ. (સબો.)માં સંસ્કૃત, અંગ્રેજી, સમાજશાસ્ત્ર અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, અંગ્રેજી, સમાજશાસ્ત્ર અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) હિંદીના એક પ્રાધ્યાપક

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૪) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) ભૂગોળના એક વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટેના વ્યાખ્યાન ખંડો અને ટયટોરિયલ્સ માટેના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં નીચે જણાવ્યા મુજબનાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) હિન્દી વિષય માટે રૂ. ૨,૦૦૦
(૨) સંસ્કૃત, અંગ્રેજી, સમાજશાસ્ત્ર અને ભૂગોળ—પ્રત્યેક વિષય માટે રૂ. ૧,૦૦૦;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૬. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. કાંતિલાલ સબૂરદાસ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
(૨) હિંદીના વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૪) વાણિજ્યના પ્રાધ્યાપક
(૫) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૬) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૭) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;
૨. વધારાના અભ્યાસક્રમ માટે જરૂરી વર્ગખંડો તથા ટ્યુટોરિયલ્સ માટેના ખંડોની જોગવાઈ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે નીચે મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦
(૨) હિન્દી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
(૩) અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
(૪) આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૭. શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (સબો.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) ગણિતના એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલયમાં નીચે મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
(૨) આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦
(૩) અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦;

૩. આંકડાશાસ્ત્રના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૮. શ્રીમતી હર્ષાબહેન છગનલાલ પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; અને બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિંદીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી હર્ષાબહેન છગનભાઈ પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ.-(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૨) સંસ્કૃતના વ્યાખ્યાતા
   (૩) અર્થશાસ્ત્રના ટ્યૂટર
   (૪) સામાન્ય શિક્ષણના અભ્યાસક્રમના ફિઝિકલ સાયન્સના મુદ્દાઓના શિક્ષણ માટે પ્રબંધ કરવામાં આવે;

૨. કૉલેજ માટેનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. અંગ્રેજી ગૌણ વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૯. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે, તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પૂરા સમયના વ્યાખ્યાતા
   (૨) મનોવિજ્ઞાનના એક ખંડ સમયના ટ્યૂટર
   (૩) આંકડાશાસ્ત્રના એક પૂરા સમયના વ્યાખ્યાતા;

૨. આંકડાશાસ્ત્રના વિષય માટે રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;
૩. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રવિતર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૦. ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી અને મનોવિજ્ઞાન; અને બી.એ. (સબો.)માં હિંદી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાપદ્ધતિ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલ વતી જરૂરી ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૧. પટેલ જે. બી. કૂદેલવાળા આર્ટ્સ એન્ડ પટેલ એ. એમ. કૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને ઇતિહાસ; બી.એ. (સબો.)માં અંગ્રેજી, મનોવિજ્ઞાન અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પટેલ જે. બી. કૂદેલવાળા આર્ટ્સ કૉલેજ એન્ડ પટેલ એ. એમ. કૂદેલ-વાળા કૉમર્સ કૉલેજ, બોરસદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, અંગ્રેજી, સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૨) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૩) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;
૨. મે ૧૯૭૧ સુધીમાં પૂરતી સગવડોવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;
૩. પુસ્તકો તથા સામયિકો માટે નીચે જણાવ્યા મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાન ... ... રૂ. ૨,૦૦૦--૦૦
   (૨) સમાજશાસ્ત્ર ... ... રૂ. ૧,૦૦૦--૦૦;

૪. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે અલાયદો ખંડ મુકરર કરવામાં આવે અને પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૩,૧૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૨. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ. (સંબો.)માં હિંદી, રાજ્યનીતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ. (સંબો.)માં આંકડાશાસ્ત્ર અને હિંદી; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના પ્રાધ્યાપક
(૨) બૅંકિંગના પ્રાધ્યાપક
(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના બે વ્યાખ્યાતા;

૨. વાણિજ્યના વર્ગો માટે જરૂરી વર્ગખંડો તૈયાર કરવામાં આવે;

૩. એકાઉન્ટન્સી તથા બૅંકિંગ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૩. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિમતનગર તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત; અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ફારસી, ઇતિહાસ અને હિંદી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિમતનગર, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી અને સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, પર્શિયન, હિંદી અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય અને વાચનખંડ માટે વિદ્યાર્થીની સંખ્યાના પ્રમાણમાં વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૪. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી--કચ્છ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય પાછળ બાકી પેટે રૂ. ૯,૦૦૦ નાં પુસ્તકો ખરીદવામાં આવે તથા સંશોધનનાં સામયિકો મગાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે પાછલી બાકી પેટે રૂ. ૧,૯૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. આચાર્યશ્રીને હોદ્દાની રૂએ કૉલેજના સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તથા પગાર શિડયુલ્ડ બૅંક મારફતે ચૂકવવામાં આવે.

૩૫. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતા

(૨) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર અથવા ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૬. શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; અને બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાપદ્ધતિ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા

(૩) સંસ્કૃતના વ્યાખ્યાતા;

૨. સંસ્કૃત વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. બધી જરૂરિયાતવાળું કૉલેજનું મકાન મે ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૭. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સંબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિંદી; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ફારસી; બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી; અને બી.એ. (સંબો.)માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકોની નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી; તથા પ્રથમ વર્ષ બી.એ.માં આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ફારસી; બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી; તથા બી.એ. (સંબો.)માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા
   (૩) અંગ્રેજીના પ્રાધ્યાપક
   (૪) સંસ્કૃતના વ્યાખ્યાતા
   (૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૬) ફારસીના વ્યાખ્યાતા
   (૭) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટે વ્યાખ્યાન ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ નો અને ફારસીના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય પાછળ જૂન ૧૯૭૦ સુધીમાં બાકી રહેલી ઊણપના પેટે રૂ. ૩,૧૮૫.૩૩ પૈસાનું ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૮. વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગર તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને અંગ્રેજી; તથા બી.એ.(સંબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, ઇતિહાસ, હિંદી; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ફરમાવવામાં આવે છે કે વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વડનગર શિક્ષકવર્ગની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧-૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધી ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, હિંદી અને ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના વ્યાખ્યાતા
   (૩) અંગ્રેજીના પ્રાધ્યાપક
   (૪) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૫) હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે પૂરા સમયના વ્યાખ્યાતા
   (૬) ઇતિહાસના વ્યાખ્યાતા
   (૭) સંસ્કૃતના વ્યાખ્યાતા
   (૮) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૯) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૧૦) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૧૧) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૧૨) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. હાલના વર્ગખંડો ઉપરાંત ઓછામાં ઓછા ૬૭ નવા વર્ગખંડો તૈયાર કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં પુસ્તકો માટે નીચે મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર એ પ્રત્યેક વિષય માટે રૂ. ૨,૦૦૦ તથા સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, હિંદી અને ઇતિહાસ એ પ્રત્યેક વિષય માટે રૂ. ૧,૦૦૦ તથા એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ માટે રૂ. ૨,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૯. વિદ્યોત્તેજક મંડળ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા.૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) હિંદીના પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના પૂરા સમયના પ્રાધ્યાપક (હાલના ખંડ સમયનાને બદલે)
(૩) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક
(૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક પૂરા સમયના વ્યાખ્યાતા (હાલના બે ખંડ સમયનાને બદલે)
(૭) અંગ્રેજીના પૂરા સમયના એક વ્યાખ્યાતા (હાલના ખંડ સમયનાને બદલે)
(૮) હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. તા. ૩૧મી મે ૧૯૭૧ સુધીમાં કૉલેજ માટે અલાયદા મકાનની વ્યવસ્થા કરવામાં આવે;

૩. જરૂરી વ્યાખ્યાનખંડો તથા ટ્યુટોરિયલ ખંડોનો પ્રબંધ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) હિંદી	...	રૂ. ૨,૦૦૦
(૨) આંકડાશાસ્ત્ર	...	રૂ. ૩,૦૦૦ [બી.કૉમ. તથા બી.એ. (ગૌણ) મળીને]
(૩) ઇતિહાસ	...	રૂ. ૧,૦૦૦
(૪) સંસ્કૃત	...	રૂ. ૧,૦૦૦
	કુલ ...	રૂ. ૭,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થી રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૦. એસ. ડી. આર્ટ્સ ઍન્ડ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. ડી. આર્ટ્સ ઍન્ડ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, હિંદી, સંસ્કૃત, ઇતિહાસ અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) કૉમર્સના પ્રાધ્યાપક

(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૪) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા

(૫) અંગ્રેજીના ટ્યૂટરને બદલે અંગ્રેજીના વ્યાખ્યાતા

(૬) અર્થશાસ્ત્રના ટ્યૂટર

(૭) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. એકાઉન્ટન્સી વિષયને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલયના ગૃહપતિની નિમણૂક કરવામાં આવે તથા તેમને માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા તરફથી જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રી-યુનિ. કૉમર્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના પ્રાધ્યાપક
(૪) ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
(૬) આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
(૭) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે એકાઉન્ટન્સી અને ઑડિટિંગ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૨. ડીસા નગર પંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા તરફથી જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ.આર્ટ્સ અને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ઈતિહાસ, મનોવિજ્ઞાન અને સંસ્કૃત; અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ડીસા નગર પંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ઈતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા.૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના વ્યાખ્યાતા
   (૨) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૩) સંસ્કૃતના વ્યાખ્યાતા
   (૪) તર્કશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૬) અર્થશાસ્ત્રના ટ્યૂટર
   (૭) આંકડાશાસ્ત્રના ટ્યૂટર
   (૮) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. મે ૧૯૭૦ સુધીમાં નીચે જણાવેલ સગવડ ધરાવતું કૉલેજ માટેનું યોગ્ય એવું મકાન તૈયાર કરવામાં આવે :
   (૧) પ્રત્યેક ૮૦૦ ચો. ફૂટવાળા એવા ચાર ખંડો
   (૨) પ્રત્યેક ૪૦૦ ચો. ફૂટવાળા એવા બે ખંડો
   (૩) ૬૦૦ ચો. ફૂટવાળો ગ્રંથપાલનો ખંડ
   (૪) ૬૦૦ ચો. ફૂટવાળો વિદ્યાર્થીઓ માટેનો ખંડ
   (૫) ૩૦૦ ચો. ફૂટવાળો શૌચની વ્યવસ્થા સાથેનો બહેનો માટેનો ખંડ
   (૬) ૪૦૦ ચો. ફૂટનો શૌચની વ્યવસ્થા સાથેનો વહીવટી કામ માટેનો ખંડ
   (૭) ૩૦૦ ચો. ફૂટનો શૌચની વ્યવસ્થા સાથેનો આચાર્ય માટેનો ખંડ
   (૮) ૪૦૦ ચો. ફૂટનો શૌચની વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) ગુજરાતી ... રૂ. ૧,૦૦૦
   (૨) મનોવિજ્ઞાન ... રૂ. ૧,૦૦૦
   (૩) સંસ્કૃત ... રૂ. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલય માટે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે અને તેમને માટે ભાડામુકત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૬. કૉલેજ માટે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે તથા તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યાની જોગવાઈ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે; અને

૮. ૧૯૭૦--૭૧ની ખાધ ભરપાઈ કરવા માટે રૂ. ૭૫,૦૦૦ બૅંકમાં જમા મૂકી તે અંગેનું બૅંકનું સર્ટિફિકેટ મોકલવામાં આવે.

૪૩. ચંદનબહેન એન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. આર્ટ્સ અને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, હિન્દી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ચંદનબહેન એન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર, શિક્ષકગણની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રી-યુનિ. આર્ટ્સ અને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને હિંદી; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલી નિમણૂકો કરવામાં આવે :

(૧) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા

(૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા

(૩) હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે પૂરા સમયના વ્યાખ્યાતા;

૨. યોગ્ય સગવડો ધરાવતું કૉલેજનું સ્વતંત્ર મકાન મે ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવામાં આવે;

૩. અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, હિન્દી અને એકાઉન્ટન્સી એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૪. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. દર દસ તાલીમાર્થી દીઠ એક લેખે વધુ બે વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ડિપ.એડ.ના અભ્યાસક્રમને લગતાં રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે;

૩. શાળાઓનાં ધોરણ ૫, ૬, ૭ના અભ્યાસક્રમને લગતાં રૂ. ૫૦૦નાં શૈક્ષણિક સાધનો વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડિપ.એડ.ના અભ્યાસક્રમમાં વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૪૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિદ્યાર્થીઓની સંખ્યાના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. દૃશ્ય-શ્રાવ્ય સાધનો માટે અગાઉની શરત પેટે કરવાનો બાકીનો રૂ. ૬,૦૩૭નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના વર્ગમાં સને ૧૯૭૦--૭૧ના શૈક્ષણિક વર્ષ માટે વધુમાં વધુ ૭૧ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે મંજૂરી આપવામાં આવી છે તે જ ચાલુ રાખવી અને ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની વિનંતી મંજૂર કરવી નહિ.

૪૬. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના વર્ગમાં સને ૧૯૭૦--૭૧ના શૈક્ષણિક વર્ષ માટે વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવે.

૪૭. સેકંડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) બે વ્યાખ્યાતા

(૨) એક ટયૂટર;

૨. ગ્રંથાલયમાં રૂ. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ઉમેરવામાં આવે;

૩. વિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૨,૦૦૦નાં વધુ સાધનો વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે.

૪૮. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ--૯, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. પોતાની કૉલેજના આંકડાશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે અલગ વર્ગો ચલાવવામાં આવે;

૩. આંકડાશાસ્ત્રનાં વધુ પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૯. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એન. એચ. સાયન્સ કૉલેજ, માણસા, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૦. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કડી સાયન્સ કૉલેજ, કડી તા. ૩૧--૧--૧૯૭૦ સુધીમાં સમિતિએ દર્શાવેલી ક્ષતિઓ દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરે તે શરતે નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે અગાઉના ખર્ચ પેટે રૂ. ૫,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવાતી પ્રયોગશાળા અંગેની ફી પ્રયોગશાળાનાં સાધનો, કેમિકલ્સ વગેરે માટે ખર્ચવામાં આવે;

૪. યુનિયન ફી તથા જિમખાના ફી વગેરે વિદ્યાર્થી પ્રવૃત્તિ માટે વાપરવામાં આવે તથા તે રકમ જુદી રાખી તે અંગેના હિસાબો જુદા રાખવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં

કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૨) અનુસ્નાતક પદવી ધરાવતા ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. વિદ્યાર્થીખંડ માટે વધુ સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાન(મુખ્ય)ના શિક્ષણ માટે સુયોગ્ય પ્રયોગશાળાની સવલતો કરવામાં આવે તથા આ વિષય માટે રૂ. ૨૦,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે;

૪. ૫૦ વિદ્યાર્થીઓ એકીસાથે પ્રાયોગિક કાર્ય કરી શકે તેવી રસાયણવિજ્ઞાનની એક વધુ પ્રયોગશાળા બાંધવામાં આવે;

૫. પુસ્તકો માટે નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન	...	... રૂ. ૫,૦૦૦
(૨) રસાયણવિજ્ઞાન	...	... રૂ. ૩,૦૦૦
(૩) ગણિતશાસ્ત્ર	...	... રૂ. ૩,૦૦૦
(૪) જીવશાસ્ત્ર	...	... રૂ. ૨,૦૦૦
(૫) અંગ્રેજી	...	... રૂ. ૧,૦૦૦
(૬) ગુજરાતી	...	... રૂ. ૧,૦૦૦;

૬. શિક્ષકોને મોંઘવારી ભથ્થાની બાકી રહેતી લેણી રકમ ચૂકવવામાં આવે;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૨ શેઠ. આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું

વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) કાર્યભાર અનુસાર જરૂરી અધ્યાપક કે ડેમોન્સ્ટ્રેટર;

૨. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા ૧,૨૦૦થી ૧,૭૦૦ ચો. ફૂટની કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન માટે ૧,૦૦૦થી ૧,૨૦૦ ચો. ફૂટની કુલ ત્રણ પ્રયોગશાળાઓ બનાવવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂ. ૩૦,૦૦૦
   (૨) વનસ્પતિવિજ્ઞાન માટે ... રૂ. ૧૫,૦૦૦
   (૩) પ્રાણીવિજ્ઞાન માટે ... રૂ. ૧૧,૦૦૦;

૫. હાલનું ગ્રંથાલય વિસ્તૃત કરી નીચે જણાવેલ વિષયોનાં પુસ્તકો માટે ગ્રંથાલય માટે તે સામે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂ. ૨,૦૦૦
   (૨) વનસ્પતિવિજ્ઞાન માટે ... રૂ. ૨,૦૦૦
   (૩) પ્રાણીવિજ્ઞાન માટે ... રૂ. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૩. કૉમર્સ કૉલેજ, ડભોઈને જન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમર્સ કૉલેજ, ડભોઈ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૨) વાણિજ્યના પ્રાધ્યાપક

(૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૪) બૅંકિંગના વ્યાખ્યાતા
(૫) મર્કન્ટાઈલ લૉના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના એક ટ્યૂટર અથવા વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) એકાઉન્ટન્સી ... ... રૂ. ૨,૦૦૦
(૨) બૅંકિંગ ... ... રૂ. ૨,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૪. બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ, આંકડાશાસ્ત્ર; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅંકિંગ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૨) વાણિજ્યના પ્રાધ્યાપક
(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૪) અંગ્રેજીના ટ્યૂટર
(૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) બૅંકિંગના વ્યાખ્યાતા
(૭) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટે વ્યાખ્યાનખંડો તથા ટ્યુટોરિયલ્સ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ તથા બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦ તથા આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૫. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૬. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૭. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. કૉમર્સ તથા ફર્સ્ટ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬--૧૯૭૦ થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) કૉમર્સના પ્રાધ્યાપક

(૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૪) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૫) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૬) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટે જરૂરી વર્ગખંડો તથા ટ્યુટોરિયલ્સ ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. છાત્રાલય માટે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે તથા તેમના માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૮. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ તરફથી જૂન, ૧૯૭૦થી બી.એસસી.(રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના ચાલુ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક
(૨) કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૩) કીટાણુવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. કીટાણુવિજ્ઞાનની અલગ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;

૩. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળાની સાધનસામગ્રી માટે રૂ. ૩૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે ગણિતશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાન--એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૯. નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને દ્વિતીય વર્ષમાં એક્ચ્યુઅરિયલ સાયન્સ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગનું ચાલુ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુઅરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૪) બૅંકિંગના પ્રાધ્યાપક
(૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) એક્ચ્યુઅરિયલ સાયન્સના વ્યાખ્યાતા
(૭) મર્કન્ટાઈલ લૉના બંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો બેસાડવા માટે વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ વર્ગોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦, બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦, આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦ તથા એક્ચ્યુઅરિયલ સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૦. શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. કૉમર્સના વિષયો અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા પ્રથમ એલએલ.બી.ના ચાલુ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ

એન્ડ ઑડિટિંગ; તથા પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૩) કૉમર્સના પ્રાધ્યાપક
   (૪) અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૬) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૭) કાયદાના વ્યાખ્યાતા
   (૮) કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૧. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ. તથા સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલ વતી જરૂરી ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૨. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ--કચ્છ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય
   (૨) ખંડ સમયના કાયદાના એક પ્રાધ્યાપક
   (૩) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. વધારાના વર્ગો માટે વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;
૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. આચાર્યને હોદ્દાની રૂએ ગવર્નિંગ બોડીના સભ્ય બનાવવામાં આવે;
૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૩. શેઠ બ્રિજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસકમો શીખવવા ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસકમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ બ્રિજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા, શિક્ષકની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસકમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસકમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કાયદાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૪. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.ઈ. (કેમ.) અને દ્વિતીય વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસકમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસકમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ અને દ્વિતીય બી.ઈ. (કેમ.)ના અભ્યાસકમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસકમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) મિકેનિકલ એન્જિનિયરિંગના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
(૨) કેમિકલ એન્જિનિયરિંગના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
(૩) એન્જિનિયરિંગ કેમિસ્ટ્રીના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
(૪) એન્જિનિયરિંગ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા
(૫) કેમિકલ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ વ્યાખ્યાતા અથવા ડેમોન્સ્ટ્રેટર;

૨. કૉલેજના મકાનના હાલના બાંધકામમાં ૧,૦૦૦ ચો. ફૂટના બાંધકામનો ઉમેરો કરવામાં આવે;

૩. વર્કશોપ લૅટ લેબોરેટરી અને ફિઝિકલ લેબોરેટરી સુસજ્જ કરવા માટે અગાઉના બાકી ખર્ચ પેટે નીચે બતાવ્યા પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

	રૂપિયા
(૧) ગ્રાઈન્ડિંગ મશીન	૨,૧૦૦
(૨) લેથ્સ	૪૨,૦૦૦
(૩) શેપિંગ મશીન	૧,૦૦૦
(૪) પ્રિસિઝન ઇન્સ્ટ્રુમેન્ટ	૨,૦૦૦
(૫) સ્ટીલ એન્જિન મૉડેલ ડ્રોપ વાલ્વ ટાઇપ	૧૦૦
(૬) સ્ટીલ એન્જિન મૉડેલ સ્લાઈડ વાલ્વ ટાઇપ	૧૦૦
(૭) એન્જિનિયરિંગ પાર્ટ્સ	
(ક) કનેક્ટિંગ રૉડ	૨૧૦
(ખ) ક્રૅન્ક અને ક્રૅન્ક પિન સાથેના શાફ્ટ	૨૦૦
(ગ) પિસ્ટન રિંગ્સ અને પિસ્ટન રૉડ સાથેનો પિસ્ટન	૨૧૦
(ઘ) જુદી જુદી જાતના ગવર્નર્સ	૩૧૦
(ચ) કાર્બ્યુરેટર	૨૦૦
(૮) ચાર-સ્ટોક સેક્શનાઈઝ્ડ વૂડન પેટ્રોલ એન્જિન મૉડેલ	૬૦૦
(૯) ઇન્ડિકેટર ડાયાગ્રામ અને બ્રેકની વ્યવસ્થા સાથેનું ૧૨ હૉર્સ પાવર હૉરિઝૉન્ટલ ડીઝલ એન્જિન	૧૨,૦૦૦
(૧૦) ડૉબી મશીન ઇન્ડિકેટર ફૉર ઑઈલ એન્જિન	૪,૦૦૦
(૧૧) સેપરેટિંગ ઍન્ડ થ્રૉટિંગ કૅલેરીમીટર	૪,૦૦૦
(૧૨) સેક્શનાઈઝ્ડ વૂડન સ્ટીમ ટર્બાઈન મૉડેલ	૧૦૦
(૧૩) સ્ટીમ બૉઈલર	૧૦,૦૦૦
(૧૪) ડાયોડ ટ્રાયોડ વગેરે સાથેનું ફિઝિકસ ઇક્વિપમેન્ટ	૧,૦૦૦
(૧૫) ફિઝિકલ કેમિસ્ટ્રી ઇક્વિપમેન્ટ	૧૦,૦૦૦
(૧૬) પાઈપ બેન્ડિંગ મશીન	૩,૧૦૦
	૧,૦૩,૩૧૦;

૪. કેમિકલ એન્જિનિયરિંગ ઇક્વિપમેન્ટ માટે રૂ. ૨,૦૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે; અને

૮. પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦૦ના પ્રમાણે કુલ ૪૧૦ વિદ્યાર્થીઓને લક્ષમાં લેતાં રૂ. ૯૦,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવે.

વધુમાં ફરાવવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.ઈ.(કેમ.)નો અભ્યાસક્રમ સભામાં થયેલી ચર્ચાને અનુલક્ષીને નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૫. કૉલેજ ઑફ્ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી-(નર્સિંગ)ના; તથા દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ફરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ્ નર્સિંગ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. (નર્સિંગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. બી.એસસી. અથવા એમ.એસસી. ટ્રેઇન્ડ નર્સની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) નર્સિંગ કૉલેજ પ્રત્યેક વર્ષ ૩૫થી ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે તે પ્રમાણે જોગવાઈ માટે મકાનમાં જરૂરી માળ કે પાંખો (વિંગ) બાંધી મકાનનું વિસ્તૃતીકરણ તથા ખાસ વિભાગો માટે જરૂરી જગ્યા, ગ્રંથાલય સાથે જોડાયેલ પરંતુ અલગ વાચનખંડ.

(૨) ૨૫૦ વિદ્યાર્થીઓ એકીસાથે બેસી શકે તેવું ઑડિટોરિયમ મેડિકલ ફિલ્મ્સ બતાવવા, પરિસંવાદ યોજવા ઇત્યાદિ માટે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૬. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં હિંદીના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

આથી ફરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; અને બી.એ. (સબો.)માં ઇતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા સદરહુ કૉલેજને વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તેમાં પ્રી-યુનિ. કૉમર્સનું તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના વ્યાખ્યાતા

(૨) અંગ્રેજીના અંશ સમયના વ્યાખ્યાતા

(૩) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

(૪) હિન્દીના વ્યાખ્યાતા
(૫) કૉમર્સના વ્યાખ્યાતા
(૬) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
(૭) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
(૮) તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
(૯) હાલના ખંડ સમયના વ્યાયામશિક્ષકને બદલે પૂરા સમયના વ્યાયામશિક્ષક;

૨. કૉલેજના નવા મકાનમાં ગ્રંથાલયનો ખંડ તૈયાર કરવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૨૧ (પચીસ) વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં હિન્દી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે નીચે મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	...	રૂ. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે વિનયન વિદ્યાશાખા માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૭. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીને જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ઈતિહાસ, મનોવિજ્ઞાન તથા હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં ઈતિહાસ, મનોવિજ્ઞાન અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૮. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા પ્રથમ અને દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭/૧૮--૬—૧૯૬૯ની સભામાં કૉલેજોના સંયોજન અંગે કરેલ ઠરાવ ક્રમાંક ૧૦ (૩) (ક) અને (ખ) અંગે પુનર્વિચારણા કરવાનો પ્રશ્ન એક સભ્યે સભાગૃહમાં રજૂ કર્યો તે પર પ્રથમ ચર્ચાવિચારણા કરવામાં આવી. તે પર મત લેવામાં આવતાં ૨૪ વિરુદ્ધ ૬ મતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઠરાવની પુનર્વિચારણા કરવી નહીં.

ત્યાર બાદ ઉપરની કૉલેજની જોડાણ અરજી અંગે ચર્ચાવિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૧--૧૧--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો (૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા (૨) જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલયમાં આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. આંકડાશાસ્ત્રના વિષય માટે પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) કાયદાની કૉલેજ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;
૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
   (૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	... રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા લેવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્તરહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, મકાનભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંહેધરી આપવામાં આવે; અને

૧૦. રૂપિયા ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની ચોકડે કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૬૯. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૭૦થી વિભાગીકરણ કરી વિભાજ્ય થતી વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) પ્રભુદાસ ઠક્કર સાયન્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સપ્ટે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી. (જાન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા (૨) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસ સી.માં જીવવિજ્ઞાન

અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા (ઓર્ગેનિક કેમિસ્ટ્રી)
   (૨) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા (ઓર્ગેનિક અથવા ફિઝિકલ કેમિસ્ટ્રી)
   (૩) રસાયણવિજ્ઞાનના ટ્યૂટર અથવા ડેમોન્સ્ટ્રેટર
   (૪) વનસ્પતિવિજ્ઞાનના ટ્યૂટર અથવા ડેમોન્સ્ટ્રેટર
   (૫) હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂ. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાનના વિષયમાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૬૯.--અ. આ યુનિવર્સિટીમાં "ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ ચેઇન્જ" સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં તેના એક વિભાગ તરીકે Institute of Social Change (સામાજિક પરિવર્તનનો વિભાગ) સ્થાપવા માટે અને તે અંગે સંબંધકર્તા સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારો કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિભાગમાં નીચેની જગ્યાઓ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

પ્રૉફેસર	... ૨ જગ્યા
રીડર	... ૩ જગ્યા
લેક્ચરર	... ૪ જગ્યા
સંશોધન મદદનીશ	... ૪ જગ્યા.

૭૦. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદનું જૂન ૧૯૭૦થી વિભાગીકરણ કરી વિભાજય થતી વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વંચારાની વિદ્યાશાખા સંયોજિત કરી, (૧) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન પ્રાણીવિજ્ઞાન, અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા (૨) શેઠ એસ. પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી; તથા બી.એ.(સભા.)માં સંસ્કૃત અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેનું જૂન ૧૯૭૦થી (૧) શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ, તલોદ, તથા (૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ—એમ વિભાગીકરણ કરવા તથા શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ, તલોદ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.) માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.એ.(સંયો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અંન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ; તથા (૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) વાણિજ્યના વ્યાખ્યાતા
   (૩) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા;
૨. વધારાની વિદ્યાશાખા માટેના વર્ગો માટે વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ ખંડોની જોગવાઈ કરવામાં આવે;
૩. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૪. આચાર્ય માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;
૫. વાણિજ્યની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦
કુલ	...	રૂ. ૭,૦૦૦

૬. વિનયન વિદ્યાશાખામાં પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

(૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૨) હિન્દીના વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના વ્યાખ્યાતા;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૭૧. શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

નવી કૉલેજોની જરૂરિયાતો નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩--૪--૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે ચર્ચાવિચારણા કરી તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૨. કાયદાની કૉલેજ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) એક વ્યાખ્યાતા

(૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
(૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	...	રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂપિયા દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને ૬૮ પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનના અંધેવાલ મોકલવાની વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું કોં. ચેરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૮૯. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ તરફથી ખંભાત ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેના ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવા.)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
   (૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
   (૮) પીવાના પાણી માટેનો ખંડ
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	... રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	... રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	... રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૯૦. શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર ફાર્મસીની કૉલેજને પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર ફાર્મસી કૉલેજના શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમ તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ફાર્મસીના વિષયોમાં અનુસ્નાતક પદવી ધરાવતા આચાર્ય
(૨) જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૩) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
(૪) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૫) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૭) એન્જિનિયરિંગ મિકેનિકના વ્યાખ્યાતા (એન્જિ. ડ્રૉઇંગ)
(૮) એનેટોમી–ફિઝિયોલોજી વગેરે માટે વ્યાખ્યાતા
(૯) જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૦) ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૧) રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર

(૧૨) એન્જિનિયરિંગ મિકેનિકના ડેમોન્સ્ટ્રેટર (એન્જિ. ડ્રૉઈંગ)
(૧૩) એનેટોમી--ફિઝિયોલોજી વગેરે માટે ડેમોન્સ્ટ્રેટર
(૧૪) વ્યાયામશિક્ષક
(૧૫) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે તથા આલેખ મુજબનું મકાન ત્રણ વર્ષમાં તૈયાર કરવામાં આવે અને તેના માટેની નાણાકીય જોગવાઈ અંગે સંતોષજનક પ્રતીતિ કરાવવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેના ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા ૪૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૧૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... ... રૂ. ૭,૦૦૦
(૨) સામયિકો માટે ... ... રૂ. ૪,૦૦૦

૫. ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશન અને કાઉન્સિલની તરાહ(Pattern)ના સંદર્ભમાં બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજમાં પ્રાયોગિક કાર્ય અને સાધનોની જે સવલત ઉપલબ્ધ થઈ શકે તે ઉપરાંત પ્રયોગશાળા અને સાધનોની સવલત ઊભી કરવામાં આવે;

૬. ફાર્મેકોગ્નોસીના બાગ માટે આશરે ૧૧૦૦ ચોરસ મીટરની જગ્યાની વ્યવસ્થા કરવામાં આવે તથા તે માટે રૂ. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબઆચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું ઘરભાડા ભથ્થું, તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કમી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસકમ માટે ૩૦ વિદ્યાર્થીને તથા પ્રથમ વર્ષ ડિપ્લોમાના અભ્યાસકમ માટે ૬૦ વિદ્યાર્થીને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે.

વધુમાં એમ સૂચવવામાં આવે છે કે ફાર્મસી કૉલેજ શરૂ કરવા માટે ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશનની અનુમતિ મેળવવા માટે સદરહુ કૉલેજના પુરસ્કર્તાઓને અરજી કરવા માટે સૂચવવું અને તેની અરજી આવ્યેથી ઘટતી ભલામણ સાથે તે અરજી સદરહુ કાઉન્સિલને મોકલી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯૧. સમાજકાર્ય વિષયનો અભ્યાસકમ દાખલ કરવા અંગે પ્રિન્સિ. વાય. પી. શુકલ તરફથી તેમના તા. ૨૬–૧૧–૧૯૬૯ના પત્રથી આવેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સોશિયલ વર્કનો અભ્યાસકમ અનુસ્નાતક કક્ષાએ, શકય હોય તો તેને મજૂર-કલ્યાણ વિભાગ સાથે સંયોજિત કરીને, દાખલ કરવા માટે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

બાબત નં. ૯૨, ૯૩, ૯૪ અને ૯૫ની વિચારણા સાથે કરવામાં આવી અને ચર્ચા દરમ્યાન જુદા જુદા સભ્યોએ કરેલાં નીચેનાં કેટલાંક સૂચનો સિન્ડિકેટની વિચારણા માટે મોકલવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રત્યેક ભવનમાં તેનું પોતાનું નાનું વિભાગીય (departmental) પુસ્તકાલય રાખવું જોઈએ;

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિદ્યાર્થીઓ સાંજના વર્ગોમાં અભ્યાસ કરતા હોય તેમને પણ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકોના શિક્ષણનો લાભ મળે તે જોવું જોઈએ;

(૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકો પૈકી કોઈ પણ શિક્ષકને સાંજના વર્ગોમાં શિક્ષણકાર્ય સોંપવાના આવે તો તેની તે ના પાડી શકે નહીં તે માટે જરૂરી સૂચના આપવા માટે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી;

(૪) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોએ સંશોધનકામ (Research Projects) સારા પ્રમાણમાં હાથ ધરવાનું રાખવું જોઈએ;

(૫) સદરહુ ત્રિવાર્ષિક તપાસસમિતિના રિપોર્ટો સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-૧૯૭૦ની સભામાં બાબત નં. ૧૨ હેઠળ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની તંત્રરચના, શિક્ષકોની કામગીરી, કાર્યબોજ વગેરે પ્રશ્નો જોઈતપાસીને પોતાનો રિપોર્ટ કરવા માટે નીમેલી સમિતિને પણ તેની જાણ માટે મોકલી આપવા;

(૬) સદરહુ અહેવાલો જે તે વિદ્યાભવનોના અધ્યક્ષોને મોકલીને તેમનાં વકતવ્યો સાથે સિન્ડિકેટની વિચારણા માટે મોકલવાં.

તે પછી પ્રત્યેક બાબત અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૯૨. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટની નોંધ લેવી તથા તેને સિન્ડિકેટની વિચારણા માટે મોકલવો.

(સદરહુ રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯૩. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટની નોંધ લેવી તથા તેને સિન્ડિકેટની વિચારણા માટે મોકલવો.

(સદરહુ રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૯૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટની નોંધ લેવી તથા તેને સિન્ડિકેટની વિચારણા માટે મોકલવો.

(સદરહુ રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૯૫. ભાષા-સાહિત્ય ભવનની ત્રિવાર્ષિક તપાસ માટે નિમાયેલ તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટની નોંધ લેવી તથા તેને સિન્ડિકેટની વિચારણા માટે મોકલવો.

(સદરહુ રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૯૬. "ક્રેડિટ સિસ્ટમ ઑફ ઑર્ગેનાઈઝિંગ અન્ડર ગૅજ્યુએટ સ્ટડીઝ" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨-૧૨-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરી રિપોર્ટ કરવા સારુ એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પૂર્વસ્નાતક કક્ષાએ ક્રેડિટ પદ્ધતિ દાખલ કરવી ન જોઈએ તે મતલબના સદરહુ સમિતિના રિપોર્ટ સાથે એકેડેમિક કાઉન્સિલની આ સભા સંમત છે એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

(સદરહુ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ની સભાની ભલામણનો નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૯૭. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૨૯/૩૦–૧૦–૧૯૬૮ના રોજ મળેલ સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

" Recommended that the uniformity of the standard and classes at the post-graduate level be the same as at undergraduate level, viz., 60 % for the first class; 48% for the second class as per the recommendation of the Inter-University Board. It has also been observed that there is at present no provision for a pass in the post-graduate examinations in some universities. It is, therefore, felt that each University may decide individually whether a provision for pass class be introduced or retained."

[નોંધ.—અનુસ્નાતક પરીક્ષાઓમાં વર્ગો માટેનું ધોરણ ઠરાવમાં જણાવ્યા પ્રમાણે છે, પરંતુ અનુસ્નાતક પરીક્ષાઓમાં પાસ વર્ગ દાખલ કરવો કે કેમ તે વિચારવાનું રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં અનુસ્નાતક કક્ષાએ પાસ વર્ગ ફરીથી દાખલ કરવો નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક પરીક્ષાઓમાં પહેલા અને બીજા વર્ગ માટેનું ધોરણ સદરહુ ભલામણમાં સૂચવ્યા મુજબ જ આ યુનિવર્સિટીમાં પ્રવર્તતું હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૯૮. સ્ટેચ્યૂટ ૧૧૮માં નીચે મુજબ સુધારો કરવાના ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" Statute 118 માં '(5) Heads of the University Departments, i.e. the Post-graduate Schools' પછી ' and Heads of Recognised Institutions ' ઉમેરવું. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સેનેટે તેની તા. ૧૦/૧૧--૧૦--૧૯૬૯ની સભામાં બાબત નં. ૨૭થી કરેલો ઠરાવ જોતાં તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૯૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧--૯--૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ નીચેની વધારાની અભ્યાસસમિતિઓ સ્થાપવા ઘટતું કરવું :

૧. બૅંકિંગ
૨. ટ્રાન્સપોર્ટ ઍન્ડ ઇકૉનોમિક્સ ઑફ કૉટન
૩. બિઝનેસ મૅનેજમેન્ટ તથા અન્ય મરજિયાત વિષયોની.

વધુમાં એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન તથા વાણિજ્ય વિદ્યાશાખાઓ હેઠળ નીચેની સંયુક્ત અભ્યાસસમિતિઓ સ્થાપવા ઘટતું કરવું :

૧. અંગ્રેજી
૨. ગુજરાતી
૩. હિન્દી
૪. મરાઠી
૫. સિન્ધી
૬. પૉલિટિક્સ
૭. સ્ટેટિસ્ટિક્સ
૮. ભૂગોળ
૯. મૅથેમેટિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્કિંગનો વિષય વિનયન અને વાણિજ્યની સંયુક્ત વિદ્યાશાખાઓ હેઠળ ઉમેરવા તથા (૧) ટ્રાન્સપોર્ટ, અને (૨) ઇકોનોમિક્સ ઑફ કૉટન એ બે વિષયો વાણિજ્યની વિદ્યાશાખા હેઠળ અલગ અલગ ઉમેરવા તથા તે મુજબ સ્ટે. ૯૯ તથા સ્ટે. ૧૦૮માં જરૂરી સુધારો કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી ભાષાઓના વિષયો માટેની અભ્યાસસમિતિઓ વિનયન તથા વાણિજ્યની સંયુક્ત વિદ્યાશાખાઓ હેઠળ મૂકવા માટેની ભલામણ સ્વીકારવી નહીં.

બાબત નં. ૧૦૦ અને બાબત નં. ૧૨૪ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૦૦. સ્ટે. ૯૯માં નીચે પ્રમાણે સુધારો કરવાના ડૉ. એચ. જી. શાસ્ત્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

St. 99 : Delete : Faculty of Ayurvedic Medicine
Faculty of Agriculture

૧૨૪. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિશ્રી તરફથી તા. ૩--૧૦--૧૯૬૯ના પત્રાંક વીસી. ૩૮૬ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાંથી આયુર્વેદ વિદ્યાશાખા રદ કરવાનું સૂચન આવેલ, જે સિન્ડિકેટની તા. ૬/૭-૧૨-૧૯૬૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૦૧. કૉલેજના અધ્યાપકો તરફથી "અધ્યાપકોની લાયકાત અંગેનાં ધોરણો" અંગે આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજના શિક્ષકોની લાયકાત અંગેનાં ધોરણોમાં પ્રાધ્યાપકની લાયકાત માટેનાં ધોરણો અંગેના નિયમોમાં નીચેની કલમ તેની સામે જણાવેલ કલમ મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

વિનયન વિદ્યાશાખા	
(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with seven years' teaching experience as a Lecturer.	(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with five years' teaching experience as a Lecturer.
વિજ્ઞાન વિદ્યાશાખા	
(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and	(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and

Master's Degree in Second Class with seven years' teaching experience as a Lecturer.	Master's Degree in Second Class with five years' teaching experience as a Lecturer.

વાણિજ્ય વિદ્યાશાખા

(10) Second Class B.Com., and Pass Class M.Com., or Pass Class B.Com., and Second Class M.Com., and Seven years' teaching experience as a Lecturer of which at least five years' must be at Post-Intermediate level.	(10) Bachelor's Degree in Second Class and Master'sDegree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with five years' teaching experience as a Lecturer.

તે પછી પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવેલી નીચેની બાબત અને બાબત નં. ૧૭૮ની વિચારણા સાથે કરવામાં આવી :

૧૦૧--એ. પ્રી-યુનિવર્સિટી વિનયનની પરીક્ષા માટે અંગ્રેજીના વિષયમાં નિયત કરવામાં આવેલ કાવ્ય 'માર્મિઓન'નો ફક્ત કેન્ટો નંબર એક જ નિયત કરવા અંગે કેટલાક વિદ્યાર્થીઓ તથા કેટલીક કૉલેજો પાસેથી આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

૧૭૮. બી.એ.ની ૧૯૭૦ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે "માર્મિઓન" પુસ્તકમાંથી પ્રથમ બે કેન્ટો પ્રસ્તાવના સહિત અભ્યાસક્રમમાં રાખ્યા છે તે બાબતમાં પુનર્વિચારણા કરવા માટેની વિદ્યાર્થીઓની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાવ્યના કેન્ટો નં. ૧ અને ૨ નિયત કરવામાં આવ્યા છે તેમાં કશો ફેરફાર કરવો નહીં અને તે બાબતમાં સભાગૃહમાં થયેલ ચર્ચાની અનુલક્ષીને જરૂરી પરિપત્ર મોકલવા માટે કાર્યાલયને જણાવવું.

૧૦૧--બી. ૧૯૭૦ની એમ.એ., ભાગ ૨ની પરીક્ષા માટે પાલિના વિષયમાં નિયત કરેલ પાઠ્યપુસ્તકોનો કેટલોક ભાગ ઓછો કરવા માટે ભાષા-સાહિત્ય ભવનના પાલિ-પ્રાકૃત વિભાગના શિક્ષકના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંબંધકર્તા અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવી અને તેની ભલામણ આવ્યેથી જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૨. ઑર્ડિ. ૧૨૦--એ માં નિયત થયેલા પૂરા સમયના શિક્ષકના કાર્યભારના સંદર્ભમાં ખંડ સમયના શિક્ષકને પ્રત્યેક કૉલેજમાં વધુમાં વધુ કેટલાં વ્યાખ્યાન અને કેટલા ટ્યુટોરિયલ્સ આપી શકાય તે અંગે સિન્ડિકેટની તા. ૧૧--૫--૧૯૬૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવવા ઠરાવ્યું હોઈ, તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ખંડ સમયના શિક્ષકને બે કૉલેજોમાં કામ કરતા લોપ નો પ્રત્યેક કૉલેજમાં તેનો વધુમાં વધુ કાર્યભાર ૬૪ નવ તારાંનો નિયત કરવામાં આવ્યો છે તેમાં શિક્ષાનુકાર્ય સોંપી શકાય એવી સ્પષ્ટતા કરવી.

બાબત નં. ૧૦૩, ૧૧૭, ૧૩૨ અને ૧૪૨ની વિચારણા એકસાથે કરવામાં આવી.

૧૦૩. સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને ઓછામાં ઓછાં ૧૮ વ્યાખ્યાને તથા ૬ ટ્યુટોરિયલ આપવા અંગે ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળે કરેલ સૂચન સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧--૫--૧૯૬૯ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણાર્થે મોકલવાનું ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧૧૭. આચાર્ય એલ. ડી. દવેના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"In a college affiliated to the Gujarat University, the maximum load per week should be as follows :

(1)	Professor or Lecturer..	12 Lecturers +3 Tutorials This work-load shall be reduced by two lectures for a recognised or Assistant to Post-gradute Teacher and by another two lectures if he is a reconginsed Ph.D. guide.
(2)	Tutor ..	9 Lectures +9 Tutorials If a Professor, Lecturer or Tutor is also teaching in the laboratory this shall be taken into consideration while fixing the work-load.
(3)	Demonstrator ..	As at present. However, M.Sc. students or other Scholars may be asked to do part-time demonstration work on a fixed remuneration of at least Rs. 100/-. The maximum work-load for such part-time demonstrators shall be 12 hours."

૧૩૨. સેનેટે તેની તા. ૧૦/૧૧--૧૦--૧૯૬૯ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ ઑર્ડિ. ૧૨૦--એ સિન્ડિકેટે તેની તા. ૭--૧૨--૧૯૬૯ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણાર્થે મોકલવાનું ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

૧૪૨. સરકારશ્રીએ લાલભાઈ સમિતિની ભલામણ અનુસાર નવી પદ્ધતિથી બિનસરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની હોવાથી નાણાકીય બોજ વધારે ઉપાડવાનો રહે અને તેથી શિક્ષકોના કામ અંગેનો માપદંડ (વર્કલોડ) વધારવા વિચારી જરૂરી કાર્યવાહી કરવા અંગેનો શિક્ષણનિયામકશ્રીનો તા. ૨૩--૧૦--૧૯૬૯નો પત્ર સિન્ડિકેટે તેની તા. ૬/૭--૧૨--૧૯૬૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં શિક્ષકોના કાર્યભાર અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦૪. વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી / ડેમોન્સ્ટ્રેટરનું પ્રમાણ પ્રત્યેક વર્ગ દીઠ અને પ્રત્યેક બેચ દીઠ શું હોવું જોઈએ તે નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય નીચે પ્રમાણે છે :

(1) The studentes-Demonstrator ratio at the Pre-Science & First B.Sc. Classes should be 30 : 1, i.e. one Demonstrator for a batch of 30 students.

(2) It will be very much desirable to have a 25 : 1 ratio at Second B.Sc. Class while 20 : 1 ratio at Third B.Sc. Class, i.e. one Demonstrator for 25 students and one Demonstrator for 20 students for Second and Third B.Sc., classes respectively.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૧૦૫ અને ૧૩૮ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

૧૦૫. ઈક્વિવેલેન્સ સમિતિની તા. ૬--૧--૧૯૬૯ના રોજ મળેલ સભાની બાબત ક્રમાંક ૩ કે જેમાં કેટલાંક બોર્ડો તરફથી લેવામાં આવતી હાયર સેકન્ડરી પરીક્ષાઓની માન્યતા અંગે નીચેની ભલામણ કરી છે :

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અન્ય બોર્ડ તરફથી લેવામાં આવતી ૧૧ વર્ષના અભ્યાસક્રમવાળી હાયર સેકન્ડરી પરીક્ષાને હાલની પ્રથા મુજબ આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય માન્ય નહિ ગણતાં ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય ગણી ચાલવું અને તે મુજબ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આ સંદર્ભમાં ગુજરાત રાજ્ય એસ. એસ. એન્ડ એ. બોર્ડ (ગુજરાત રાજ્ય), અમદાવાદના સચિવશ્રી તરફથી મળેલ જીએસબી--એમઆઈએસસી., તા. ૨૦--૩--૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૧૩૮. સ્ટેન્ડિંગ કમિટી ઓન ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૫--૧૧--૧૯૬૯ના રોજ મળેલ સભાએ કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનાં સૂચનોને આધીન સદરહુ સમિતિની તા. ૨૫--૧૧--૧૯૬૯ની સભાની ભલામણો સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) સદરહુ સમિતિની બાબત નં. ૩૨માં જણાવેલ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઈન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને સમકક્ષતા આપવાનો પ્રશ્ન તેની સમગ્રતામાં વિચારવાની જરૂર છે એ સૂચન સાથે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે ઈક્વિવેલેન્સ સમિતિને જણાવવું.

(૨) સદરહુ સમિતિની બાબત નં. ૧ અંગેની ભલામણમાં જણાવેલ પરીક્ષા પાસ કરીને આવનાર વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષ વિનયનમાં દાખલ કરતાં પહેલાં તેણે એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરી હોય તે આવશ્યક ગણવું.

(૩) સદરહુ સમિતિની બાબત નં. ૬ પરની ભલામણમાં જણાવેલ કેસ અંગે વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવીને ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૨૧--૧૧--૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૧૦૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯--૧૦--૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ અગર માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાના હાલના ઑર્ડિ. ૬૫--એમ (૧)માં નીચે મુજબની જોગવાઈ ઉમેરવા અને તદનુસાર મજકૂર ઑર્ડિનન્સને સુધારવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી :

Bachelor's Degree	*Master's Degree in the subject*	*Doctorate Degree*	*Teaching experience as a Lecturer in the subject*
II	I	Ph.D.	2 years
I	II	Ph.D.	2 years

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૭. મેવડા પરીક્ષાની પદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવા બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૬૮ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૯--૧૧--૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૮. ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

૧. "પીએચ.ડી.ના રજિસ્ટ્રેશન માટે એક વિષયના એમ.એસસી. થયેલા વિદ્યાર્થીને તેના વિષયને અનુષંગી બીજા કોઈ વિષય લેવાની છૂટ જે તે વિદ્યાશાખાના ડીનની સંમતિ લઈ આપવી."

૨. "રૂ. ૧૦૦ની ડિપૉઝિટ લઈ પ્રિન્સિપાલની ભલામણથી કોઈ પણ વિદ્યાર્થીને તેની પરીક્ષાનાં પેપરોની (ગમે તે એક વિષયનાં) ફેરતપાસણી કરી સિન્ડિકેટની સંમતિથી પરિણામ સુધરતું હોય તો તે માટે મંજૂરી આપવી."

૩. "અમદાવાદમાં જે કોઈ કૉલેજ સુસજ્જ લેબોરેટરી તથા લાઈબ્રેરીની સગવડ ધરાવતી હોય તો તેને પોસ્ટ-ગ્રેજ્યુએટ વર્ગો ચલાવવા છૂટ આપવા માટે યોગ્ય પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૯. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટેની લાયકાતના ધોરણને લગતો ઑર્ડિ. ૬૫--એચ જે તે વિદ્યાશાખાની ભલામણ અનુસાર સાથે આપેલા પરિશિષ્ટ પ્રમાણે સુધારવાની વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઉપરની વિદ્યાશાખા સિવાયની વિદ્યાશાખાઓ માટે હાલનો ઑર્ડિ. ૬૫--એચ અસ્તિત્વમાં રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩--૩--૧૯૬૯ની સભાની ભલામણને અનુલક્ષીને ઑર્ડિ. ૬૫--પી વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા માટે આ સભા નીચેના પગલાં સૂચવે છે :

હાલ અનુસ્નાતક કેન્દ્રના સ્થાનિક અધ્યાપકગણ માટે સંખ્યાનું જે ધોરણ છે તે સુધારીને ઓછામાં ઓછું નીચે પ્રમાણે રાખવામાં આવે તેમ સિન્ડિકેટને ભલામણ કરવી :

(ક) ઓછામાં ઓછા ૨ માન્ય અનુસ્નાતક શિક્ષકો અને ૨ મદદનીશ શિક્ષકો અથવા ઓછામાં ઓછા ત્રણ માન્ય અનુસ્નાતક શિક્ષકો કોઈ પણ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે હોય તે આવશ્યક ગણવું.

(ખ) ઉપરાંત જ્યાં ગૌણ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર અપાયું હોય ત્યાં તે વિષયના શિક્ષક સ્થાનિક અધ્યાપકગણ ઉપર હોવા જરૂરી ગણવા.

(ગ) અનુસ્નાતક કેન્દ્રોમાં શક્ય હોય ત્યાં સુધી શિક્ષણકાર્ય ચાર દિવસનું વિચારવું, પણ ઓછામાં ઓછા ત્રણ દિવસ તો તે થાય જ તેમ આવશ્યક ગણવું.

(ઘ) ગ્રંથાલય અને પુસ્તકોની પૂરતી સગવડ હોય તે આવશ્યક ગણવું.

(ચ) યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોના શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા તથા તેને સઘન બનાવવા જરૂર જણાય તો યુનિવર્સિટી ધારામાં ઘટતા ફેરફાર કરવા માટે તજવીજ કરવામાં આવે; તથા

(છ) અનુસ્નાતક શિક્ષણને સુધારવા માટે સૂચવવામાં આવેલા ઉપરના તેમ જ યોગ્ય લાગે તે બીજા ઈલાજો વિચારવા માટે આ સમગ્ર બાબત યુનિવર્સિટી ધારાસુધારણા સમિતિની વિચારણા માટે મોકલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

[નોંધ. -(૧) ક્રમાંક (ચ) અને (છ) ધારાસુધારણા સમિતિની વિચારણા માટે મૂકેલ છે. (૨) ઉપરના ક્રમાંક (ખ)ની ભલામણ અંગે કાંઈ કરવાનું રહેતું નથી કારણ કે ગૌણ વિષય માટે અલગ અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવતું નથી.]

સૂચિત સુધારેલો ઑર્ડિ. ૬૫--પી નીચે મુજબ વંચાશે :

O. 65-P :

"(1) For recognising a centre for teaching a subject, it shall be necessary that full teaching of all the papers in the subject shall be organised and implemented. The recognised centre for any subject shall have on its local staff at least two recognised post-graduate teachers and two or more whole-time assistant

to post-graduate teachers in the subject or at least three recognised post-graduate teacheres in the subject as may be necessary for full teaching of the subject.

(2) If there are to be any honorary Assistants for a subject they might supplement the work of the above mentioned teachers.

(3) To institute a centre of post-graduate teaching in any subject in an affiliated college or a recognised institution in a zone, the following requirements shall have to be satisfied.

(*i*) The centre must fulfil the requiremens in regard to the staff as prescribed in (1) and (2) above together with necessary and sufficient library and laboratory facilities and equipment.

(*ii*) The centre shall have on its local staff at least—

(*i*) two post-graduate teachers and two or more whole-time Assistants to recognised post-graduate teachers in the subject concerned, or (*ii*) three recognised post-graduate teachers in the subject concerned. Additional recognised post-graduate teachers or Assistants to post-graduate teachers in their subjects may, as and when necessary, subject to the sanction of the Vice-Chancellor, be pooled from University area to make up the necessary staff required for full teaching of a subject in the post-graduate centre concerned.

મૂળ ઑર્ડિ. ૬૫-પીમાંથી નીચેની કલમ (૨) તથા નોટ ૧ રદ કરવી. નોટ ૨ ને નોટ ૧ એમ ક્રમાંક આપી સુધારવી.

(2) Notwithstanding what is stated in above, it is provided that one post-graduate teacher and two or more wholetime Assistants to post-graduate teacher, as may be necessary for the full teaching of the subject, shall be deemed sufficient for teaching M.Com. classes.

[*Note*—(*i*) In the case of post-graduate centre in the subject comprised under the Faculty of Agriculture one recognised post-graduate teacher and one Assistant to post-graduate teacher in the subject.]

સુધારેલી નોંધ ૧ નીચે મુજબ ગણાશે :

Notwithstanding anything contained above, in the case of instituting a post-graduate centre in the subject of Chemistry, at least two recognised post-graduate teachers and two assistants to post-graduate teachers in the branch concerned or one recognised post-graduate teacher and three assistants to post-graduate teachers in the branch concerned and one or more recognised post-graduate teacher in any other branch of Chemistry, shall be considered adequate.

ઑર્ડિ. ૬૫-પી (૪) (*iv*)—તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમા માટે :

(*iv*) Notwithstanding anything contained above in the case of post-graduate centres for the diploma courses under the Faculty of Medicine, the post-graduate centre shall have on its local staff at least one recognised post-graduate teacher and two assistants to post-graduate teachers in the subject concerned.

સુધારેલી નોંધ (*iv*) નીચે મુજબ વંચાશે :

(*iv*) In the case of a centre for different groups namely History, Economics, Sociology and Politics, etc., one recognised post-graduate teacher and one assistant to a recognised post-graduate teacher in each group seperately shall constitute the necessary local staff."

આથી ફરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૧. પ્રિન્સિ. એલ. ડી. દવેના તા. ૬--૭--૧૯૬૯ના પત્રથી આવેલા નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"(*a*) In view of the fact that the Gujarat University has not established any machinery to check the prevalent evil of privte coaching by college and University teachers the resolution passed by this House in this connection be rescinded."

"(*b*) This House requests the Syndicate to take necessary steps to implement the resolution of this House regarding private coaching by College and University teachers."

[નોંધ.—એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૮--૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવનો પાઠ નીચે મુજબ છે :

"આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કોઈ પણ કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનમાં કામ કરતા કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યૂશન કરી શકશે નહિ કે તાલીમવર્ગ (કોચિંગ ક્લાસ) ચલાવી શકશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૨. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૪--૮--૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના કન્ટેન્ટ વિષય શીખવવા માટે જો સ્ટાફ ઉપર અત્યાર સુધી યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાતવાળી વ્યક્તિ ન હોય તો જે અધ્યાપકે એ વિષય બી.એ.—બી.એસસી. કક્ષાઓ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને એ વિષય માધ્યમિક શાળાના દશમા કે અગિયારમા ધોરણમાં ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી શીખવ્યો હોય તે અધ્યાપકને એ વિષય બી.એડ.માં શીખવવા માટે લાયક ગણવા.

એ ઉપરાંત જો કોઈ માધ્યમિક શાળાના શિક્ષકે એ વિષય બી.એ.--બી.એસસી. કક્ષાએ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને માધ્યમિક શાળાના દશમા કે અગિયારમા ધોરણમાં તે વિષય દશ વર્ષ સુધી શીખવ્યો હોય તો તે શિક્ષકને જો તે બી.એડ. થયેલ હોય તો તે વિષય બી.એડ.માં શીખવવા માટે ખંડ સમયના અધ્યાપક તરીકે માન્ય ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧--૮--૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫--એફના ક્રોષ્ટકમાં કૉલમ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તે સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી :

'Teaching experience as a Lecturer or as an Assistant to a post-graduate teacher.'"

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૪. પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ તથા એમ.ઈ.ની જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા પ્રાક્ટિકલ પરીક્ષકોની લઘુતમ લાયકાત અંગે જે તે વિદ્યાશાખાના અધ્યક્ષ તરફથી આવેલ સૂચનો મંજૂર રાખવા બાબત. :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૫. સિન્ડિકેટની તા. ૬/૭--૯--૧૯૬૯ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

" વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય સિવાયની ઇતર વિદ્યાશાખાઓની કૉલેજોના આચાર્યોની ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેનો હાલનો નિયમ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવો. "

Minimum qualifications for appointment to the post of a Principal in the affiliated college in any Faculty

The Principal of an affiliated college shall hold at least the minimum qualifications necessary for recognition as a post-graduate teachers (full-fledged post-graduate teacher) in a subject (1) inculded in the Faculty concerned as per provisions under St. 99 and (2) included in the syllabus for the final year of the degree course either as a compulsory or as an optional subject in the Faculty :

Provided that in the faculties of Medicine and Technology incuding Engineering, a Principal of an affiliated college shall have at least 10 years' teaching experience of which not less than 5 years' teaching experience must be as a Professor in an affiliated college in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering as the case may be.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. યુનિવર્સિટીની પરીક્ષાઓના સંદર્ભમાં પ્રાધ્યિનક--પરીક્ષકોની પેનલની રચના અંગેની પદ્ધતિ, પરીક્ષકોની નિમણૂક અંગે સિનિયોરિટીના નિયમો, કાર્ડ પદ્ધતિનો ઉપયોગ, પરીક્ષકોની અરજી માટેનાં ફૉર્મ અને અન્ય આનુષંગિક બાબતો ઝીણવટથી જોઈતપાસીને તથા તે અંગે સમગ્રરીતે વિચારણા કરીને પોતાની સ્પષ્ટ ભલામણો સાથે રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૨--૪--૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૪--૬--૧૯૭૬ તથા તા. ૩--૭--૧૯૬૯ના રોજ મળેલ સભાનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૮. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૩૦--૮--૧૯૬૯ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"English has been accepted as a compulsory subject up to the first degree in all faculties. It is, however, felt that the achievements of students in this particular subject are not encouraging. This is, it is represented, due to the fact that proper motivation for the learning and teaching of English does not exist. Whether we like it or not, the present system of learning and teaching is mainly examination centred and examination circumscribed. It is, therefore, strongly felt that because marks obtained in English do not have any reflection in the award of classes, both the teaching as well as the learning of English are comparatively neglected.

It is agreed that motivation provided only through examinations is not a lasting solution of the problem. The real solution perhaps is to create an urge from within to read and understand English very well. However, in the limitations of the present circumstances, it is felt expedient that marks obtained in English may be considered for the award of classes. This would also provide an indication of the ability of the students to master all the subjects of study simultaneously."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૯. હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૬--૧૦--૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા તેના સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
૧.	શ્રી. એ. એસ. શર્મા	હિંદી : "રામસ્નેહી સંત સ્વામી રામચરણ જીવન-સંપ્રદાય એવમ્ કૃતિત્વ"	ડૉ. જી. ડી. શર્મા	૧. ડૉ. વિજયેન્દ્ર સ્નાતક, એમ.એ. પીએચ.ડી., રીડર, હિંદી વિભાગ, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફ્રી	સૂચિત રેફ્રીઓ
				૨. ડૉ. સી. પી. સિંગ (ફોર વાઈવા), એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., પ્રોફેસર તથા અધ્યક્ષ, મગધ યુનિવર્સિટી, ગયા (બિહાર)
				૩. ડૉ. ભોલાશંકર વ્યાસ, એમ.એ.,પીએચ.ડી.,ડી.લિટ., રીડર, બનારસ હિંદુ યુનિવર્સિટી, વારાણસી (ઉ. પ્ર.)
				૪. ડૉ. રામસિંગજી તોમર, એમ.એ.,પીએચ.ડી.,ડી.લિટ., પ્રાધ્યાપક તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, વિશ્વભારતી, શાન્તિનિકેતન,કલકત્તા(બંગાલ)
૨.	શ્રી. એમ. બી. શર્મા	"હિંદી ઉપન્યાસ સાહિત્ય મેં અન્વરચન્દ"	ડૉ. પી. સી. શર્મા	૧. ડૉ. દેવેન્દ્રનાથ શર્મા, એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., પ્રોફેસર તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, પટણા વિશ્વવિદ્યાલય, પટણા (બિહાર)
				૨. ડૉ. સરનામસિંહ શર્મા (ફોર વાઈવા), એમ.એ., પીએચ.ડી., ડી.લિટ. પ્રોફેસર તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર (રાજસ્થાન)
				૩. ડૉ. દેવરાજ ઉપાધ્યાય, એમ.એ., પીએચ.ડી., રીડર, હિંદી વિભાગ, ઉદયપુર યુનિવર્સિટી, ઉદયપુર (રાજસ્થાન)
				૪. ડૉ. આનંદપ્રસાદ દીક્ષિત, એમ.એ., પીએચ.ડી., પ્રાધ્યાપક તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, પૂના યુનિવર્સિટી, પૂના (મહારાષ્ટ્ર).

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓના મહાનિબંધો તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફ્રીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૦. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૩--૧૦--૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તેની સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Name of Student	*Subject*	*Internal Referee*	*Referees*
Smt. S. Y. Mehta	Psychology : "Preparing a scale for Measuring Merital adjustment of women"	Dr. C. T. Bhopatkar	1. Prof. George F. J. Lehner, Department of Psychology, University of California, Los Angelis, California (U. S. A.). 2. Dr. Eila S. Kube, Research Consultant, Occidental College, Los Angelis, California (U.S.A.). *For viva only* Dr. P. H. Prabhu, Associate Prof. of Psychology, Department of Psychology, State University College, Oswago (U.S.A.). (*N.B.*— Smt. Mehta has asked for arranging her viva-voce in U.S.A. hence this recommendation. **Dr. Prabhu was also her guide initially.**) Dr. T. Krishnan, Prof. and Head of the Department of Psychology, Gangotry, Mysore University, Mysore.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીના મહાનિબંધ તપાસવા માટે તેના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૧. ગણિતની અભ્યાસસમિતિની તા. ૨૧--૧૦--૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તેની સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Name of student	*Subject*	*Internal Referee*	*External Referee*
Smt. Y. I. Sheth	" Gravitational Contraction of massive spheres in general relativity "	Prof. P. C. Vaidya	1. W. B. Bonnor, Queen Elizabeth College, London. 2. Dr. J. V. Narlikar, Institute of Theoretical Astronomy, Cambridge, England. *For viva* 1. Dr. S. I. Husain, Regional Engineering College, Nasim Bagh, Shreenagar (Kashmir). 2. Dr. Ram Bihari, Faculty of Mathematics, Delhi University, Delhi.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીના મહાનિબંધ તપાસવા માટે તેના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૨. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૨--૧૦--૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Name of student	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri K. G. Jani	" Studies on Ionosphere and Radio-Propagation"	Dr. K. M. Kotadia, Physics Department, University Schools of Sciences, Ahmedabad-9	1. Dr. J. W. King, Radio and Space Research Station, Ditton Park, Slough, Bucks, England (U.K.). 2. Prof. Dr. K. Rower, Arbeitsgruppl fur physikahsches.

Name of student	*Subject*	*Internal Referee*	*Bxternal Referee*
			Weltraumforschung, 78, Freiburg/Br Kronenstrasx-13 (West Germany).
			3. Dr. J. Taubenheim, Henrich Hertz Institute (Ionosphere Division), German Academy of Science, 1199, *Berlin-Adlershof*-1, *D.D.R.* Rudower Chaussee-5 (German Democratic Republic)
			Indian Referees (Viva)
			1. Prof. B. Ramachandra Rao, Head of the Department of Physics, Andhra, University, Waltair (Andhra State).
			2. Dr. B. N. Bhargave, Colaba Observatory, Indian Meterological Department, Colaba, Bombay--5.
			3. Dr. S. N. Mitra, Director, Technical Laboratories, Ministry of Home Affairs, R. K. Poram, New Delhi-22.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીનો મહાનિબંધ તપાસવા માટે તેના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

બાબત નં. ૧૨૩ અને બાબત નં. ૧૭૨ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૨૩. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના પ્રી-યુનિ.ના વર્ગમાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવી કે કેમ તે અંગે એકૅડેમિક કાઉન્સિલની તા. ૭--૮--૧૯૬૮ની સભાએ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓનો અભિપ્રાય માગ્યો હતો તે બાબતમાં સદરહુ વિદ્યાશાખાઓના અભિપ્રાય ઉપર વિચારણા કરી એકૅડેમિક કાઉન્સિલને તેની તા. ૩૦/૩૧--૭--૧૯૬૯ની સભામાં સદરહુ બાબત નીચેના ઠરાવથી પુનઃ વિચારણા માટે મોકલેલી હોઈ, તે પરના વિદ્યાશાખાઓના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :

એકૅડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧–૭–૧૯૬૯ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં એ.ટી.કે.ટી.ની પદ્ધતિ દાખલ કરવી કે કેમ તે બાબત અંગે નીચેના મુદ્દાઓને લક્ષમાં રાખી સદરહુ બાબત તે વિદ્યાશાખાઓની પુનર્વિચારણા માટે પાછી મોકલવી :

૧. બીજી યુનિવર્સિટીઓમાં પ્રી-યુનિવર્સિટી કક્ષાએ જોગવાઈ કરવામાં આવે છે કે કેમ ?

૨. નજીકના ભવિષ્યમાં ગુજરાત રાજ્યમાં હાયર સેકન્ડરી પરીક્ષા દાખલ થવાનો સંભવ જણાતો નથી તે બાબત લક્ષમાં લેવી."

૧. વિનયન વિદ્યાશાખાની તા. ૨--૯--૧૯૬૯ની સભાનો ઠરાવ

"આથી વધુમતે (૨૬ વિ. ૩) ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગમાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવાની તરફેણમાં આ વિદ્યાશાખા છે, તેમ એકૅડેમિક કાઉન્સિલને જણાવવું.

૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨--૯--૧૯૬૯ની સભાનો ઠરાવ

"આ વિદ્યાશાખા ઠરાવે છે કે પ્રી-યુનિવર્સિટીના વર્ગમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવી."

૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩--૯--૧૯૬૯ની સભાની ભલામણ

"પ્રી-યુનિ. વાણિજ્યના વર્ગમાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવા અંગે આ વિદ્યાશાખા સર્વાનુમતે સહમત છે. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે જે એક વિષયમાં નાપાસ થાય તે વિષયમાં યુનિવર્સિટી પરીક્ષાના ૭૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૧૫ ગુણ લાવવા આવશ્યક ગણવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓમાં કોઈ પણ ઉમેદવાર એક વિષયમાં નાપાસ થાય અને તે પરીક્ષાના બીજા બધા વિષયોમાં ઉત્તીર્ણ થાય તો તેને અનુક્રમે એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી. અને એફ.વાય.બી.કૉમ.ના વર્ગોમાં સત્રો ભરવાની પરવાનગી આપવાનો સિદ્ધાંત સ્વીકારવા અને તેને અનુલક્ષીને રેગ્યુ. પ્રી-આર્ટ્સ–૪, રેગ્યુ. પ્રી-સાયન્સ--૫ અને રેગ્યુ. પ્રી-કૉમર્સ–૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને સુધારેલા સદરહુ રેગ્યુલેશનોના અમલનો લાભ ૧૯૭૦ના વર્ષની પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓને મળે તે રીતે કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

Pre-Arts-4 :

A candidate who fails in only one subject but passes in all the remaining subjects at the Pre-University Arts Examination shall be allowed to keep terms for the First B.A. Examina-

tion, but shall not be declared to have passed the Pre-University Arts Examination, unless he passes in a previous or the same examination season in the remaining subject. His result for the First B.A. Examination shall not be declared till he passes the Pre-University Arts Examination.

Pre-Science-5 :

A candidate who fails in only one subject but passes in all the remaining subjects at the Pre-University Science Examination shall be allowed to keep terms for the First B.Sc., Examination, but shall not be declared to have passed the Pre-University Science Examination, unless he passes in a previous or the same examination season in the remaining subject. His result for the First B.Sc. Examination shall not be declared till he passes the Pre-University Science Examination.

Pre-Commerce-6 :

A candidate who fails in only one subject but passes in all the remaining subjects at the Pre-University Commerce Examination shall be allowed to keep terms for the First B.Com. Examination, but shall not be declared to have passed the Pre-University Commerce Examination unless he passes in a previous or the same examination season in the remaining subject. His result for the First B.Com., Examination shall not be declared till be passes the Pre-University Commerce Examination.

૧૭૨. સિન્ડિકેટની તા. ૭--૧૨--૧૯૬૯ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના ઑર્ડિ. ૧૨૭ હેઠળ અનામત રાખેલ સેકન્ડ ઈયરની પરીક્ષાનાં પરિણામ બે વર્ષને બદલે ત્રણ વર્ષ માટે અનામત રાખવાની જોગવાઈ કરવા માટે તથા ઑર્ડિ. ૧૨૭ હેઠળ અટકાવવામાં આવેલ થર્ડ ઈયરની પરીક્ષાના પરિણામ માટે સમયમર્યાદા રદ કરવા ઠરાવેલ છે તેને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૭ સુધારવાના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો તથા તેને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 127 :

1. When, under the relevant rules for the examination concern, a candidate is allowed to keep terms or to register himself as an external candidate for a higher examination, he will not be permitted to appear for the higher examination, unless (1) he has previously passed in the remaining subject or each of the remaining subjects, as the case may be, of the lower examination, or (2) he appears in the remaining subject or subjects, as the case may be, in the same examination season in which he appears at the higher examination.

2. In the latter case, the candidate will, under no circumstances, be declared to have passed the next higher or be declared eligible to keep terms for the next higher examination, when such provision for such A.T.K.T. is made under the relevant rules, unless he has passed in the aforementioned remaining subject or subjects, as the case may be, of the lower examination and in the event of his not passing in the remaining subject or subjects of the lower examination, his result of the higher examination shall be withheld. In order to pass in the remaining subject or subjects, as the case may be, of the lower examination, the candidate will be required to obtain at least the minimum marks prescribed for passing in each head of passing in the remaining subject or subjects as well as in the total of such heads, if the total is also a head of passing at the lower examination.

3. If the candidate fails to pass in the remaining subject or subjects of the lower examination within three years in case of the faculties of Arts, Science and Commerce and within two years in case of all other faculties from the date his result for the higher examination is declared to have been withheld, he will forfeit all the benefits accruing from the marks obtained by him at the higher examination, provided that the terms kept by him for the higher examination will be available to him for further appearance at that examination.

Notwithstanding anything contained herein above in the case of a candidate whose result was declared to have been withheld under (2) above, no time limit shall be operative for a candidate for passing in the remaining subject or subjects, as the case may be, of the second year examination in the faculties of Arts, Science and Commerce only from the date on which his result for the third year examination in the faculty concerned has been withheld. In such a case, on a candidate passing in the remaining subject or subjects of the second year examination in the faculty concerned, his result for the third year examination will be declared.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. ૧૨૭ને અનુલક્ષીને જે વિદ્યાર્થીઓનાં પરિણામ હાલના ઑર્ડિ. ૧૨૭ હેઠળ ભૂતકાળમાં અનામત રાખેલાં છે તેમને પણ તેમની માગણી આવ્યેથી સુધારેલા ઑર્ડિ. ૧૨૭નો લાભ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦૦ સાથે કરવામાં આવેલી લોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૨૫. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ આ સભાગૃહે તેની તા. ૨૬--૮--૧૯૬૮ની સભામાં વિનયન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલેલ તે અંગે તે વિદ્યાશાખાએ કરેલા ઠરાવને અનુલક્ષીને સદરહુ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"બી.કૉમ. થયા પછી જો કોઈ વિદ્યાર્થીને બી.એ.માં પ્રવેશ મેળવવો હોય તો તેને દ્વિતીય વર્ષ બી.એ.માં પ્રવેશ આપવો અને અંગ્રેજી અને જનરલ એજ્યુકેશનની પરીક્ષાઓમાંથી મુક્તિ આપવી. પ્રથમ વર્ષ બી.એ.નાં પેપરો માટે બી.એ. પછી બી.કૉમ.ની જોગવાઈ છે તેવી જોગવાઈ આ વિદ્યાર્થીને પણ લાગુ પાડવી."

વિનયન વિદ્યાશાખાની તા. ૪--૯--૧૯૬૮ની સભાના ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવ સાથે આ વિદ્યાશાખા સહમત છે અને તે અંગેની ઘટતી જોગવાઈ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

વિનયન વિદ્યાશાખાની તા. ૨--૯--૧૯૬૯ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ તરફથી પુનર્વિચારણાના મુદ્દાના અભાવે આ વિદ્યાશાખાના અગાઉના ઠરાવને વળગી રહે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૬. જુદી જુદી વિદ્યાશાખાઓની કૉલેજોમાં જે તે વિદ્યાશાખાના અભ્યાસક્રમ માટે જરૂરી વિષયોનાં પુસ્તકોની સૂચિ તથા પ્રાયોગિક કામ માટે સાધનોની યાદી આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭--૬--૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર પ્રાણીવિજ્ઞાન(ઝૂલોજી)ની અભ્યાસસમિતિએ તેની તા. ૭--૧૦--૧૯૬૯ની સભામાં સૂચવેલ થર્ડ બી.એસસી. ઝૂલોજી વિષયમાં પ્રાયોગિક કામ માટેનાં સાધનો આ સાથેના પરિશિષ્ટ મુજબ રાખવાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાણીવિજ્ઞાન(ઝૂલોજી)ની અભ્યાસસમિતિએ સૂચવેલ થર્ડ બી.એસસી. પ્રાણીવિજ્ઞાનના વિષયમાં પ્રાયોગિક કામ માટેનાં કૉલેજોમાં વસાવવાનાં સાધનોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં સાધનોની યાદીની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૨૭. હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૧--૧૦--૧૯૬૭ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨--૨--૧૯૬૮ની સભાએ વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલેલ, જે વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૪--૯--૧૯૬૮ની સભામાં ભાષાની અભ્યાસસમિતિઓને વિચારણા માટે મોકલેલ તે અંગે જુદી જુદી અભ્યાસસમિતિઓના ઠરાવો લક્ષમાં લઈ વિનયન વિદ્યાશાખાની તા. ૨--૯--૧૯૬૯ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

હિંદીની અભ્યાસસમિતિની ભલામણ

"એમ.એ.ના પાઠ્યક્રમમાં હિંદી સ્પેશિયલમાં હાલમાં છ પ્રશ્નપત્ર લેવાની જોગવાઈ છે તે બે પ્રશ્ન-પત્રો ગૌણ વિષયમાં જુદા લેવાના રહે છે.

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information."

(**નોંધ.**—અગાઉ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮--૯--૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર સિન્ડિકેટે મંજૂર રાખેલ ઑર્ડિ. ૩૨૧ સેનેટની તા. ૨૫/૨૬/૨૭--૩--૧૯૭૦ની સભાએ 'રિફર બૅક' કરેલો. ત્યાર પછી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે ઉપર જણાવ્યા મુજબ ઑર્ડિ. ૩૨૧ સુધારવા ભલામણ કરી છે.)

૩૫. સેનેટની તા. ૨૫/૨૬/૨૭ માર્ચ ૧૯૭૦ના રોજ મળેલ વાર્ષિક સભાએ નીચેનો ઑર્ડિ. ૩૨૧ સિન્ડિકેટની પુનઃ વિચારણા માટે મોકલેલ તે સિન્ડિકેટની તા. ૧૧/૧૨--૪--૧૯૭૦ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

O. 321 :

Every thesis shall be examined by three referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate the names of three referees, one of whom shall be an internal referee, i.e., the University teacher guiding the candidate's work and the other two must be external ones. On the Syndicate appointing the referees, the Registrar shall forward a copy of thesis to each of them. Of the two external referees the first referee, and failing him, or in the event of the first referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the candidate jointly with the internal referee. All the three referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the absence of unanimity of opinion among the referees, the Syndicate shall appoint a fourth referee and the Syndicate shall after considering the reports of all the external referees decide whether the thesis is of requisite standard for the award of the Ph.D. degree.

All reports shall be circulated to the members of the relevant Board of Studiers and placed before the Academic Council for its information.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિનન્સ ૩૨૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેના નાત્કાલિક અમલ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

ઉપર બાબત નં. ૧૬ અંગેના ઠરાવ જેનાં બાબત નં. ૩૫ અંગે વિશેષ કરવાપાત્ર રહ્યું નહીં.

૧૮. વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૧૯--૫--૧૯૭૦ની સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે એમ.એસસી., ભાગ. ૧ પાસ કર્યા વગર પહેલાં એમ.એસસી.ની પરીક્ષા (જૂના અભ્યાસક્રમ મુજબ) લેવાતી હતી તેવા જૂના અભ્યાસક્રમવાળા વિદ્યાર્થીઓ જો બીજા પેટાવિષય લઈ એમ.એસસી. પરીક્ષા પાસ કરવા માગે તો તેવા વિદ્યાર્થીઓ માટે વર્ગ (ક્લાસ) ગણવા માટે તેમનો એમ.એસસી., ભાગ. ૨ના ગુણ ઉપર તેમનો વર્ગ ગણવાનો રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની પુર્નવિચારણા માટે મોકલવી.

૨૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪--૩--૧૯૭૦ની સભાએ ભવન્સ કૉલેજ, ડાકોરના આચાર્યશ્રી તરફથી આવેલું નીચેનું સૂચન સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

" As Physical Chemistry and Inorganic Chemistry are two different subjects, post-graduate teachers qualified in one of them should not be permitted to teach the other. Those permitted to teach both should be asked to select one."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૭. તબીબી વિદ્યાશાખાની ભલામણ પરથી ડેન્ટિસ્ટ્રીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે સ્થાનિક શિક્ષકગણની જરૂરિયાત અંગે ઑર્ડિ. ૬૫--પી (૪) હેઠળ (૧) તરીકે નીચેના ભાગ ઉમેરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪--૬--૧૯૭૦ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી તથા તેને અનુલક્ષીને ઑર્ડિ. ૬૫--પી (૪) હેઠળ (૧) તરીકે નીચેના ભાગ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

O. 65–P (4) (१) :

In the case of post-graduate centre for M.D.S. Degree course, one post-graduate teacher and one Assistant to a post-graduate teacher on the local staff of the college. in the subject concerned, shall be considered adequate."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫--પી (૪) હેઠળ ઉપરની પેટાકલમ (૧) ઉમેરીને સુધારેલો ઑર્ડિનન્સ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૦. આચાર્ય એમ. સી. દેસાઈના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(1) "Resolved that no affiliation be hereafter granted to any college combining two or more faculties and that existing colleges combining two or more faculties be bifurcated with effect from June, 1973."

(2) "Resolved that affiliated colleges be recognised as post-graduate colleges subject to the conditions to be laid down by the University and that the activities of the University Departments be confined to research in their respective subjects"

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવ નં. ૧ની વિચારણા મોકૂફ રાખવી.

(૨) ઉપરના પ્રસ્તાવ નં. ૨ અંગેની વિચારણા આગળ બાબત નં. ૧૯ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૧. ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) પીએચ.ડી.ના રજિસ્ટ્રેશન માટે એક વિષયના એમ.એસસી. થયેલા વિદ્યાર્થીને તેના વિષયને અનુષંગી બીજો કોઇ વિષય લેવાની છૂટ જે તે વિદ્યાશાખાના ડીનની સંમતિ લઈ આપવી."

(૨) "રૂ. ૧૦૦ની ડિપોઝિટ લઈ પ્રિન્સિપાલની ભલામણથી કોઈ પણ વિદ્યાર્થીને તેના પરીક્ષાના પેપરોની (ગમે તે એક વિષયના) ફેરતપાસણી કરી સિન્ડિકેટની સંમતિથી પરિણામ સુધરતું હોય તો તે માટે મંજૂરી આપવી."

(૩) "અમદાવાદમાં જો કોઈ કૉલેજ સુસજ્જ લેબોરેટરી તથા લોઇબ્રેરીની સગવડ ધરાવતી હોય તો તેને પોસ્ટ-ગ્રેજ્યુએટ વર્ગો ચલાવવા છૂટ આપવા માટે યોગ્ય પ્રબંધ કરવો."

ડૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. (૧) અને (૨)ની વિચારણા મોકૂફ રાખવામાં આવી. જ્યારે ઉપરના પ્રસ્તાવ નં. (૩)ની વિચારણા આગળ બાબત નં. ૫૫ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૩. પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ તથા એમ.ઈ.ની જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા પ્રાધ્યાપક--પરીક્ષકોની લઘુતમ લાયકાત અંગે જે તે વિદ્યાશાખાના અધ્યક્ષ તરફથી આવેલ સૂચનો મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંબંધકર્તા વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૪૪. બીજી યુનિવર્સિટી કે બોર્ડની પરીક્ષાઓની અરસપરસના ધોરણે માન્યતા અંગેના રેગ્યુલેશન નં. ૧થી ૩ માટે કાર્યાલયે સૂચવેલા સુધારા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા રેગ્યુલેશન નં. ૧, ૨ અને ૩ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૬. (૧) સદરહુ બાબત નં. ૪૬ (૧)ની વિચારણા આગળ બાબત નં. ૧૪ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

(૨) સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. તબીબી વિદ્યાશાખાની તા. ૩--૯--૧૯૬૯ની સભાએ નીચેની બાબત અંગે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ભારતની યુનિવર્સિટીમાં એમ.બી.,બી.એસ. નો અભ્યાસ કરતા સિલોનના વિદ્યાર્થીઓને એક વર્ષની ઈન્ટર્નશિપ ભારતમાં અને ત્યાર બાદ સિલોનમાં રજિસ્ટર્ડ થવા માટે ફરી ૧ વર્ષ ઈન્ટર્નશિપ સિલોનમાં ફરજિયાત કરવી પડે છે, તો આમાં તેમને એક વર્ષની ઈન્ટર્નશિપમાંથી મુકિત આપવાનું બની શકે

તેમ છે કે કેમ તે અંગેનો અભિપ્રાય જાણવવા માટે અન્ડર સેક્રેટરી ટૂ ધી ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઑફ એક્સ્ટર્નલ એફેર્સના તરફથી આવેલ તા. ૨--૮--૧૯૬૯ના પત્રાંક એસ.આઈ. ૩૨૧--૧૬--૬૯ પર વિચારણા કરવા બાબત.

તબીબી વિદ્યાશાખાની તા. ૩--૯--૧૯૬૯ની સભાની ભલામણ

"This faculty resolves to recommend to approve the compulsory rotating housemenship done in the hospitals recognised by the Ceylon for a period of 1 year after passing M.B.,B.S. degree examination of this University for the purpose of qualifying for the award of M.B.,B.S. Degree of this University."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૮. તબીબી વિદ્યાશાખાની તા. ૫--૬--૧૯૭૦ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ટીચિંગ હૉસ્પિટલોમાં કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ (સી.એસ.આઈ.આર.) તરફથી નિમાતા 'પૂલ ઑફિસર્સ'ને જુનિ. લેકચરર અથવા રજિસ્ટ્રારની સમકક્ષ ગણવા અને તબીબી વિદ્યાશાખા માટે શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે કરેલા નિયમોમાં તેનો સમાવેશ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ટીચિંગ હૉસ્પિટલોમાં કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ (સી.એસ.આઈ.આર.) તરફથી નિમાતા "પૂલ ઑફિસર્સ" જો ઓછામાં ઓછું એક વર્ષ કોઈ શિક્ષણ સંસ્થામાં કાર્ય કરે તો તે પૂલ ઑફિસરને જુનિયર લેકચરર કે રજિસ્ટ્રારની સમકક્ષ ગણવા અને તબીબી વિદ્યાશાખાના શિક્ષકોની લાયકાત અંગેના ધારાધોરણના સંદર્ભમાં પૂલ ઑફિસરનો અનુભવ માન્ય ગણવો.

૫૯. તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમાના અનુસ્નાતક કેન્દ્ર માટે તબીબી વિદ્યાશાખાની ભલામણ ઉપરથી જરૂરી સ્થાનિક શિક્ષકગણ તથા માન્ય અનુસ્નાતક શિક્ષક--મદદનીશ શિક્ષક તરીકેની લઘુતમ યોગ્યતા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"આથી એકેડેમિક કાઉન્સિલને તથા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

(૧) મેડિકલ ફેકલ્ટીની ઉપરની ભલામણો પૈકી ડિપ્લોમાના અભ્યાસ માટેના અનુસ્નાતક કેન્દ્ર માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ અંગેની ભલામણમાં સૂચવાયેલી જોગવાઈ લાલના ઑર્ડિ. ૬૫--પી (૪) (૪)માં લાલ છે જ એટલે તે વિષે કંઈ કરવાપણું રહેતું નથી.

(૨) ડિપ્લોમાના અભ્યાસ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તથા મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે લઘુતમ યોગ્યતા નિયત કરવા અનુક્રમે ઑર્ડિ. ૬૫--કે (એ) Non-clinical subjects હેઠળ (૪) તરીકે તથા ઑર્ડિ. ૬૫-કે (બી) કિલનિકલ સબ્જેક્ટ્સના મથાળા હેઠળ (૭) તરીકે અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાના ઑર્ડિ.

૬૫--એમ હેઠળ આપવામાં આવેલી નોંધ (*iii*) નીચે મુજબ વંચાણ તે રીતે સુધારવી :

ઓડિ. ૬૫--કે (એ) Non-clinical subjects હેઠળ નીચેની પેટાકલમ (૪) ઉમેરવી :

The following shall be the minimum requirements for recognition as a post-graduate teacher for teaching Diploma Courses in the Faculty of Medicine and Dental Surgery:

(*i*) A teacher with a post-graduate degree with at least four years' teaching experience in the subject as an Assistant to a recognised post-graduate teacher;

OR

(*ii*) A teacher with a post-graduate Diploma in the subject with at least five years' teaching experience as an Assistant to a recognised post-graduate teacher or as a Senior Lecturer or equivalent post in a teaching college or any Recognised Institution.

ઓડિ. ૬૫--કે (બી) (clinical subjects) હેઠળ નીચેની પેટાકલમ (૭) ઉમેરવી:

The following shall be the minimum requirements for recognised as a post-graduate teacher for teaching Diploma courses in the faculty of Medicine and Dental surgery:

(*i*) A teacher with a post-graduate degree with at least four years teaching experience in the subject as an assistant to a recognised post-graduate teacher;

OR

(*ii*) A teacher with a post-graduate Diploma in the subject with at least five years' teaching experience as an Assistant to a recognised post-graduate teacher or as a Senior Lecturer or equivalent post in a teaching college or any Institution.

ઓડિ. ૬૫--એમ હેઠળની નોંધ (*iii*) સુધાર્યા મુજબ નીચે પ્રમાણે વંચાશે :

The following shall be the maximum requirements for recognition as an Assistant to a post-graduate teacher for a Diploma course in the Faculties of Medicine and Dental Surgery :

(*iii*) A post-graduate degree or Diploma in the subject concerned and having at least two years teaching experience as a Registrar or an equivalent post in a teaching college or institution."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૦. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮--૬--૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર પોસ્ટ-ગ્રેજ્યુએટ ફુલ નં. ૧ (ડી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧--૭--૧૯૬૯ની સભાની ભલામણ સિન્ડિકેટની તા. ૬/૭--૧૨--૧૯૬૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

P.-G. Rule No. 1 :

While in case of post-graduate Diploma Courses prescribed under the Faculty of Medicine, the maximum number of students that can be enrolled per teacher shall be (*a*) one per teacher or Assistant to a recognised teacher per year for degree, and (*b*) two separate for diploma per teacher or Assistant to a recognised teacher per year.

N.B.—Students admitted under concessions only for diploma are not to be included under the above rule. Students who have registered for the degree and diploma will be counted as students for degree only.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૬. ઓડિ. એમ.એસસી. ૨ (એ) અન્વયે વિષય બદલીને એમ.એસસી.ની પરીક્ષામાં ફરી બેસતાં વિદ્યાર્થીઓને વર્ગ આપવા અંગેનાં ધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૬૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨--૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૯. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૪--૧૯૭૦ની સભામાં નવી કૉલેજોની જરૂરિયાત અંગેની નીમેલી સમિતિની તા. ૭/૮--૮--૧૯૭૦ની સભાની નીચેની ભલામણોની સિન્ડિકેટે તેની તા. ૮/૯--૮--૧૯૭૦ની સભામાં નોંધ લઈને મજકૂર ભલામણો એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) (ક) ૧૯૭૧—૭૨ના વર્ષોમાં અમદાવાદ શહેર વિસ્તારમાં વિનયન કે વિજ્ઞાન કે વાણિજ્ય કે શિક્ષણ કે કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી.

(ખ) અમદાવાદ શહેર વિસ્તારમાં વિજ્ઞાનની નવી કૉલેજ માટે અવકાશ છે પરંતુ પ્રયોગશાળા ઇ. ની જરૂરી સુવિધા વેળાસર કરવામાં આવે તે આવશ્યક છે.

(ગ) સંલગ્ન કૉલેજોએ શિક્ષણ માટે અમુક બે વિદ્યાશાખાઓના સંચાલનની યુનિવર્સિટીની સામાન્ય નીતિને અનુસરીને કોઈ બે વિદ્યાશાખાઓ ધરાવતી કૉલેજના વિભાગીકરણ માટેની માગણી આવે તો તે વિચારવી જોઈએ.

(૨) ૧૯૭૧—૭૨ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી. છતાં આ વિદ્યાશાખાઓ પૈકી કોઈ વિદ્યાશાખાની કૉલેજ ન હોય અને બીજાં જે ગામોમાં સીધી કૉલેજ હોય પણ ત્યાંથી ગામ લાંબા અંતરે હોય તો તેવી કૉલેજોની જોડાણ માટેની અરજી પર વિચારણા કરવી જોઈએ.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૭૧–૭૨ના વર્ષ દરમ્યાન વિજ્ઞાનની નવી કૉલેજ માટે કોઈ અરજી આવેલી ન હોઈ તે અંગે કોઈ ભલામણ કરવાની રહેતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રથમ વર્ષ બી.એ.ના સંસ્કૃતના અભ્યાસક્રમમાં સુધારો કર્યો હોવાથી અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર અભ્યાસક્રમને લગતા રેગ્યુ. પ્રી—આર્ટ્સ--૨ તથા રેગ્યુ. આર્ટ્સ--૨માં નીચે મુજબ સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

R. Pre--Arts 2 :

Sanskrit

1. Text-Books — Prose and Poetry	..	70 marks
2. Internal Evaluation	..	30 marks

R. Arts 2 :

Sanskrit

1. Rupak 2. Kavya (Not more than 200 verses)	..	70 marks

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશન પ્રી-આર્ટ્સ--૨ તથા રેગ્યુલેશન આર્ટ્સ--૨માં ઉપર મુજબ સુધારા કરીને સુધારેલા તે રેગ્યુલેશનો મંજૂર કરવા અને તેને તા-કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭૩. બીજી એલએલ.બી.ના મરજિયાત પ્રશ્નપત્રોમાં લૉ ઑફ ટેકસેશનના બીજા પ્રશ્નપત્રમાં "સેલ્સ ટેકસ"ના કાયદામાં સુધારો થયો હોવાથી વિદ્યાશાખાના ડીનના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

For October 1970 Examination

Statutory materials for Paper II of the Law of Taxation should be (*i*) Bombay Sales Tax Act; and (*ii*) Bombay Sales Tax Rules.

For March / April 1971 Examination

Statutory materials for Paper II of the Law of Taxation should be (*i*) The Gujarat Sales Tax Act, 1969; and (*ii*) The Gujarat Sales Tax Rules, 1969.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાના ડીનનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૭૬. વાણિજ્યની વિદ્યાશાખાની તા. ૨૦--૮--૧૯૭૦ની સભાએ કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે વાણિજ્યના પ્રી-યુનિવર્સિટીથી ત્રીજા વર્ષ બી.કોમ. સુધીનું સુધારેલું માળખું આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવું અને તે ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી ક્રમશ: અમલમાં લાવવું."

(નોંધ. વાણિજ્યના માળખામાં આપેલ નવાં પેપરો અંગે લાગતીવળગતી અભ્યાસસમિતિઓને અભ્યાસક્રમ ઘડવા જણાવવું તેમજ 'બિઝનેસ મેથેમેટિક્સ'નું પેપર કોમર્સ બોર્ડ હેઠળ રાખવું અને તેનો અભ્યાસક્રમ કોમર્સ બોર્ડે તૈયાર કરવો.)

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાએ અભ્યાસક્રમ અંગે સૂચવેલું સુધારેલું માળખું મંજૂર કરવું.

૭૭. ઈતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૯--૨--૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

(૧) એમ.એ. ઈતિહાસ ભાગ ૨, ગ્રુપ 'ડી', પેપર ૮ (ઓપ્શનલ) "હિસ્ટરી ઑફ ગુજરાત"- (૧૩૦૦ થી ૧૭૭૩)ના મુદ્દા અને ભલામણ કરેલ પુસ્તકોની યાદી આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવી અને તેનો અમલ ૧૯૭૧ના વર્ષથી કરવો.

(૨) એમ.એ. ઈતિહાસ ભાગ ૨, ગ્રુપ 'ઈ', પેપર ૮ (ઓપ્શનલ) "હિસ્ટરી ઑફ ફારઈસ્ટ"- (૧૯૦૧થી ૧૯૫૦)ના મુદ્દાઓ અને ભલામણ કરેલ પુસ્તકોની યાદી આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવી અને તેનો અમલ ૧૯૭૧ના વર્ષથી કરવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦--૮--૧૯૭૦ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.કોમ.માં વર્ગ ગણવા માટે અંગ્રેજીના માર્ક્સની ગણતરી કરવી અને તે મુજબ રેગ્યુ. કોમર્સ ૧૪માં ઘટતો સુધારો કરી તેને જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૯. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૮--૨--૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એલએલ.એમ.ના જૂના અભ્યાસક્રમવાળા જે વિદ્યાર્થીઓએ એલએલ.એમ. બ્રાન્ચ ૪ માટે સત્રો ભર્યાં હોય તેમને જુનિયર અને સિનિયર એલએલ.એમ. નવા અભ્યાસક્રમમાં ગ્રુપ ત્રણમાં સત્રો ભર્યા વગર બેસવાની પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પગાર સુધારવાના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોની વર્ગ સંખ્યા અંગે કુલાધિપતિશ્રીએ આપેલા નિર્ણયને અનુલક્ષીને ઑ. ૧૨૦--બી સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિનન્સ ૧૨૦--બી મંજૂર કરવા તથા તેને ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૩. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પગાર સુધારવાના સંદર્ભમાં શિક્ષકોના કાર્યભાર અંગે કુલાધિપતિશ્રીએ આપેલ નિર્ણયને અનુલક્ષીને ઓ. ૧૨૦--એ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૧૨૦--એ આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૪. સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩--ઈ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીના નામ સાથે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તેની નીચે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરી
2. Smt. M. T. Kikani	Sanskrit : "સરસ્વતી કંઠાભરણનો આલોચનાત્મક અભ્યાસ"	Dr. R. S. Betai, Institute of Indology, Dwarka	1. Shri D. R. Mankad 2. Shri G. C. Zala 3. Shri R. B. Athavale *For Viva-voce* Shri R. B. Athavale

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના ઉપર જણાવેલા મહાનિબંધ માટે ઉપર જણાવ્યા મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૫. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિએ તેની તા. ૧૫--૧--૧૯૭૦ની સભામાં શ્રી. એન. એલ. દીપાલી તથા શ્રી. એમ. પી. પટેલના રેફરીની નિમણૂક માટે જે ભલામણ કરી હતી અને જે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫--૭--૧૯૭૦ની સભા સમક્ષ રજૂ કરી હતી તેમાં મૌખિક રેફરીની નિમણૂક માટે નીચે મુજબ સુધારો કરવા અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીના તા. ૨૬--૮--૧૯૭૦ના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

Name of the Student	*Referee for viva-voce*
1. Shri N. L. Dipali	1. Prof. B. C. Halder *OR* 2. Dr. V. V. Deshpande
2. Shri M. P. Patel	1. Prof. V. V. Deshpande *OR* 2. Dr. Ramchandra Rao.

(**નોંધ.**--અભ્યાસસમિતિએ અધ્યક્ષશ્રીને રેફરીની નિમણૂક અંગે સત્તા આપી હતી તેમ અધ્યક્ષશ્રી પત્રમાં જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના ઉપર જણાવેલા મહાનિબંધો માટે ઉપર જણાવ્યા મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૬. ટ્યુટોરિયલ્સની હાલની યોજનામાં કુલાધિપતિશ્રીના ચુકાદાને અનુલક્ષીને અસરકારક યોજના તૈયાર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૧--૭--૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮--૭--૧૯૭૦ તથા તા. ૨૭--૮--૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું અને નીચેના ક્રમાંકવાળાં કામો પરની વિચારણા મોકૂફ રહી હતી :

ક્રમાંક : ૨, ૩, ૬, ૭, ૧૦, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૧, ૨૨, ૨૪થી ૨૬, ૨૮, ૨૯, ૩૦ (૧), ૩૧ (૧) અને (૨), ૩૨, ૩૪ થી ૪૩, ૪૫, ૪૬ (૨), ૪૭ થી ૫૬, ૬૧ થી ૬૫, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૪, ૭૫, ૮૦, ૮૧, ૮૬, ૮૭ અને ૮૮.

નં. એ.કા./ ૩૨૮૪૦/ ૧૯૭૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ--૯.
નવેંબર ૧૦, ૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

ગુ.યુ. પ્રેસ ૧૪૨૧-૪૫૦-૧-૭૧

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૦ના વર્ષની ચોથી સભા, ગુરુવાર તા. ૧૯-૧૧-૧૯૭૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને શુક્રવાર, તા. ૨૦-૧૧-૧૯૭૦ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોડાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯--૧૧--૧૯૭૦	તા. ૨૦--૧૧-૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જોડાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. ક. ચ. પરીખ, કુલસચિવ	હાજર	હાજર
૩.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર
૪.	શ્રી. એન. એન. દલાલ	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. વી. એફ. શાહ	હાજર	હાજર
૬.	ડૉ. આર. એલ. વાદી	ગેરહાજર	હાજર
૭.	આચાર્ય ડી. એમ. શીખ	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. એસ. બી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૯.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૦.	આચાર્ય એચ. એમ. શુક્લ	હાજર	હાજર
૧૧.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૧૨.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૩.	પ્રો. વી. એમ. શાહ	હાજર	હાજર
૧૪.	આચાર્ય ય. પ્રા. શુક્લ	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય કે. એન. શાહ	હાજર	ગેરહાજર
૧૬.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય જે. સી. ત્રિવેદી		

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯-૧૧-૧૯૭૦	૨૦-૧૧-૧૯૭૦
૧૮.	શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૧૯.	શ્રી. ડી. એન. પાઠક	હાજર	હાજર
૨૦.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર	હાજર
૨૧.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર
૨૨.	ડૉ. તારાબહેન પટેલ	હાજર	હાજર
૨૩.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૨૪.	શ્રી. એલ. આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૫.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર
૨૬.	શ્રી. સી. પી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૭.	શ્રી. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર
૨૮.	શ્રી. જશવંત ઠાકર	હાજર	ગેરહાજર
૨૯.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	ગેરહાજર	ગેરહાજર
૩૦.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	હાજર
૩૧.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૩૨.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	હાજર
૩૩.	પ્રો. એમ. પી. પંડ્યા	હાજર	ગેરહાજર
૩૪.	આચાર્ય ડી. એસ. જોશી	હાજર	હાજર
૩૫.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	ગેરહાજર
૩૬.	આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર
૩૭.	આચાર્ય એલ. ડી. દવે	હાજર	ગેરહાજર
૩૮.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	ગેરહાજર
૩૯.	પ્રો. જી. ટી. પંડ્યા	હાજર	હાજર
૪૦.	આચાર્ય ડૉ. સી. સી. શાહ	હાજર	હાજર
૪૧.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૪૨.	આચાર્ય એમ. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૪૩.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૪૪.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૪૫.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૪૬.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪૭.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૪૮.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૪૯.	પ્રો. એચ. એસ. જૈન	હાજર	હાજર
૫૦.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	ગેરહાજર	ગેરહાજર
૫૧.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર
૫૨.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯-૧૧-૧૯૭૦	૨૦-૧૧-૧૯૭૦
૫૩.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર	હાજર
૫૪.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૫૫.	આચાર્ય બી. આર. પટેલ	હાજર	હાજર
૫૬.	આચાર્ય એફ. એલ. પ્રેગાન્ઝા	ગેરહાજર	ગેરહાજર
૫૭.	શ્રી. આર. કે. ધારૈયા	હાજર	ગેરહાજર
૫૮.	શ્રી. આર. જે. ખારા	હાજર	ગેરહાજર
૫૯.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૬૦.	ડૉ. પી. સી. વૈદ્ય	હાજર	હાજર
૬૧.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર
૬૨.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૬૩.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	ગેરહાજર.

૧. તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૦ની ત્રીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૦ની ત્રીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ (૨) અનુસાર આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલા સેનેટના કોઈ એક સભ્યને વિદ્યાશાખાનું સભ્યપદ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ (૨) અનુસાર આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ સેનેટ-સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવું.

(સદરહુ યાદીની નકલ આ સાથે **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩. સને ૧૯૭૧ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાધ્યાપક/પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણો કરવા માટેની "પરીક્ષાસમિતિ" પર એકેડેમિક કાઉન્સિલ તરફથી ઑર્ડિ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખા અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૧ની સાલમાં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રાધ્યાપક-પરીક્ષકોની નિમણૂક કરવા માટે જુદી જુદી પરીક્ષાસમિતિઓ પર ઑર્ડિ. ૬૭ હેઠળ એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

ક્રમાંક	સમિતિનું નામ	એકેડેમિક કાઉન્સિલના સભ્યો
૧.	વિનયન વિદ્યાશાખા	૧. શ્રી. એલ. આર. દેસાઈ
		૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨.	વિજ્ઞાન વિદ્યાશાખા	૧. આચાર્ય વાય. જી. નાયક
		૨. ડૉ. પી. સી. વૈદ્ય

ક્રમાંક	સમિતિનું નામ	એકેડેમિક કાઉન્સિલના સભ્યો
૩.	ઇજનેરી વિદ્યાશાખા	૧. શ્રી. કે. જે. ભટ્ટ ૨. પ્રો. એચ. એસ. જૈન
૪.	કાયદા વિદ્યાશાખા	૧. આચાર્ય એન. એસ. પંડ્યા ૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૫.	તબીબી વિદ્યાશાખા	૧. ડૉ. ઈ. એમ. બેસ્ટ ૨. ડૉ. એસ. સી. પંડ્યા
૬.	વાણિજ્ય વિદ્યાશાખા	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. આચાર્ય એસ. આર. મહેતા
૭.	ઓન્ટલ વિદ્યાશાખા	.....
૮.	ફાર્મસી વિદ્યાશાખા	.....

૪. રેગ્યુ. સાયન્સ જનરલ ૧માં પેટાકલમ ૪ પછી નીચેની પેટાકલમ ૫ ઉમેરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરી વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૨-૯-૧૯૬૯ની સભામાં ભલામણ કરી છે તે ઉપર વિચારણા કરવા બાબત :

Instead of holding practical examination every term a college if it so desires, shall have the option to assess continuously throughout the year the students in the practical work done by them in their regular periods, in which case the average marks of this assessment per term shall be accepted as the internal evaluation marking for the concerned practical work for the term.

વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ

" આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે બાબત ક્રમાંક ૫ માં પ્રાયોગિક કામ માટે જે તે વિષયમાં જે ધોરણે સૂચવ્યું છે તેના કરતાં ૨-૩ વિદ્યાર્થીની બેચ બનાવી શકે અને તે પ્રમાણે ડેમોન્સ્ટ્રેટર્સની સંખ્યા જે કૉલેજ ધરાવતી હોય તે કૉલેજ યુનિવર્સિટી સિન્ડિકેટની મંજૂરી લઈ આ વિકલ્પ બધા જ વર્ગોમાં મૂકવા તૈયાર હોય તો તે વિકલ્પનો અમલ કરે. "

(નોંધ.— વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણના સંદર્ભમાં ઉપર જણાવેલી પેટાકલમમાં નીચેનો પાઠ ઉમેરવાનો થાય :

Provided that this continuous assessment throughout the year is done, in one or more classes with prior permission of the University Syndicate in a batch of 2 to 3 students under a demonstrator and provided that the number of demonstrators is sufficient in a college for this purpose.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના હાલના નિયમોમાં કશો ફેરફાર કરવો નહિ.

૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ અગર માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાના હાલના ઑર્ડિ. ૬૫-એમ (૧)માં નીચે મુજબની જોગવાઈ ઉમેરવા તથા તદનુસાર મજકૂર ઑર્ડિનન્સને સુધારવા એકૅડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી :

Bachelor's degree	*Master's in the subject*	*Doctorate degree*	*Teaching experience as a Lecturer in the subject*
II	I	Ph.D.	2 years
I	II	Ph.D.	2 years "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઑર્ડિ. ૬૫-એમ (૧)માં ઉપર મુજબની જોગવાઈ ઉમેરીને સુધારેલા ઑર્ડિ. ૬૫-એમ (૧)ને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. શિક્ષણની અભ્યાસસમિતિએ તેની તા. ૧૪-૪-૧૯૭૦ની સભામાં નીચેની બાબતો અંગે કરેલી ભલામણો સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભાએ એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

" ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે —

(અ) બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે હાલ જે છે તે ધારાધોરણોમાં કોઈ જ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

(બ) શિક્ષણશાસ્ત્રની સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે હાલ જે પ્રથા છે તે ચાલુ રાખવી અને તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી એટલે કે સામાન્ય રીતે ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા રાખવી, પરંતુ જે કૉલેજોમાં ખાસ સંજોગોને લીધે ૨૦૦ની સંખ્યા કરવામાં આવેલી છે તે કૉલેજોમાં તે સંખ્યા ચાલુ રાખવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ (અ) સ્વીકારવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણશાસ્ત્રની કૉલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં કશો ભેદભાવ થવા પામે નહિ તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને સદરહુ બાબત ઉપર પુનર્વિચારણા કરવા માટે શિક્ષણની અભ્યાસસમિતિને જણાવવું.

૭. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇંડિયા અને સિલોન તરફથી કરવામાં આવેલી નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"Institution of an Intermediate Degree between M.A and Ph.D. for subjects in Social Sciences and Humanities in order to upgrade and maintain the standard of the Ph.D. or D.Phil. Degree."

(નોંધ. - આ સૂચન વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવામાં આવતાં આ અંગે લાલ કાંઈ કરવાની જરૂર નથી એવો અભિપ્રાય તેણે દર્શાવેલો. આ અભિપ્રાય એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ થતાં, તેણે તે પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો અભિપ્રાય મેળવવા કરાવેલું. તે અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ સમક્ષ આ બાબત રજૂ થતાં તેણે વિનયન વિદ્યાશાખાના ઉપરોક્ત મંતવ્ય સાથે સંમતિ દર્શાવી છે.)

આથી કરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો અભિપ્રાય સ્વીકારવો.

૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ની સભામાં ઑર્ડિ. ૩૨૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી કરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૨૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 321 :

Every thesis shall be examined by three referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate, the names of three referees, one of whom shall be an internal referee, i.e., the University teacher guiding the candidate's work and the other two must be external ones. On the Syndicate appointing the referees, the Registrar shall forward a copy of the thesis to each of them. Of the two external referees the first referee, and failing him, or in the event of the first referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the candidate jointly with the internal referee. All the three referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the absence of unanimity of opinion among the referees the Syndicate shall appoint a fourth referee and the Syndicate shall

after considering the reports of all the external referees decide whether the thesis is of reqiusite standard for the award of the Ph.D. Degree.

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information.

(**નોંધ.**—અગાઉ એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર સિન્ડિકેટે મંજૂર રાખેલ ઑર્ડિ. ૩૨૧ સેનેટની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૭૦ની સભાએ "રિફર-બૅક કરેલો. ત્યાર પછી બી.યુ.ટી. એ ઉપરોક્ત સભામાં ઉપર જણાવ્યા મુજબ ઑર્ડિ. ૩૨૧ સુધારવા ભલામણ કરી છે.)

સદરહુ બાબત અંગે એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભામાં વિચારણા થયેલી છે એમ સ્પષ્ટતા કરવામાં આવી, તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૯. વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૧૯-૫-૧૯૭૦ની સભામાં કરેલ નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ આપવા માટે પ્રવેશપાત્રતાના પ્રમાણપત્રમાં ફર્સ્ટ બી.એસસી.માં 'અમુક ગ્રુપ'માં પ્રવેશપાત્રતા છે એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની જરૂરત નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦. પ્રો. મણિશંકર પંડ્યાના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"જૂન ૧૯૭૧થી આર્ટ્સ ઍન્ડ કૉમર્સની સવારની કૉલેજોનો સમય બદલીને બપોરનો કરવો એટલે કે કૉલેજોને પૂરા સમયની કરવી."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તે અંગે સિન્ડિકેટે તેની તા. 3/4-10-૧૯૭૦ની સભામાં કરેલા નીચેના ઠરાવની સભાગૃહને જાણ કરવામાં આવી :

"તે અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં તા. ૧૫મી જૂન, ૧૯૭૨થી સવારના વર્ગો ચલાવવાનું બંધ કરીને તે બપોરના ભાગે ચલાવવા માટે તે વિદ્યાશાખાઓની કૉલેજોને જણાવવું."

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે બહુમતે ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની કૉલેજો સવારના ન ચલાવવી, બપોરે જ ચલાવવી તે બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને શૈક્ષણિક દૃષ્ટિએ અધ્યયન અને અધ્યાપન વધુ સંગીન બને તે અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે તથા ઉપરના સિદ્ધાંતના અમલને કારણે

ઊભા થતા પ્રશ્નો ઉપર વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય ય. પ્રા. શુકલ
(૨) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૩) આચાર્ય હરિહર શુકલ
(૪) પ્રો. મણિશંકર પંડ્યા
(૫) આચાર્ય એચ. કે. ત્રિવેદી
(૬) ડૉ. ય. ગુ. નાયક
(૭) આચાર્ય એસ. આર. મહેતા
(૮) આચાર્ય એલ. ડી. દવે
(૯) આચાર્ય એમ. સી. શાહ.

૧૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ ની સભા સમક્ષ નીચેની બાબત વિચારણા માટે રજૂ થઈ હતી :

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૩૧-૮-૧૯૬૯ની સભામાં "Qualifications of teachers for recognition in the subject of Analytical Chemistry and Petrochemicals" અંગે વિચારણા કરવા માટે નીમલી સમિતિની નોંધ તથા સદરહુ નોંધના સંદર્ભમાં ડૉ. ટી. એન. મહેતાએ જે સૂચનો કર્યાં છે તે પર વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત સમિતિની નોંધના સંદર્ભમાં ડૉ. ટી. એન. મહેતાએ કરેલ સૂચનો પર વિચારણા કરવામાં આવેલ.

આ અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે કરેલી નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિની ભલામણો સ્વીકારવા તથા તે ભલામણોના આધારે જરૂરી પગલાં લેવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટેની લાયકાતના ધોરણને લગતા ઑર્ડિનન્સ ૬૫-એચ જે તે વિદ્યાશાખાની ભલામણ અનુસાર સાથે આપેલા પરિશિષ્ટ પ્રમાણે સુધારવાની વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઉપરની વિદ્યાશાખા સિવાયની વિદ્યાશાખાઓ માટે હાલનો ઑર્ડિ. ૬૫-એચ અસ્તિત્વમાં રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાઓના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક તરીકે માન્યતા માટેનાં ધોરણો અંગેનો ઑર્ડિ. ૬૫--એચ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડ. ૬૫-એચની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૩. શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણો પરથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણ

આથી ભલામણ કરવામાં આવે છે કે—

૧. અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી શિક્ષણની કૉલેજોમાં એમ.એડ. માટે શિક્ષક અને વિદ્યાર્થી એનું પ્રમાણ ૧ : ૩ રાખવું અને મુલાકાતી શિક્ષક અને વિદ્યાર્થીઓનું પ્રમાણ ૧ : ૧ રાખવું.

૨. અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી શિક્ષણની કૉલેજોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકોનો કાર્યબોજ હાલ વિનયન વિદ્યાશાખાના શિક્ષકો માટે જેમ છે તે જ શિક્ષણ માટે લાગુ પાડવો.

૩. શિક્ષણશાસ્ત્રનાં અનુસ્નાતક કેન્દ્રોમાં માત્ર ખંડ સમયનો અભ્યાસક્રમ શીખવી શકાય, પૂર્ણ સમયના અભ્યાસક્રમ માટે અલગ સ્ટાફની જરૂર રહેશે.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે—

૧. શિક્ષણની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ ક્રમાંક ૧ સ્વીકારવી.

૨. શિક્ષણ સમિતિની ભલામણ ક્રમાંક ૨ હાલના નિયમો હેઠળ તેનો સમાવેશ થઈ જતો હોવાથી ઉમેરવાની આવશ્યકતા લાગતી નથી.

૩. શિક્ષણની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ ક્રમાંક ૩ માં કરવામાં આવેલા સૂચનની બાબતમાં પૂર્ણ સમયના શિક્ષણનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે કેન્દ્ર સ્થાપવાની અરજી આવ્યેથી વિચારવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. ૧ મંજૂર કરવી તથા ભલામણ નં. ૨ અને ૩ની નોંધ લેવી.

૧૪. ઑર્ડિ. ૬૮ના પેરા હેઠળ નીચેનો ભાગ ઉમેરીને તે ઑર્ડિ. સુધારવા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Provided that a post-graduate teacher, working in an affiliated college or a recognised institution or a University Department in the Gujarat University area and having not less than five years as a post-graduate teacher standing may, on the recommendation of the Board of University Teaching and on being approved by the Syndicate, be permitted to do his / her research work for his / her Ph.D. degree in his / her own specialised subject independently."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૮ના પેરા નં. ૧ હેઠળ ઉપરના પ્રોવિઝો ઉમેરીને સદરહુ ઑર્ડિનન્સ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. નીચે મુજબનો સ્ટે. ૧૧૮-એ મંજૂર કરવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ-ની તા. ૪-૬-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

One-third of the total number of members of the Board shall constitute quorum for the meeting of the Board of University Teaching and all questions shall be decided by a majority of votes of the members present.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણ મુજબ સ્ટે. ૧૧૮-એ નીચે મુજબ વંચાય તે રીતે મંજૂર કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

St. 118-A :

One-third of the total number of members of the Board shall constitute quorum for the meeting of the Board of University Teaching and all questions shall be decided by a majority of votes of the members present.

૧૬. પ્રિ. એલ. ડી. ફ્રંચેના તા. ૬-૭-૧૯૬૯ના પત્રથી આવેલા નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

(*a*) "In view of the fact that the Gujarat University has not established any machinery to check the prevalent evil of Private coaching by College and University Teachers the resolution passed by this House in this connection be rescinded."

(*b*) " This House requests the Syndicate to take necessary steps to implement the resolution of this House regarding Private coaching by College and University Teachers."

નોંધ.—એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવનો પાઠ નીચે મુજબ છે :

" આ યુનિવર્સિટી સાથે ન્હેડાયેલ કોઈ પણ કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનમાં કામ કરતા કોઈ પણ શિક્ષક બાનગી ટ્યૂશન કરી શકશે નહીં કે તાલીમ વર્ગ (કોચિંગ ક્લાસ) ચલાવી શકશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. તા. ૧૩-૧૦-૧૯૬૯ના રોજ મળેલ મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિએ એમ.એ. ભાગ ૨ની પરીક્ષાના ડિઝર્ટેશન તપાસવાની બાબતમાં કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

" રિસર્ચ વર્ક કર્યું હોય તેવા શિક્ષકોને જ ડિઝર્ટેશન તપાસવાનું કાર્ય સોંપવું."

[**નોંધ.**—(અ) પરીક્ષક થવાની લાયકાત અંગેના હાલના ધોરણમાં સંશોધનકાર્ય કરેલું હોવું આવશ્યક નથી.

(બ) એમ.એ. સમાજશાસ્ત્ર વિષયમાં મહાનિબંધ માટે અલગ પેનલ હોય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. આચાર્ય એમ. સી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"Resolved that no affiliation be hereafter granted to any College combining two or more faculties and that existing colleges combining two or more faculties be bifurcated with effect from June, 1973."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આચાર્ય એમ. સી. દેસાઈએ સભાગૃહની સંમતિથી પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો, તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૧૯. ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

૧. "પીએચ.ડી.ના રજિસ્ટ્રેશન માટે એક વિષયના એમ.એસસી. થયેલા વિદ્યાર્થીને તેના વિષયને અનુષંગી બીજો કોઈ વિષય લેવાની છૂટ જે તે વિદ્યાશાખાના ડીનની સંમતિ લઈ આપવી."

૨. "રૂ. ૧૦૦ની ડિપોઝિટ લઈ પ્રિન્સિપાલની ભલામણથી કોઈ પણ વિદ્યાર્થીને તેના પરીક્ષાના પેપરોની (ગમે તે એક વિષયના) ફેરતપાસણી કરી સિન્ડિકેટની સંમતિથી પરિણામ સુધરતું હોય તો તે માટે મંજૂરી આપવી."

૩. "અમદાવાદમાં જો કોઈ કૉલેજ સુસજ્જ લેબોરેટરી તથા લાઈબ્રેરીની સગવડ ધરાવતી હોય તો તેને પોસ્ટ-ગ્રેજ્યુએટ વર્ગો ચલાવવા છૂટ આપવા માટે યોગ્ય પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. ૧ અને ૨ની વિચારણા મોકૂફ રાખવી.

(**નોંધ.**—ડૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. ૩ અંગે એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભામાં જરૂરી વિચારણા થયેલી છે એમ સ્પષ્ટતા કરવામાં આવી, તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.)

૨૦. પ્રો. પી. એફ. પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

૧. "ચાલુ સાલે એફ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં "ડમી" પદ્ધતિના કરેલા પ્રયોગનું પરિણામ, યુનિવર્સિટી તરફથી લેવાતી થિયરીની પરીક્ષામાં કેટલો સડો વ્યાપ્ત છે તેનું નિર્દેશન કરે છે. આવો જ સડો બલ્કે તેના કરતાં વધારે સડો પ્રાયોગિક પરીક્ષાઓમાં વ્યાપ્ત છે. તેથી પ્રાયોગિક પરીક્ષાઓનું મહત્ત્વ (માર્ક્સનો કવોટા) ઘટાડી, ઘટાડેલા માર્ક્સનો કવોટા થિયરીમાં નાખવા આ સભાને હું ભલામણ કરું છું."

૨. "પ્રાયોગિક પરીક્ષાઓમાં મોડરેશન પદ્ધતિ નહિ હોવાને કારણે તેમાં સારો એવો સડો વ્યાપ્ત છે. આથી હું આ સભાને ભલામણ કરું છું કે પ્રાયોગિક પરીક્ષામાં મોડરેશન દાખલ કરવું અને પ્રાયોગિક પરીક્ષા એવી રીતે લેવાય કે જેથી તેનું વધુમાં વધુ મોડરેશન શક્ય બને."

૩. "આંતરિક મૂલ્યાંકન પદ્ધતિમાં સારો એવો સરો વ્યાપ છે એ નિર્વિવાદ છે. છતાં આંતરિક મૂલ્યાંકન પદ્ધતિને પોતાની આગવી ઊજળી બાજુ પણ છે. આ બંને પાસાં ધ્યાનમાં લેતાં આંતરિક મૂલ્યાંકનમાં નિયત કરેલા માર્કસની ટકાવારી (૩૦ ટકા) વિષે ફેરવિચારણા કરી, તેનું મહત્ત્વ (weightage) ઘટાડવા આ સભાને હું ભલામણ કરું છું."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રો. પી. એફ. પટેલના ઉપરના પ્રસ્તાવ નં. ૧ અને ૨ વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવા.

(૨) પ્રો. પી. એફ. પટેલના ઉપરના પ્રસ્તાવ નં. ૩ અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આંતરિક મૂલ્યાંકન અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહિ.

૨૧. બેચલર પરીક્ષણની પદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવા બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૨. સેનેટની તા. ૨૫-૨૬-૨૭ માર્ચ ૧૯૭૦ના રોજ મળેલ વાર્ષિક સભામાં નીચેનો ઑર્ડિ. ૩૨૧ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

O. 321 :

Every thesis shall be examined by three referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate, the names of three referees, one of whom shall be an internal referee, i.e., the University teacher guiding the candidate's work and the other two must be extenal ones. On the Syndicate appointing the referees, the Registrar shall forward a copy of thesis to each of them. Of the two external referees the first referee, and failing him, or in the event of the first referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the candidate jointly with the internal referee. All the three referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the absence of unanimity of opinion among the referees, the Syndicate shall appoint a fourth referee and the Syndicate

shall after considering the reports of all the external referees decide whether the thesis is of requisite standard for the award of the Ph.D. degree.

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information."

સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૯-૧૯૭૦ની સભામાં વિચારણા થયેલી છે એમ સ્પષ્ટતા કરવામાં આવી, તેથી તે પરત્વે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

૨૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૭૯ની સભાએ ભૌતિક-વિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે બાકીમાં બાકી ફુરજિયાત પાંચ તાસ અઠવાડિયાના રાખવા કરેલી ભલામણ અંગે વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૯ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ વિદ્યાશાખા ઠરાવે છે કે ભૌતિકવિજ્ઞાનના વિષયમાં અઠવાડિયાના કુલ પાંચ તાસને બદલે ચાર તાસ રાખવા, પરંતુ બે તાસની પુનર્વિચારણાના પ્રશ્ન અથવા વિષયોની એકસૂત્રતાની દૃષ્ટિએ જરૂરી જણાય તો, એકેડેમિક કાઉન્સિલે તે અંગે વિચારવું."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કેટલાક સભ્યોએ સ્પષ્ટતા કરી કે આ પ્રશ્ન હાલ વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા હેઠળ છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ આવ્યેથી તે સાથે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૨૪. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૯-૬-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"જૂન ૧૯૭૦થી અમલમાં આવતા પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી. ગણિત વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે પેપર દીઠ બાકીમાં બાકી ચાર તાસ (પિરિયડ) રાખવામાં આવે તેવી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. સંગીત-નૃત્ય-નાટ્યવિદ્યાનો અભ્યાસક્રમ શીખવતી કૉલેજો-સંસ્થાઓને જરૂરી શિક્ષકગણ રાખવા અંગેના યુનિવર્સિટીના નિયમો હળવા કરવા અંગેના તેમ જ આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને ૧૫૦૦ની નિયત સંખ્યામાં ન ગણવામાં આવે એ અંગેના આચાર્યશ્રી વાય. પી. શુકલે તેમના તા. ૨૨-૪-૧૯૭૦ના પત્રથી કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો સ્વીકારવાં નહિ.

૨૬. ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમના સંદર્ભમાં ડિગ્રી કક્ષાના શૈક્ષણિક અનુભવ અંગે સ્પષ્ટતા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યા-ભવનોના શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધારાધોરણોમાં જ્યાં જ્યાં પોસ્ટ-ઇન્ટરમીડિયેટ કક્ષાનો શૈક્ષણિક અનુભવ આવશ્યક ગણવામાં આવ્યો છે ત્યાં ત્યાં તે અનુભવ ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમના સંદર્ભમાં ત્રીજા અને/અથવા ચોથા વર્ષનો એટલે કે એસ.વાય. અને/અથવા ટી.વાય.ના વર્ગોનો શૈક્ષણિક અનુભવ ગણવો.

૨૭. અંગ્રેજીનો અભ્યાસસમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ ઇન ઇંગ્લિશનો અભ્યાસક્રમ શીખવવા માટે શૈક્ષણિક લાયકાત અંગ્રેજીના અનુસ્નાતક શિક્ષક અથવા મદદનીશ અનુસ્નાતક શિક્ષકની લાયકાતના ધોરણ મુજબ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ ઇન ઇંગ્લિશ માટેનો અભ્યાસક્રમ શીખવવા માટે પૂર્વસ્નાતક કક્ષાના અંગ્રેજીના લેક્ચરર અને/અથવા પ્રોફેસર પર્યાપ્ત ગણવા કે કેમ તેની પણ વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સદરહુ બાબત અંગ્રેજીની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવી.

૨૮. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૪–૮–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના કન્ટેન્ટ વિષય શીખવવા માટેના સ્ટાફ ઉપર અત્યાર સુધી યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાતવાળી વ્યક્તિ ન હોય તો જે અધ્યાપકોએ તે વિષયને બી.એ.,બી.એસસી. કક્ષાએ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને તે વિષય માધ્યમિકશાળાના દશમા કે અગિયારમા ધોરણમાં ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી શીખવ્યો હોય તે અધ્યાપકને એ વિષય બી.એડ.માં શીખવવા માટે લાયક ગણવા.

એ ઉપરાંત જો કોઈ માધ્યમિક શાળાના શિક્ષક એ વિષય બી.એ., બી.એસસી. કક્ષાએ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને માધ્યમિક શાળાના દશમા કે અગિયારમા ધોરણમાં તે વિષય દશ વર્ષ સુધી શીખવ્યો હોય તો તે શિક્ષકને જો તે બી.એડ. થયેલ હોય તો તે વિષય બી.એડ.માં શીખવવા માટે ખંડ સમયના અધ્યાપક તરીકે માન્ય ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૯. સિન્ડિકેટની તા. ૬/૭–૯–૧૯૬૯ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના સિવાયની ઇતર વિદ્યા-શાખાઓની કૉલેજોના આચાર્યોની ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેનો હાલનો નિયમ

ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવા :

Minimum qualifications for appointment to the post of a Principal in the affiliated college in any Faculty

The Principal of an affiliated college shall hold at least the minimum qualifications necessary for recognition as a post-graduate teacher (full-fledged post-graduate teacher) in a subject (1) included in the faculty concerned as per provisions under St. 99 and (2) included in the syllabus for the final year of the degree course either as a compulsory or as an optional subject in the faculty.

Provided that in the faculties of Medicine and Technology including Engineering, a Principal of an affiliated colloge shall have at least 10 years' teaching experience of which not less than 5 years' teaching experience must be as a Professor in an affiliated college in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering, as the case may be.".

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩૦. પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવીઓ ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકેની નિમણૂકોને મંજૂરી આપવાની બાબતમાં નીચે જણાવેલી પદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

"પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવીઓ ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકે નિમણૂક અંગે પ્રત્યેક કેસના ગુણદોષ તપાસીને નીચે જણાવેલી સમિતિની ભલામણોને આધારે ઘટતો નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) સંબંધકર્તા વિદ્યાશાખાના અધ્યક્ષ

(૨) સંબંધકર્તા અભ્યાસસમિતિના અધ્યક્ષ

(૩) કુલપતિ-નિયુક્ત એક નિષ્ણાત."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવીઓ ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકે નિમણૂક કરતી વખતે કુલપતિશ્રીને યોગ્ય લાગે તેવા નિષ્ણાત અથવા નિષ્ણાતોની સલાહ લઈને જરૂરી નિર્ણય લેવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૩૧. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ આ સભાગૃહે તેની તા. ૨૬-૮-૧૯૬૮ની સભામાં વિનયન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલેલ તે અંગે તે વિદ્યાશાખાએ કરેલા નીચેના ઠરાવોને અનુલક્ષીને સદરહુ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"બી.કૉમ. થયા પછી જો કોઈ વિદ્યાર્થીને બી.એ.માં પ્રવેશ મેળવવો હોય તો તેને દ્વિતીય વર્ષ બી.એ.માં પ્રવેશ આપવો અને અંગ્રેજી અને જનરલ એજ્યુકેશનની પરીક્ષાઓમાંથી મુક્તિ આપવી.

પ્રથમ વર્ષ બી.એ.નાં પેપરો માટે 'બી.એ. પછી બી.કોમ.ની જોગવાઈ છે' તેવી જોગવાઈ આ વિદ્યાર્થીને પણ લાગુ પાડવી."

વિનયન વિદ્યાશાખાનો ઠરાવ—તા. ૪-૯--૧૯૬૮

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવ સાથે આ વિદ્યાશાખા સહમત છે અને તે અંગેની ઘટતી જોગવાઈ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

વિનયન વિદ્યાશાખાનો તા. ૨--૯--૧૯૬૯ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ તરફથી પુનર્વિચારણાના મુદ્દાના અભાવે આ વિદ્યાશાખાના અગાઉના ઠરાવને વળગી રહે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજના આચાર્યનો ઉપરનો પ્રસ્તાવ સ્વીકારવો અને તે મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી સુધારાવધારા કરીને તે બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૩૨. ઑર્ડિ. ૭ સુધારવાની તથા આ અંગેનો બીજો ઑર્ડિ. ૧-એ રદ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૯-૨-૧૯૬૯ની સભાની ભલામણ સિન્ડિકેટની તા.૩૦/૩૧-૫-૧૯૬૯ની સભાએ વાણિજ્ય વિદ્યાશાખાને પુનઃ વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગેની વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩-૯-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. Com. 7 :

"A candidate who has passed the B.Com. Examination of this University will be permitted to appear in any of the additional optional subjects, and will on passing in such an additional subject, be awarded a degree to that effect. A candidate will have to appear simultaneously or in part in the additional optional subject at F.Y. B.Com., S.Y. Bom., and T.Y. Bom. Examination and shall be declared to have passed if he secures 36 % or more marks at every paper. Such a candidate who secures at the first trial 60 % of the total marks will be placed in first class if he has got First Class at the B.Com. level and such a candidate who secures at first trial 48 % of the total marks will be placed in Second Class, if he has got Second Class at the B.Com. level. Such a candidate will not be eligible for any prize or any other award."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧-એ રદ કરવા અને ઑર્ડિ. કૉમ. ૭ ઉપર મુજબ પંચાયે તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૩. અંગ્રેજીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બી.એ.ની પરીક્ષા અર્થશાસ્ત્ર મુખ્ય વિષય લઈને પાસ થયેલા વિદ્યાર્થીઓ બી.કૉમ.ના બીજા વર્ષમાં દાખલ થયા પછી થર્ડ બી.કૉમ.ના વર્ગમાં આવે ત્યારે તેમને માટે થર્ડ બી.કૉમ.ના અંગ્રેજીના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ નીચે મુજબ રાખવા તથા તે માટે ઑ.ડ. કૉમર્સ ૫-બીમાં જરૂરી સુધારાઓ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(1) Business Letters relating to complaints and adjustments, Sales and Circular, collection.
(2) Banking and Secretarial Correspondence and drafting of speeches.
(3) Business Report Writing by individuals and Committees.
(4) Market reports and Questionnaires for Economics and Business survey.

N.B.—Students under this course will not be required to study any prescribed text."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ ઑ.ડ. કૉમર્સ ૫-બીમાં ઉપર મુજબ સુધારો કરીને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ચોથી પંચવર્ષીય યોજનાના ગાળા દરમ્યાન જર્મન અથવા ફ્રેન્ચ અને રશિયન ભાષાના વ્યાખ્યાતાઓની એક એક જગ્યા ભાષા-સાહિત્ય ભવન માટે મંજૂર કરેલ છે. આ જગ્યાઓ ૧૯૭૩-૭૪ના વર્ષથી ભરવાનું વિચારાયેલું હોઈ તે ભાષાઓના અભ્યાસક્રમો ઘડવાનું વિચારવા બાબત.

(નોંધ.—જર્મન અને ફ્રેન્ચ એ બેમાંથી કઈ ભાષાનો અભ્યાસ ભવનમાં દાખલ કરવા માગીએ છીએ તે પ્રથમ નક્કી કરી તે બેમાંથી એકનો અભ્યાસક્રમ ઘડવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં જર્મન, ફ્રેન્ચ અને રશિયન ભાષાઓના વ્યાખ્યાતાની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગે નીચેનો નિયમ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

"The minimum qualifications for appointment to the post of of a Lecturer in German, French and Russian in University School of Languages shall be as follows :

Master's Degree in Second Class in German or French or Russian, as the case may be and two years' teaching experience provided that it shall be competent for the Syndicate to relax the above qualifications in special cases."

૩૫. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૮-૧૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, લલિતકળાનો વિભાગ યુનિવર્સિટી કક્ષાએ શરૂ કરવા અંગે એકૅડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં લલિતકળાનો વિભાગ શરૂ કરવાનો પ્રસ્તાવ સૈદ્ધાન્તિક રીતે સ્વીકારવો અને પાંચમી પંચવર્ષીય યોજનામાં તે અંગે ઘટતી વિચારણા કરવાનું રાખવું.

૩૬. ક્રિમિનોલોજી ઍન્ડ ફૉરેન્સિક સાયન્સનો અભ્યાસક્રમ શરૂ કરવાના શિક્ષણ-નિયામક, અમદાવાદના સૂચન પર એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭/૧૮-૯-૧૯૬૯ની સભામાં સદરહુ બાબત અંગે નીમેલ સમિતિની તા. ૨૭-૪-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Looking to the various courses of other Universities this Committee is of opinion that the study of this subject (Criminology & Forensic Science) can be done by establishing an independent department in this University."

આથી ઠરાવવામાં આવે છે કે ક્રિમિનોલોજી ઍન્ડ ફૉરેન્સિક સાયન્સના અભ્યાસક્રમ માટે જુદો વિભાગ શરૂ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરી શકાય એમ નથી.

૩૭. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૯ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"This faculty recommends that—

(1) The maximun strength of a batch for Practicals in (*i*) Chemistry, (*ii*) Physics, (*iii*) Biology in Pre-University Science Classes should be 30, 30 and 30 students respectively.

(2) The maximum strength of a batch for Practicals in (*i*) Chemistry, (*ii*) Physics, (*iii*) Biology in F.Y.B.Sc. Classes should be of 30, 30 and 20 students respectively.

(3) The maximun strength of a batch for practicals in S.Y.B.Sc. Classes in (*i*) Chemistry, (*ii*) Physics, (*iii*) Botany, (*iv*) Zoology, and (*v*) Microbiology and all other subjects should be 30 for Chemistry and 30 for Physics and 20 for all other subjects.

(4) The maximum strength of a batch for Practicals in T.Y.B.Sc. Classes in (*i*) Chemistry, (*ii*) Physics, (*iii*) Botany, and (*iv*) Microbiology and other subjects should be 30 in Chemistry and 20 in all other subjects."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૮. વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી/ડેમોન્સ્ટ્રેટરનું પ્રમાણ પ્રત્યેક વર્ગ દીઠ અને પ્રત્યેક બેચ દીઠ શું હોવું જોઈએ તે નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય નીચે પ્રમાણે છે :

(1) The students-Demonstrator ratio at the Pre-Science & First B.Sc. Classes should be 30 : 1 i.e., one Demonstrator for a batch of 30 students.

(2) It will be very much desirable to have a 25 : 1 ratio at Second B.Sc. class while 20 : 1 ratio at Third B.Sc. Class, i.e., one Demonstrator for 25 students and one Demonstrator for 20 students for Second and Third B.Sc. Class respectively.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે સદરહુ વિદ્યાશાખાના અધ્યક્ષે સૂચવ્યા મુજબ શિક્ષક-વિદ્યાર્થીનું પ્રમાણ રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૯ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે વિજ્ઞાનના વિષયોમાં થિયરી માટે નીચે પ્રમાણે ગુણાંકનું વિભાજન રાખવું :

પ્રી-યુનિ. સાયન્સ	...	૩૪ + ૬ = ૪૦
એફ.વાય.બી.એસસી.	...	૩૪ + ૬ = ૪૦
એસ.વાય.બી.એસસી.	...	૩૪ + ૬ (ગૌણ વિષય) } ૧૭ + ૩ (મુખ્ય વિષય) } = ૬૦
થર્ડ બી.એસસી.	...	૮૫ + ૧૫ = ૧૦૦ "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૪૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૯ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"પરીક્ષાર્થી એમ.એસસી.ના જે પેપર(પ્રેક્ટિકલ એક પેપર ગણાશે)માં ૪૮ ટકા માર્ક્સ મેળવે તો તે મુક્તિનો હકદાર બનશે. જો બધા વિષયોમાંથી માત્ર એક જ વિષય, ઉપરના નિયમ પ્રમાણે બાકી રહે તો તે પાર્ટ ૨માં જવાનો અધિકારી થશે. (આ નિયમ અત્યારના પાર્ટ ૨માં ટર્મ રાખવાની પરવાનગી આપવાના નિયમને બદલે છે.)"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી નહિ.

તે પછી સભાગૃહનું કામકાજ ગુરુવાર, તા. ૧૯-૧૧-૧૯૭૦ના રોજ બંધ રાખવામાં આવ્યું અને શુક્રવાર, તા. ૨૦-૧૧-૧૯૭૦ના રોજ સભાગૃહ ફરીથી મળતાં યાદી ઉપરની બાકીની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૪૧. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૯ની સભાએ એમ.એસસી. પાર્ટ ૨ની પરીક્ષા માટે કરેલ નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"This faculty recommends that—

(1) the dissertation be assessed jointly by two Examiners one of whom should be the guide under whom the candidate has worked.

(2) marks are assigned from 150, and should be assigned after viva, which should be held alongwith the practical examination of other candidates."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. ભાગ ૨ની પરીક્ષામાં ડિઝર્ટેશનની પરીક્ષા અંગે નીચે મુજબનો નિયમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(1) Every dissertation be assessed jointly by two examiners one of whom should be the guide under whom the candidate has worked.
(2) Marks be assigned from 150, and should be assigned after viva.

૪૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે કૉલેજ-જોડાણ સંબંધી હાથ ધરેલ કાર્યવાહી બાબતમાં શિક્ષણ અને મજૂર ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલ પત્રની સિન્ડિકેટે તેની તા. ૬-૧૨-૧૯૬૯ની સભામાં નોંધ લઈ એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પત્રનો સંદર્ભકર્તા ભાગ નીચે મુજબ છે :

.....in accordance with sub-section (4) of section 33 of the Gujarat University Act, 1949 where in application for affiliation or any part thereof is refused the grounds for such refusal have to be stated. It has been observed that the University does not furnish reasons for its recommendation to refuse an application for affiliation, although where Government refuses an application or any part thereof, the grounds of such refusal have to be stated. I am, therefore, to request you to move the University to consider the matter in light of provisions of the Gujarat University Act, and to adopt the procedure of giving the grounds for recommending refusal of an application for affiliation.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. તબીબી વિદ્યાશાખાની તા. ૫–૬–૧૯૭૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"This faculty strongly feels that students of the condensed M.B.,B.S. Course be exempted from Internship or compulsory rotating housemanship of one year duration."

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે સદરહુ બાબત અંગે તેના તા. ૭–૫–૧૯૬૯ના પત્રથી લીધેલા વાંધા અંગે તબીબી વિદ્યાશાખાનું ધ્યાન ખેંચવું અને તેના સંદર્ભમાં સદરહુ બાબત પર પુનર્વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે જણાવવું.

૪૪. પરીક્ષા-પદ્ધતિ સુધારણા અન્વયે કાર્યાલયે સૂચવેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

૧. જે તે વિષયના પ્રશ્નપત્રની ગુણવત્તા તેમ જ હેતુલક્ષિતા જળવાઈ રહે તે દૃષ્ટિએ અભ્યાસ-સમિતિઓને જુદી જુદી પરીક્ષાઓ માટે દરેક વિષયવાર જે અભ્યાસક્રમની વિગતો તૈયાર કરે છે ત્યાં તે અભ્યાસક્રમ શીખવવા માટેના હેતુઓ (ઓબ્જેક્ટિવ) સ્પષ્ટ રીતે જણાવવા સૂચવવું.

૨. પૂર્વસ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં જે તે વિષયના અધ્યક્ષો હાલના નિયમો મુજબ ૫૦ ટકા પરીક્ષકોને બોલાવી કૃપાગુણનો લાભ વિચારી છેવટનું પરિણામ તૈયાર કરી આપે છે. આ પ્રથામાં એકધારું ધોરણ રહેતું ન હોવાથી તેમ જ કૃપાગુણ આપવા બાબતમાં યુનિવર્સિટીના પોતાના ઑર્ડિ. ૧૩૮, ૧૩૯ અને ૧૪૦ હોવાથી આવી સભા બોલાવવાની પ્રથા બંધ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઉપરનું સૂચન નં. ૧ જે તે વિષયની અભ્યાસસમિતિઓની વિચારણા માટે મોકલવું.

(૨) ઉપરનું સૂચન નં. ૨ સિન્ડિકેટ તેની તા. ૩/૪–૧૦–૧૯૭૦ની સભામાં બાબત નં. ૩૨થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવું.

૪૫. તા. ૨૫–૧૦–૧૯૬૯ની એકાઉન્ટિંગની અભ્યાસસમિતિની ભલામણ ઉપર તા. ૫/૬–૨–૧૯૭૦નો વાણિજ્ય વિદ્યાશાખાની સભાએ કરેલ ભલામણો પૈકી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

અભ્યાસસમિતિની ભલામણ

૧. દરેક પરીક્ષક પાસેથી સમયસર રિપોર્ટ મંગાવી લેવા ઘટતું કરવું અને જેમની પાસેથી સમયસર રિપોર્ટ ન આવે તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવા ઘટતું કરવું. બોર્ડ સમક્ષ જે રિપોર્ટ આપવામાં આવે છે તે માત્ર ચેરમેનના રિપોર્ટ જ હોય છે તેની સાથે જે તે પરીક્ષકના રિપોર્ટ પણ બોર્ડને આપવા જરૂરી છે.

૨. નિયત સમગ્ર અભ્યાસક્રમને આવરી લે તેવા પ્રશ્નપત્રો કાઢવા અને જ્યાં ઓપ્શન આપે ત્યાં ઇન્ટર્નલ ઓપ્શન આપે તેવી ભલામણ છે. ઓછામાં ઓછો એક ઓબ્જેક્ટિવ પ્રશ્ન ફરજિયાત પૂછવાનું રાખે અને આ ભલામણોનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાથી થાય તે પ્રમાણે ઘટવું કરવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સિન્ડીકેટે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં બાબત નં. ૩૨થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૬. તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભામાં યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં ત્રણ મહિનાથી માંડી બે વર્ષ સુધીના કેટલાક વ્યવસાયલક્ષી (જોબ ઓરિયેન્ટેડ) અભ્યાસક્રમો સૂચવવા તથા નિવૃત્ત લશ્કરી અધિકારીઓ માટે પણ જુદા જુદા અભ્યાસક્રમો કરવાની જરૂર જણાય તો તે રજૂ કરવા નીમેલ સમિતિની ભલામણો સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં આ બાબત લાગતીવળગતી વિદ્યાશાખાઓને વિચારણા માટે મોકલેલ. તે અંગે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓએ કેટલાક અભ્યાસક્રમોની વિગતો તૈયાર કરવા જે તે અભ્યાસસમિતિઓને ભલામણ કરી છે. આ અભ્યાસક્રમો પૈકીના કેટલાક અભ્યાસક્રમો સરકાર પોતાની મારફતે ચલાવવાની છે તો આ અભ્યાસક્રમો પૈકીના કયા અભ્યાસક્રમો કઈ કક્ષાએ યુનિવર્સિટીએ શરૂ કરવા તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— વિદ્યાશાખાઓના ઠરાવો તથા સરકારશ્રી જે અભ્યાસક્રમો શરૂ કરવાની છે તે માહિતી આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચેના મુદ્દાઓ લક્ષમાં લઈને પોતાની ભલામણ રજૂ કરવા માટે જે તે અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

(૧) રાજ્ય સરકારે જે અભ્યાસક્રમો શરૂ કર્યા છે તે યુનિવર્સિટીમાં બેવડાય નહિ તે લક્ષમાં લઈને બાકીના અભ્યાસક્રમોની ટૂંકી રૂપરેખા.

(૨) અભ્યાસક્રમનું સ્વરૂપ અને તેનો સમય-ગાળો.

(૩) અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ.

બાબત નં. ૪૭, ૫૮, ૭૬ અને ૭૭ની વિચારણા એકીસાથે કરવામાં આવી.

૪૭. એમ.એ. ની પરીક્ષામાં ૩૬ ટકા ગુણ મેળવનારને પાસ વર્ગ આપવાની પ્રથા દાખલ કરવા અંગે શ્રી. આર. બી. શાહે તેમના તા. ૪-૮-૧૯૭૦ના પત્રથી કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

૫૮. શ્રી. આર. બી. શાહના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

એમ.એ.માં હાલમાં જે સેકન્ડ ક્લાસ માટે જે ૪૮ ટકા મેળવવાનું ધોરણ છે તેના બદલે સેકન્ડ ક્લાસ માટે ૪૫ ટકાનું ધોરણ રાખવું, અને આ પ્રમાણે જે નવો નિર્ણય લેવાય તે ચાલુ સાલમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય.

૭૬. આચાર્ય કે. એમ. તલાટી તરફથી તેમના તા. ૨૦-૭-૧૯૭૦ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" એમ.એ., એમ.એસસી. ઍન્ડ એમ.કૉમ. પરીક્ષાઓમાં ત્રીજો વર્ગ નીચેના ધોરણે દાખલ કરવાની લાગતાંવળગતાં મંડળોને આ સભા ભલામણ કરે છે.

દરેક પેપર અને જ્યાં જરૂર હોય ત્યાં પ્રેક્ટિકલમાં ઓછામાં ઓછા ૨૫ ટકા અને કુલ ૩૬ ટકા માર્ક્સ."

૭૭. આચાર્ય એસ. આર. ભટ્ટ તરફથી તેમના તા. ૧૯-૭-૧૯૭૦ના પત્રથી આવેલ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની અનુસ્નાતક પરીક્ષાઓમાં પાસ વર્ગ દાખલ કરવા અંગેના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" This meeting of the Academic Council resolves to recommend to appropriate authorities of the University that Pass Class (36 per cent) be introduced at the post-graduate examinations of our University in the Faculties of Arts, Science and Commerce."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., એમ.એલ.ડબલ્યુ. અને એમ.એડ.ની પરીક્ષાઓ (પાર્ટ ૧ અને ૨)માં પાસ વર્ગની પ્રથા ફરીથી દાખલ કરવા અને તે માટેના સંબંધકર્તા રેગ્યુલેશનો આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(સંબંધકર્તા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૮. સુધારેલ સ્ટે. ૧૧૮ (૭) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઉપર ફાર્મસી અને ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાઓમાંથી માન્ય અનુસ્નાતક શિક્ષક તેમ જ સેનેટના સભ્ય હોય તેવા એક એક સભ્યની નિમણૂક કરવા બાબત :

[**નોંધ.**—દરેક વિદ્યાશાખાના ડીનની નિમણૂક સ્ટે. ૧૧૮ (૩) મુજબ કરવાની થાય તે અનુસાર દંતવિદ્યા અને ફાર્મસી વિદ્યાશાખાઓના ડીન અનુક્રમે ડૉ. એ. એમ. મલાવવાળા તથા ડૉ. સી. એસ. શાહ, બી.યુ.ટી.ના સભ્યપદે નિયુક્ત થયેલા છે. ફાર્મસીની વિદ્યાશાખામાંથી સેનેટના સભ્ય હોય અને માન્ય અનુસ્નાતક શિક્ષક હોય તેવા ડૉ. એચ. આર. દેરાસરી છે. દંતવિદ્યાની વિદ્યાશાખામાં આ યોગ્યતા ધરાવતી કોઈ વ્યક્તિ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર સ્ટે. ૧૧૮ (૭) હેઠળ તા. ૨૨-૧૧-૧૯૭૨ સુધી નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. એમ. બી. દેવાણી

(૨) ડૉ. સા. પી. બોઘાણી.

૪૯. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નવી કૉલેજોની જરૂરિયાત અંગે નીમેલી સમિતિની તા. ૭/૮-૮-૧૯૭૦ની સભાની નીચેની ભલામણોની સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં નોંધ લઈ ને મજકૂર ભલામણો એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. (ક) ૧૯૭૧-૭૨નાં વર્ષોમાં અમદાવાદ શહેર વિસ્તારમાં વિનયન, વિજ્ઞાન વાણિજ્ય, શિક્ષણ કે કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી.

(ખ) અમદાવાદ શહેર વિસ્તારમાં વિજ્ઞાનની નવી કૉલેજો માટે અવકાશ છે, પરંતુ પ્રયોગશાળા ઇત્યાદિની જરૂરી સુવિધા વેળાસર કરવામાં આવે તે આવશ્યક છે.

(ગ) સંલગ્ન કૉલેજોમાં શિક્ષણ માટે અમુક બે વિદ્યાશાખાઓના સંચાલનની યુનિવર્સિટીની સામાન્ય નીતિને અનુસરીને કોઈ બે વિદ્યાશાખાઓ ધરાવતી કૉલેજના વિભાગીકરણ માટેની માગણી આવે તો તે વિચારવી જોઈએ.

૨. ૧૯૭૧-૭૨ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી. છતાં આ વિદ્યાશાખાઓ પૈકી કોઈ વિદ્યાશાખાની કૉલેજ ન હોય અને બીજાં જે ગામોમાં સીધી કૉલેજ હોય, પણ ત્યાંથી ગામ લાંબા અંતરે હોય તો તેવી કૉલેજોની જોડાણ માટેની અરજી પર વિચારણા કરવી જોઈએ.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૭૧-૭૨ના વર્ષ દરમિયાન વિજ્ઞાનની નવી કૉલેજ માટે કોઈ અરજી આવેલી ન હોઈ તે અંગે કોઈ ભલામણ કરવાની રહેતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણની નોંધ લેવી અને જોડાણ અંગેની પ્રત્યેક કૉલેજની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલની સાથે સમિતિની ભલામણ પણ લક્ષમાં લઈને પ્રત્યેક બાબત પર વિચારણા કરવાનું રાખવું.

બાબત નં. ૫૦ અને પગની વિચારણા એકીસાથે કરવામાં આવી.

૫૦. યુનિવર્સિટીમાં મિલિટરી સ્ટડીઝનો વિભાગ શરૂ કરવા અંગે કમાન્ડ લાએગન ઑફિસર, પૂના તરફથી તેમના તા. ૩૧-૭-૧૯૭૦ના પત્રથી આવેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

૫૫. પ્રી-યુનિવર્સિટી અને પ્રથમ વર્ષ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં એન.સી.સી.ને ઐચ્છિક વિષય તરીકે દાખલ કરવા અંગે લેફ્. કર્નલ બેલવેલકરના તા. ૧૪-૩-૧૯૭૦ના પત્રથી આવેલ સૂચન અંગે વિદ્યાશાખાઓના નીચેના ઠરાવો પર વિચારણા કરવા બાબત :

વિનયન વિદ્યાશાખાની તા. ૨૨-૪-૧૯૭૦ની સભાનો ઠરાવ

આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાશાખા વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય, પ્રી-યુનિવર્સિટી તથા પ્રથમ વર્ષમાં એન.સી.સી.ને ઐચ્છિક વિષય તરીકે દાખલ કરવા લેફ્. કર્નલ બેલવેલકરના સૂચન સાથે સૈદ્ધાન્તિક રીતે સંમત છે.

વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૫-૧૯૭૦ની સભાનો ઠરાવ

આ સભાને આ બાબતમાં કોઈ અભિપ્રાય આપવાનો રહેતો નથી.

વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯–૫–૧૯૭૦ની સભાનો ઠરાવ

આ સભા ઠરાવે છે કે એન.સી.સી.ને ઐચ્છિક વિષય તરીકે વાણિજ્યમાં દાખલ કરવાના સૂચન સાથે આ સભા સંમત નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. ડી. એન. પાઠકને જણાવવું.

૫૧. ટેક્સ્ટાઈલ અને પેટ્રોકેમિલ્સના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો દાખલ કરવા માટેના શ્રી. રસિકલાલ બાલચંદ્ર શાહના તા. ૧૧–૭–૧૯૭૦ના પત્રથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેક્સ્ટાઈલ અને પેટ્રોકેમિકલ્સનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ દાખલ કરવા માટે આ સભાગૃહ સૈદ્ધાંતિક રીતે સંમત છે એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

૫૨. એન.સી.સી. રમતગમત અને અન્ય અભ્યાસપૂરક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાની દૃષ્ટિએ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં આંતરિક ગુણાંકનમાં ૧૦ જેટલા ગુણનું સંકલન કરવાનું સૂચવતા એન.સી.સી.ના ગ્રુપ હેડક્વાર્ટર્સના કમાન્ડરના તા. ૨૩–૭–૧૯૭૦ના પત્રથી આવેલ પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૩/૪–૧૦–૧૯૭૦ની સભામાં બાબત નં. ૩૨થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૩. એજ્યુકેશનના વિષય માટે પ્રાધ્યાપકોની માન્યતા બાબતમાં જે પ્રવર્તમાન ધોરણો છે તેમાં નીચે મુજબની વિગત ઉમેરવા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઇડરના પ્રિ. એચ. એમ. શુકલના તા. ૧૬–૮–૧૯૭૦ના પત્રથી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

(*i*) Teaching
(*ii*) Professor
(*iii*) (*a*) (*v*) B.A. / B.Sc. / B.Com. with Second Class and B.Ed. and M Ed. with Second Class.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત શિક્ષણની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવી અને તેની ભલામણ વિનયન વિદ્યાશાખાના અભિપ્રાય સાથે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૫૪. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦–૮–૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે આચાર્ય એમ. સી. દેસાઈના નીચેના પ્રસ્તાવ સાથે આ વિદ્યાશાખા સહમત છે અને તે અંગેની ઘટતી જોગવાઈ કરવા અકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે:

"To make provision for teaching M.Com. with Economics."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખામાં બી.એ. અને એમ.એ. કક્ષાએ અર્થશાસ્ત્રના વિષયના શિક્ષણની જે જોગવાઈ છે તે જોગવાઈની તુલનામાં બી.કૉમ. અને એમ.કૉમ.ના અભ્યાસક્રમો ફેરવવાની જરૂરિયાત લક્ષમાં લઈને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૫૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૬. ટ્યુટોરિયલ્સની હાલની યોજનામાં કુલાધિપતિશ્રીના ચુકાદાને અનુલક્ષીને અસરકારક યોજના તૈયાર કરવા એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮-૭-૧૯૭૦ તથા તા. ૨૭-૮-૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. શ્રી. વી. એમ. શાહના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક અધ્યાપક તરીકે જેમની માન્યતા ૧૫ કે ૨૦ વર્ષ સુધી ચાલુ રહી હોય તેમની માન્યતા તેઓ યુનિવર્સિટી સાથે સંલગ્ન એવી કોઈ પણ સંસ્થામાં કામ ન કરતા હોય તોપણ ચાલુ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. વી. એમ. શાહનો ઉપરનો પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

૫૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૯. રૂટે. ૧૨૮(૭) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર નીમવામાં આવેલા સભ્યોમાંથી (૧) શ્રી. જે. બી. સાણ્ડલ પ્રિન્સિપાલ તેમ જ શિક્ષક તરીકે ચાલુ રહેતા ન હોઈ તથા (૨) શ્રી. પી. એલ. શાહ તા. ૨૩-૧૧-૧૯૭૦થી સેનેટ-સભ્ય મટી જતા હોઈ તેમની ખાલી પડેલી જગ્યા પર અન્ય સભ્યને તા. ૨૨-૧૧-૧૯૭૨ સુધીના સમય માટે નીમવા અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.—હાલ નિમાયેલા અન્ય સભ્યોનાં નામ નીચે મુજબ છે :

(૧) શ્રી. ય. પ્રા. શુકલ, (૨) શ્રી. કે. જે. ભટ્ટ, (૩) શ્રી. એચ. યુ. જોશી, (૪) શ્રી. પી. એલ. શાહ, અને (૫) શ્રી. ડી. એમ. શીખ.

(શ્રી. સાણ્ડલ આચાર્ય તરીકે નિવૃત્ત થતાં તથા ડૉ. પી. એલ. શાહ સેનેટ-સભ્ય તા. ૨૩--૧૧--૧૯૭૦થી મટી જતાં હોઈ જગ્યા ખાલી પડેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર આચાર્ય જે. બી. સાણ્ડલની જગ્યાએ ડૉ. ય. ગુ. નાયકને અને ડૉ. પી. એલ. શાહની જગ્યાએ ડૉ. છોટુભાઈ નાયકને તા. ૨૨-૧૧-૧૯૭૨ સુધીના સમય માટે નીમવા.

૬૦. તા ૩૦-૯-૧૯૭૦ના રોજ મળેલ સેનેટની ખાસ સભાએ પસાર કરેલ નીચેના ઠરાવને અનુલક્ષીને આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"ભારતમાં કેટલાંક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે એક્સ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી. આથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તેવી તકો ઊભી કરવા અને તેમ કરતાં શિક્ષણનાં ધોરણો નીચાં ન પડે તે માટે સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં એમ.એ.ના વેકેશન વર્ગો શરૂ કરવાની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં અધિકારી સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પાર્ટ-ટાઈમ ડિપ્લોમા પાસ કરનાર વિદ્યાર્થીને અભ્યાસ તેમ જ ઉદ્યોગોનો અનુભવ હોય છે. તેથી પાર્ટ-ટાઈમ ડિપ્લોમા પાસ કરીને આવતા વિદ્યાર્થીઓનો અનુભવ ડિપ્લોમા મેળવતાં પહેલાં ચાર વર્ષથી વધુ થતો હોય તેઓને પાર્ટ-ટાઇમ ડિગ્રી વર્ગમાં અભ્યાસ કરવાની પરવાનગી આપવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૬૧-એ. ઇજનેરી ઓર્ડિ. પી. એન્જિ. ૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

O. P. Engg. 1 :

A candidate for the degree of Bachelor of Engineering (Civil, Mechanical or Electrical) must produce a certificate showing that he has passed the corresponding final year diploma examination of the Technical Examinations Board from Gujarat State or any examination recognised as equivalent thereto. Further he shall have to produce a certificate from his employer to the effect that he has acquired a practical or teaching experience for at least one year in the corresponding branch, after having passed the final year diploma examination.

Such a candidate will be admitted to the First Semester of the post-diploma degree courses in Civil, Mechanical and Electrical Engineering.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. પી. એન્જિ. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૨. એમ.ઈ.ની જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા પ્રાશ્નિક--પરીક્ષકોની લઘુતમ લાયકાત અંગે વિદ્યાશાખાના અધ્યક્ષ તરફથી આવેલ સૂચન એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાએ ઇજનેરી વિદ્યાશાખાને પુનર્વિચારણા માટે મોકલેલ હતી. તે અંગેની ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.ઈ.ની જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા પ્રાશ્નિક/પરીક્ષકોની લાયકાતનું ધોરણ સુધારી નીચે મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Post-graduate Examination in Engineering :

No person shall be recommended as an Examiner at a post-graduate examination, unless he is a recognised post-graduate teacher or holds a Doctor's or a Master's degree of this or any other recognised University or an equivalent qualification and has at least 7 (seven) years teaching experience or is a person or recognised eminence in the subject.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૩. કાયદાની વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે દ્વિતીય એલએલ.બી.ના પ્રથમ સત્રમાં વૈકલ્પિક વિષયોનું એક જૂથ પસંદ કરનાર વિદ્યાર્થીઓ બીજા સત્રમાં તે જૂથ બદલી શકશે નહિ. વિદ્યાર્થી જે સત્રમાં દાખલ થાય તેના એક માસની અંદર જ તે જૂથ બદલી શકશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૪. કાયદાની વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે (૧) સેકન્ડ એલએલ.બી. જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થનાર સેકન્ડ એલએલ.બી.ના નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષામાંસત્રો ભર્યા વગર બેસવાની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે જુનિયર એલએલ.એમ.ની પરીક્ષા એક ગ્રુપ સાથે પસાર કરનાર વિદ્યાર્થી ને ફરીથી સદરહુ પરીક્ષા બીજા ગ્રુપ સાથે આપવા માગે તો સદરહુ ગ્રુપમાં આવતા ફરજિયાત પેપરોમાંથી મુક્તિ આપવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૬. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે જે વિદ્યાર્થીએ એફ.વાય.બી.એસસી.માં મેથેમેટિક્સ રાખ્યું ન હોય તોપણ તેને એસ.વાય.બી.એસસી.માં મેથેમેટિક્સ કે સ્ટેટિસ્ટિક્સ સ્પેશિયલ રાખવા દેવાની છૂટ આપવી અને તેવા વિદ્યાર્થીને ટી.વાય.બી.એસસી.માં દાખલ થતાં પહેલાં એફ.વાય.બી.એસસી. મેથેમેટિક્સની પરીક્ષા આપવી જરૂરી રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૬૭. વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૨-૯-૧૯૭૦ની સભાએ કરેલ નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત :

"(૧) આ સભા ઠરાવે છે કે જે વિદ્યાર્થીઓ એમ.એસસી.ની પરીક્ષા જૂના અભ્યાસક્રમ મુજબ પાસ કરી બીજો પેટાવિષય લઈ એમ.એસસી. પરીક્ષા પાસ કરવા માગે તો તેવા વિદ્યાર્થીઓને એમ.એસસી. ભાગ ૨માં બે ટર્મ રાખ્યા બાદ બેસવા દેવા અને તેમના માટે એમ.એસસી. ભાગ ૨ મુજબ ક્લાસ ગણવાનો રાખવો.

(૨) આ સભા ઠરાવે છે કે ઑર્ડિ. એમ.એસસી. ૨ (એ) અન્વયે વિષય બદલીને એમ.એસસી.-ની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને એમ.એસસી. ભાગ ૨ મુજબ વર્ગ આપવાનો રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૬૮. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"This faculty recommends that the admission to T.Y.B.Sc. should be given to students even if they fail in special subjects in S.Y.B.Sc. The students will have to pass in the subject earlier or simultaneously with the degree examination."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૬૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એસ.એસસી. ની પરીક્ષા અંગ્રેજીમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રી-યુનિવર્સિટી વિનયનમાં પ્રવેશ આપવાની જોગવાઈ એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮/૨૩-૭-૧૯૭૦ની સભામાં કરવા ભલામણ કરી છે તે પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષામાં પ્રવેશ આપવાના ધોરણ તરીકે સ્વીકારવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૧/૨-૧૦-૧૯૭૦ની સભામાં બાબત નં. ૪થી કરેલો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ વિચારણા કરવાપણું રહેતું નથી.

૭૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

(i) " Resolved to recommend to the Academic Council that the scheme of marks for the Pre-University Science, F.Y.B.Sc., S.Y.B.Sc. and T.Y.B.Sc. be modified for the theory and practical for the University examination for the following subjects :

Pre-Uni. Science	*Theory*	*The total reduced marks*	*Inter-nal*	*Total*
F.Y.B.Sc.	Each paper			
S.Y.B.Sc.	100 x 2 marks	100	40	140
	Practicals			
	80 marks	40	20	60
			Total	200
S.Y.B.Sc.	Theory			
Paper III	100 marks	50	20	70
	Practical			
	40	20	10	30
			Total	100
T.Y.B.Sc.	Theory			
	500	250	100	350
	Practicals			
	200	100	50	150
			Total	500

(*ii*) The marks for the theory and practicals for the University examination should be reduced to half by the University for declaring the result of a candidate. Marks more than 5 should be considered as 1 for calculating the reduced marks.

The scheme of marks is for the following subjects :

Physics, Chemistry, Microbiology, Geology and Geography.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુણાંકનના વિભાજન માટે ઉપર સૂચવેલી યોજના વિજ્ઞાન વિદ્યાશાખાના અમુક જ વિષયોને સ્પર્શે છે તો બાકીના વિષયો અંગે શું કરવું તે મુદ્દો લક્ષમાં લઈને તે અંગે સમગ્ર રીતે વિચારણા કરવા તથા પોતાની ભલામણ રજૂ કરવા માટે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનું સૂચન નં. ૨ સિન્ડિકેટે તેની તા ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં બાબત નં. ૩૨થી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવું.

૭૧. વિનયન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સ્ટે. ૧૦૮માં બૅન્કિંગનો વિષય વિનયન અને વાણિજ્ય એમ બંને વિદ્યાશાખા હેઠળ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. વિનયન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સ્ટે. ૯૯માં બૅન્કિંગનો વિષય વિનયન અને વાણિજ્ય એમ બંને વિદ્યાશાખા હેઠળ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(અ) દ્વિતીય વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એસસી.ના ગણિત વિષયના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા તથા તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ ૭ અને રેગ્યુ. સાયન્સ ૮-એ સુધારી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ છે.

(બ) વધુમાં ભલામણ કરવામાં આવે છે કે દ્વિતીય વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એસસી.માં ગુણનું વિભાજન નીચે મુજબ રાખવું તથા તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ ૬ અને

રેગ્યુ. સાયન્સ ૮ (*iii*)માં સુધારો કરવો અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો :

For Mathematics as a special subject there will be three papers and the distribution of marks will be as under :

	Ext. Evaluation	*Int. Evaluation*	*Duration of Exam.*
Paper III	70	30	3 hours
Paper IV	70	30	3 hours
Paper V—Theory	40	20	2 hours
Practical	30	10	3 hours

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ (અ) મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ ૭ અને રેગ્યુ. સાયન્સ ૮ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ (બ) મંજૂર કરવા તથા તે મુજબ સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ ૬ અને રેગ્યુ. સાયન્સ ૮ (*iii*) સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૭૪. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૨-૧૦-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.એસસી. ભાગ ૧ અને ૨ના બોટેની વિષયનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો અને તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. એમ.એસસી. ૨ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ને સુધારી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ સંબંધકર્તા રેગ્યુ. એમ.એસસી. ૨ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ સુધારવા અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૫. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૫-૧૦-૧૯૭૦ની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Name of the Candidate	*Subject*	*Internal Reference*	*External Referee*
Smt. V. D. Jivani	Editing of an unpublished commentary in Sanskrit by Subhavi Jaygani. (16th cent. A.D.) on Tarkabhasha of Kesavmishra"	Dr. J. S. Jetly	Shri Barlinge, Poona *For Viva* Rasiklal C. Parikh, Ahmedabad.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા અંગે ઉપર મુજબ પરીક્ષકોની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં ૪૭ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં ૪૭ સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

બાબત નં ૭૮ અને ૮૪ (૧)ની વિચારણા સાથે કરવામાં આવી.

૭૮. સેનેટે તેની તા. ૧૨-૧૦-૧૯૭૦ની સભામાં સુધારેલો ઑર્ડિ. ૧૨૦-એ સિન્ડિકેટને પુનર્વિચારણા માટે મોકલેલ. તે ઑર્ડિ. સિન્ડિકેટે તેની તા. ૭/૮-૧૧-૧૯૭૦ની સભામાં એકેડમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઇ તે પર વિચારણા કરવા બાબત.

૮૪. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના નીચેના સૂચન (૧) પર વિચારણા કરવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોમાં ટ્યૂટર તરીકે કાર્ય કરતા ટ્યૂટરોને ૮ તાસ વ્યાખ્યાન અને ૧૪ તાસ ટ્યુટોરિયલને બદલે ૯ તાસ વ્યાખ્યાનના અને ૧૩ તાસ ટ્યુટોરિયલના આપવા અને એ પ્રમાણે ઑર્ડિ. ૧૨૦-એ સુધારવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૯. પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૧ને બદલે જૂન ૧૯૭૨થી શરૂ કરવાનું બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીનું સૂચન સિન્ડિકેટે તેની તા. ૭-૮-૧૯૭૦-ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઇ તે પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૧ને બદલે જૂન ૧૯૭૨થી શરૂ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૦. ભૌતિકશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૧-૧૦-૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે એસ.વાય.બી.એસસી. ભૌતિકશાસ્ત્રનો નવો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલમાં લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ સુધારેલા અભ્યાસક્રમ અંગેનો રેગ્યુ. સાયન્સ ૮ જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલા અભ્યાસક્રમનો નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૮૧. એમ. ડી. સાયકોલોજીનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગેની તબીબી વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. રાજ્યનીતિશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૫-૯-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Name of Candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri G.'S. Shah	"Caste Association and political Process in Gujarat–A study of Gujarat Kshatriya Sabha"	Prof. D. N. Pathak, University School of Sciences, Ahmedabad-9	1. Dr. I. P. Desai, Regional Development Centre, Surat 2. Lloyd Rudolph, Chicago University, U.S.A. presently visitting Rajasthan University, Jaipur 3. Dr. Andre Bettile Dept. of Sociology, Delhi University, Delhi,

આથી ઠરાવવામા આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૩. એકેડેમિક કાઉન્સિલે બિઝનેસ મેનેજમેન્ટનો બે વર્ષનો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ તૈયાર કરવા અંગે નીમેલ સમિતિની તા. ૩૦-૬-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે ડિપ્લોમા ઇન બિઝનેસ મેનેજમેન્ટનું નામાભિધાન ડી.બી.એમ.ને બદલે એમ.બી.એ. એવું રાખવું અને તે માટે સ્ટેચ્યૂટમાં ઘટતો સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોમાં ટ્યૂટર તરીકે કાર્ય કરતા ટ્યૂટરોને ૮ તાસ વ્યાખ્યાન અને ૧૪ તાસ ટ્યૂટોરિયલને બદલે ૯ તાસ વ્યાખ્યાનના અને ૧૩ તાસ ટ્યૂટોરિયલના આપવા અને એ પ્રમાણે ઑ.ડ. ૧૨૦-એ સુધારવા;

(૨) વિદ્યાર્થીઓની દરેક સત્ર દીઠ ૭૫ દિવસની ફરજિયાત હાજરીને બદલે કુલ દિવસના બે તૃતીયાંશ દિવસોની હાજરી રાખવા અને તે પ્રમાણે ઑ.ડ. ૭૮ સુધારવા.

(૧) સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ની સભાએ ભવન્સ કૉલેજ, ડાકોરના આચાર્યશ્રીનું નીચેનું સૂચન સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલી. તે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભામાં વિજ્ઞાન વિદ્યાશાખાને વિચારણા માટે મોકલેલ. તે અંગે વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

આચાર્યશ્રીનું સૂચન

" As physical chemistry and inorganic chemistry are two different subjects, post-graduate teachers qualified in one of them should not be permitted to teach the other. Those permitted to teach both should be asked to select one."

વિજ્ઞાન વિદ્યાશાખાનો ઠરાવ

" આ સભા ઠરાવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભા મારફતે આવેલ નીચેનો ઠરાવ મંજૂર રાખવો :

" As physical chemistry and inorganic chemistry are two different subjects, post-graduate teachers qualified in one of them should not be permitted to teach the other. Those permitted to teach both should be asked to select one.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. હિંદીની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીને તેના નામ સામે જણાવેલ પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
શ્રી. એચ. બી. સુખવાલ	" રાજસ્થાની ઔર ગુજરાતી લોકગીતોં કા તુલનાત્મક અધ્યયન "	ડૉ. એ. એસ. નાગર	૧. ડૉ. મોતીલાલ ગુપ્તા, અધ્યક્ષ, હિંદી વિભાગ, જોધપુર યુનિવર્સિટી, જોધપુર (રાજસ્થાન).

વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
			૨. શ્રી. પુષ્કર ચંદરવાકર, રીડર, લોકસાહિત્ય વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
			૩. ડૉ. કમલેશ, રીડર ઇન હિંદી, કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્ર (હરિયાણા).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૭. નીચેના વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા રેફરીની નિમણૂક નીચે મુજબ કરવા ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	રેફરી
શ્રી. એમ. ડી. ભટ્ટ	"ગુજરાતી ભજન સાહિત્ય — મધ્યકાલીન અને અર્વાચીન"	શ્રી. કે. બી. વ્યાસ	૧. શ્રી. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, ૨. શ્રી. દર્શક ૩. શ્રી. રામપ્રસાદ પી. બક્ષી ૪. શ્રી. સુંદરમ્ **મૌખિક માટે** ૧. દર્શક અથવા ૨. શ્રી. સુંદરમ્.
શ્રીમતી આર. આર. નગરશેઠ	"૧૯૨૦ પછીના ગુજરાતી વિવેચન સાહિત્યનું અધ્યયન"	શ્રી .વી. આર. ત્રિવેદી	૧. શ્રી. મનસુખલાલ ઝવેરી ૨. ડૉ. સુરેશ જાશી ૩. શ્રી. રામપ્રસાદ પી. બક્ષી **મૌખિક માટે** ૧. શ્રી. મનસુખલાલ ઝવેરી અથવા ૨. ડૉ. સુરેશ જોશી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધો તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૮. નીચેના વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા રેફરીની નિમણૂક નીચે મુજબ કરવા સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટર્નલ રેફરી	રેફરી
શ્રીમતી એ. એમ. સોલંકી	"ગીર, બરડા અને આલેચના રબારીઓ"	ડૉ. તારાબહેન પટેલ	૧. શ્રી. આઈ. પી. દેસાઈ (મૌખિક માટે) ૨. ડૉ. ડાકોરભાઈ નાયક.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮૯. નીચેના વિદ્યાર્થીના નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા રેફરીની નિમણૂક નીચે મુજબ કરવા મૅથેમેટિકસની અભ્યાસસમિતિની તા. ૨૦-૧૦-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri A. P. Shah	"Contributions to fibonacci numbers modulo M and to a Problem of Frobenius"	Dr. A. M. Vaidya, Dept. of Mathematics, Gujarat University, Ahmedabad–9	1. Prof. Eckford P. Cohen, Department of Mathematics, Western Michigan University, Kalamazoo, MI 49002, U.S.A. 2. Prof. S. Chowla, Department of Mathematics, Pensylvania State University, University Park, PA 16803, U.S.A. 3. Prof. M. V. Subbarao, Department of Mathematics, University of Alberta, Edmonton, Alberta, Canada. *For Viva-voce* 1. Prof. R. P. Bambah, Dept. of Mathematics, Punjab University, Chandigarh –3, Punjab. 2. Prof. H. Gupta, 402, Mumfordganj, Allahabad –2 (U.P.).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯૦. નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ તપાસવા રેફરીની નિમણૂક નીચે મુજબ કરવા કેમિસ્ટ્રીની અભ્યાસ સમિતિની તા. ૭/૧૬-૧૦-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri B. M. Desai	"Studies in New Analytical Reagents"	Dr. M. N. Desai	1. Dr. Charles V. Banks, Prof. of Chemistry, Iowa State University, Annes Iowa, U.S.A. 2. Dr. Louis Roger, Editor Chemie Analytique, 82, Route De St. Cloud Ruel Malmaisen, Paris, France. 3. Dr. Philip W., West Chemistry Department, Louissiana StateUniversity, Baton Rouge, U.S.A. *For Viva-voce* 1. Dr. A. K. Dey, Chemistry Department, University of Allahabad, Allahabad. 2. Dr. N. C. Sogani, Chemistry Department, Jaipur University, Jiapur.

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri K. C. Desai	"Studies in analytical reagents"	Dr. M. N. Desai	1. Louis Roger, Editor, Chemie Analytical 92, Rucil Malmaisen 80, Route de St. Cloud Paris, France. 2. Dr. Alsteyermark, Editor, Microchemical Journal Professor, Rutgers University, U.S.A. 3. Dr. A. J. Baranard, Director, Research Division, J. T. Banker, Chemical Co., Phillipsberg N.J., U.S.A. *For Viva-voce* 1. Dr. R. C. Kapoor, Chemistry Department, University Jodhpur, Jodhpur. 2. Dr. H. L. Nigam, Chemistry Department, Allahabad University, Allahabad.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધો તપાસવા માટે ઉપર જણાવેલા ત્રેફરીઓની ક્રમાનુવર્તી નિમણુક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯૨. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા માટે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri Chakravarti Syamal	"Studies on Hydroxyethyl Starch"	Dr. H. C. Srivastava, ATIRA, Ahmedabad-9	1. Dr. C. L. Mehltretter, Starch Products Division, Northern Research & Development Division, U. S. Dept. of Agriculture, Peoria Illinois, 61604, U.S.A. 2. Dr. G. A. Adams, Dept. of Biochemistry, National Research Council of Canada, Ottawa, Canada. 3. Prof. T. E. Timell, Dept. of Forest Chemistry, State University, College of Forestry at Syracuse University, Syracuse, New York, U.S.A. *For viva-voce* 1. Shri A. K. Mitra, Division of Food Technology & Bio-

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
			chemical Engineering, University College of Engineering & Technology, Jadavpur Uni., Calcutta–32. 2. Prof. S. Mukherjee, National Sugar Institute, Kanpur. 3. Dr. T. R. Ingle, National Chemical Laboratory, Poona–8.
Shri Kiritkumar F. Patel	"Kinetics and Mechanism of Oxidation of Starches with hypochlorite"	Dr. H. C. Srivastava, ATIRA, Ahmedabad–9	1. Prof. Roy L. Whistler, Dept. of Biochemistry, Purdue University, Lafaygtee, Indiania, U.S.A. 2. Dr. C. T. Greenwood, Dept. of Chemistry, University of Edinburgh Scotland, U.K. 3. Dr. C. L. Mehltretter, Starch Products Division, Northern Utilization Research & Development Division, U. S. Dept. of Agriculture, Peoria, Illinois, 61604, U.S.A.

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee For Viva-voce*
			1. Prof. R. D. Patel, Head, Dept. of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar, Via Anand. 2. Prof. A. B. Biswas, Dept. of Chemistry, Indian Institute of Technology, Powai, Bombay. 3. Dr. A. K. Mitra, Division of Food Technology & Electrical Engineering, University College of Engineering and Technology, Jadavpur University, Calcutta–32.
Shri R. G. Sangoram	"Adsorption of Selected Inorganic Salts on Wool Fibre"	Dr. H. C. Srivastava, ATIRA, Ahmedabad–9	1. Prof. C. S. Whewell, Dept. of Textile Industry, The University of Leeds, Leeds–2, U.K. 2. Dr. J. Delenic O., Prin. Research Scientist CSRIO, Division of Textile Industry, Wool Research Laboratories, P. O. Box No. 21, Belmont, Geelong, Australia.

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
			3. Dr. Dirk Stigter, Western Regional Research Laboratory, 800, Buchman Street, Albany, California, 94706, U S.A.
			For Viva-voce
			1. Prof. A. B. Biswas, Dept. of Chemistry, Indian Institute of Technology, Powai, Bombay.
			2. Prof. R. D. Patel, Head, Dept. of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar, Via Anand.
			3. Dr. S. P. Srivastava, Reader, Dept. of Chemistry, University of Roorkee, Roorkee.
Shri U. D. Datar	"Isolation, Purification and concentration of Elements in trace quantities from their solutions by Ion-exchange Technique"	Dr. N. Krishnaswamy, Central Salt & Marine Chemicals Research Inst., Bhavnagar	1. Dr. D. K. Hale, Prin. Scientific Officer, Inorganic and Metallic Structure, National Physical Laboratory, Teddington, Middlesex, U.K.

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
			2. Dr. T. R. E. Kressman, The Permutit Company Ltd., Gunnersbury Avenue, London W. 4., U.K. 3. Prof. J. E. Salmon, Department of Chemistry, University of Surrey, Guildford Surrey (U K.) *For Viva-voce* 1. Dr. J. Gupta, Deputy Director, National Chemical Laboratory, Poona–3. 2. Prof. A. B. Biswas, Dept. of Chemistry, Indian Institute of Technology, Powai, Bombay-76. 3. Prof. K. M. Joshi, 3/2, Majestic Hotel, Bombay–1.
Shri V. C. Barot	"Synthesis of compounds likely to show Physiological activity. Synthesis of thiazolines and Thiazolidenes"	Prin. J. J. Trivedi	1. Dr. Franklin Proul, Chemistry Department, De Paul University, 1036, West Belden Avenue, Chicago, Illinois, 60614. 2. Dr. Hans Zimer, Chemistry Department, University of Cinannati, Cinannati Ohio, 45221 (U.S.A.)

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
			For Viva-voce 1. Dr. R. B. Mital, M.Sc., Ph.D., University of Rajasthan, Jaipur. 2. Dr. C. V. Deliwala, Department of Chemotherapy, Haffkine Institute Parel, Bombay–12.
Shri R. H. Bhatt	"Studies on optically active compounds and application of Chromatographic technique"	Dr. K. A. Thaker	1. Dr. A. G. Daries, Professor of Chemistry, University College, Gower Street, London, WC1 (U.K.) 2. Dr. C. L. Arcus, Department of Chemistry, University of Survey, Survey (England), U.K. *For Viva-voce* 1. Dr. J. P. Saxena, Department of Chemistry, Jodhpur University, Jodhpur. 2. Prof. H. L. Nigam, Department of Chemistry, Allahabad University, Allahabad. 3. Dr. K. C. Joshi, Prof. of Chemistry, Jaipur University, Jaipur.

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri B. K. Punjani	"Studies in corrosion and corrosion inhibition"	Dr. M. N. Desai	1. Prof. Y. Hayakuwa, College of Science and Engineering Aoyam Gaukir University, Tokyo, Japan. 2. Prof. L. Horner, University of Mainz, Mainz, W. Germany. 3. Miss Dora Erasher, National Research Lab., Teddington, England. *For Viva-voce* 1. Dr. B. Sanyal, Defence Research Lab., P. Box No. 320, Kanpur. 2. Dr. T. Banerjee, National Metallurgical Laboratory, Jamshedpur. 3. Dr. A. K. Lahiri, National Metallurgical Laboratory, Jamshedpur.
Shri A. B. Palkhiwala	"Studies in Saline Soils"	Dr. R. K. Shah	1. Dr. G. Varallyay, Head of the Dept. of Salt affected soils, Research Institute of Soil Science and Agricultural Chemistry Budapest II,

Name of Student	*Subject*	*Internal Reference*	*External Referee*
			Harman Otto. Ut. 16 Budapest, Hungery (Europe).
			2. Dr. Istwan Szabolcs, Director, Research Institute of Soi Science and Agricultural Chemistry, Budapest II, Harman Otto Ut. 16, Budapest, Hungery (Europe).
			3. Prof. Istwan Boroas, Research Scientist, Research Institute of Soil Science and Agricultural Chemistry, Budapest II, Harman Otto Ut. 16, Budapest, Hungery (Europe).
			4. Prof. Sipos Sandoor, Deputy Director, Soil Research Station, Nagykunsagi Mezogazdasagi Kiserleti Intezet Kircag, Hungery (Europe).
			5. Prof. Halasz Karoly. Research Scientist, Soil Research Station, Nagykunsagi

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
			Mezogazdasagi Kiserleti Intezet Karcag, Hungery (Europe). *For Viva-voce* 1. Dr. I. C. Gupta, Soil Chemist, Central Soil Salinity Research Institute, 324–L, Model Town, Karnal, Hariyana. 2. Dr. B. V. Mehta, Head of the Chemistry Department, B. A. Institute of Agriculture, Anand. 3. Dr. G. V. Bakore, Prof. of Chemistry, Udaipur University, Udaipur.
Shri G. H. Thanki	"Studies in Corrosion and corrosion inhibition"	Dr. M. N. Desai	1. Herbert Puschmann Editor, Werkstoffe und Corrosion, 6373, Veisskirchen Manerweg–16, W. Germany. 2. Prof. Dr. T. K. Ross, Head, Corrosion Research Lab., Manchester College of Science and Technology, Manchester, England.

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
			3. Prof. L. Horner, University of Mainz Mainz, W. Germany *For Viva-voce* 1. Prof. N. Subramaniyam, Central Electrochemical Research Institute, Karaikudi. 2. Dr. B. Sanyal, Defence Research Lab., P. Box No. 320, Kanpur. 3. Dr. A. K. Lahiri, National Metallurgical Laboratory, Jamshedpur.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધો તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯૨. અકેડેમિક કાઉન્સિલે તા. ૭/૮/૨૩-૧-૧૯૭૦ની સભામાં રીડર-ઇન-પોલિટિકલ સાયન્સની વરણીસમિતિ પર ઑર્ડિ. ૬૬ હેઠળ નીમવામાં આવેલ સભ્ય ડૉ. આલુ દસ્તુરે તેઓના તા. ૬-૧૧-૧૯૭૦ના પત્રથી આ સમિતિના સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અને વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર ડૉ. આલુ દસ્તુરની જગ્યાએ નીચેના સભ્યોની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. ડી. કે. ગર્દે

(૨) ડૉ. ઉષા મહેતા.

૯૩. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૩૦-૬-૧૯૬૮ની સભાનો નીચેનો ઠરાવ અકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભામાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓને વિચારણા માટે મોકલેલ તે અંગે વિનયન વિદ્યાશાખાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

કુલપતિઓની તા. ૩૦-૮-૧૯૬૮ની સભાનો ઠરાવ

"English has been accepted as a compulsory subject up to the first degree in all Faculties. It is, however, felt that the achievements of students in this particular subject are not encouraging.

This is, it is represented, due to the fact that proper motivation for the learning and teaching of English does not exist. Whether we like it or not, the present system of learning and teaching is mainly examination centered and examination circumscribed. It is, therefore, strongly felt that because marks obtained in English do not have any reflection in the award of classes, both the teaching as well as the learning of English are comparatively neglected.

It is agreed that motivation provided only through examinations is not a lasting solution of the problem. The real solution perhaps is to create an urge from within to read and understand English very well. However, in the limitations of the present circumstances it is felt expedient that marks obtained in English may be considered for the award of classes. This would also provide an indication of the ability of the students to master all the subjects of study simultaneously."

શિક્ષણસહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૭૦ની સભાનો ઠરાવ

"પ્રથમ દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષામાં વર્ગ આપવા બાબતમાં ફરજિયાત અંગ્રેજીના માર્ક્સ ગણતરીમાં લેવા કે કેમ તે અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે મતદાનની માગણી કરતાં ૧૪ વિરુદ્ધ ૧૪ મતદાન થયું.

(નોંધ.—વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખામાં વર્ગ આપવા માટે ફરજિયાત અંગ્રેજીના ગુણ ગણતરીમાં લેવાનું અનુક્રમે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૧--૭--૧૯૬૯ અને તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભામાં મંજૂર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. (૧) એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભામાં વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ અન્વયે વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓમાં વર્ગ આપવા માટે ફરજિયાત અંગ્રેજી વિષયના ગુણ ગણતરીમાં લેવા અને તેનો અમલ જૂન ૧૯૭૧થી કરવા ઠરાવ્યું હોઈ, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન, પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ તૃતીય વર્ષ બી.એસસી.ના ઉત્તીર્ણતા માટેના રેગ્યુલેશનો અનુક્રમે આર. પ્રી-સાયન્સ ૩, આર. સાયન્સ ૪, આર. સાયન્સ ૯ તથા આર. સાયન્સ ૧૫-એ સુધારવા બાબત.

(૨) ઉપર જણાવ્યા પ્રમાણે જો પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.એસસી. પરીક્ષાના ઉત્તીર્ણ થવાનાં ધોરણ સુધારવામાં આવે તો તેને અનુલક્ષીને તૃતીય વર્ષ બી.એસસી.ના ઉત્તીર્ણતા અંગેના ધોરણ બાબતના આર. સાયન્સ ૧૫-એ (૨)માં સદરહુ પરીક્ષાઓમાં મળેલા ગુણ, ક્રેડિટ ગુણ ગણતરીમાં લેતી વખતે આ પરીક્ષાઓમાં

મળેલા અંગ્રેજી વિષયના ગુણ હાલના નિયમ મુજબ ગણતરીમાં લેવાતા નથી તેમાં કોઈ ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. પ્રી-સાયન્સ ૩, રેગ્યુ. સાયન્સ ૪, રેગ્યુ. સાયન્સ ૯ તથા રેગ્યુ. સાયન્સ ૧૫-એ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૯૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાએ બાબત નં. ૭૮થી વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦-૮-૧૯૭૦ની નીચેની ભલામણ સ્વીકારી છે તો તેને અનુલક્ષીને આર કોમ. ૧૪નો સુધારેલો પાઠ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.કોમ.માં વર્ગ ગણવા માટે અંગ્રેજીના ગુણની ગણતરી કરવી અને તે મુજબ રેગ્યુ. કોમ. ૧૪માં ઘટતો સુધારો કરી તેને જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્યની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ રેગ્યુ. કોમ. ૧૪ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. કોમ. ૧૪ની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૯૬. ઇજનેરી વિદ્યાશાખામાં જૂની પદ્ધતિની એપ્રિલ ૧૯૭૦ કે તે અગાઉ લેવાયેલ બી.ઈ. ૧, બી.ઈ. ૨ વગેરે પરીક્ષાઓમાં નાપાસ થનાર કે એ.ટી.કે.ટી. મેળવનાર વિદ્યાર્થીઓ કે જેમના ગુણ કેરી ફોરવર્ડ કરવાના થાય છે તેમના જે તે વિષયના ગુણ નવી સેમેસ્ટર પદ્ધતિમાં ગુણાંકનમાં થયેલ ફેરફારને લક્ષમાં લઈ પ્રમાણસર (પ્રોરેટા) ગણી ગણતરીમાં લઈ કેરી ફોરવર્ડ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઇજનેરી વિદ્યાશાખાના ડીનશ્રીએ જૂની પદ્ધતિમાંથી નવી પદ્ધતિમાં જૂના ગુણ કેરી ફોરવર્ડ કરવા માટે પ્રોરેટાથી ફેરવવાની તરફેણ કરી છે અને ઑક્ટોબર ૧૯૭૦નાં પરિણામો તે અનુસાર તૈયાર કરવાનું જરૂરી બને છે.)

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ના વર્ષની ત્રીજી સભા, બુધવાર, તા. ૨૧-૪-૧૯૭૧ના રોજ બપોરના ૧૨—૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને ગુરુવાર, તા. ૨૨-૪-૧૯૭૧ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧--૪--૧૯૭૧	તા. ૨૨--૪--૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર	હાજર
૩.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૪.	આચાર્ય વી. એફ. શાહ	હાજર	હાજર
૫.	આચાર્ય જે. સી. ત્રિવેદી	હાજર	હાજર
૬.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૭.	ડૉ. આર. એલ. વાદી	ગેરહાજર	ગેરહાજર
૮.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૯.	શ્રી. એમ. જે. દવે	હાજર	હાજર
૧૦.	શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૧૧.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર	ગેરહાજર
૧૨.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૧૩.	પ્રો. ડી. એન. પાઠક	હાજર	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	ગેરહાજર	ગેરહાજર
૧૫.	પ્રો. કે. જી. દેસાઈ	હાજર	હાજર
૧૬.	ડૉ. જે. જે. ત્રિનોય	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧--૪--૧૯૭૧	તા. ૨૨--૪--૧૯૭૧
૧૭.	આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર	હાજર
૧૮.	આચાર્ય આર. એચ. ગાંધી	હાજર	હાજર
૧૯.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૦.	શ્રી. વી. એમ. શાહ	હાજર	હાજર
૨૧.	ડૉ. એમ. એ. ફારૂકી	હાજર	હાજર
૨૨.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૩.	શ્રી. પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૪.	ડૉ. તારાબહેન પટેલ	હાજર	હાજર
૨૫.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૨૬.	આચાર્ય કે. બી. વ્યાસ	હાજર	હાજર
૨૭.	આચાર્ય એન. યુ. ત્રિવેદી	ગેરહાજર	હાજર
૨૮.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૯.	ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર
૩૦.	શ્રી. કે. એમ. પટેલ	હાજર	ગેરહાજર
૩૧.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર
૩૨.	આચાર્ય એસ. આર. મલેના	હાજર	હાજર
૩૩.	શ્રી. એમ. પી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૩૪.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૩૫.	આચાર્ય ડી. એચ. વેલવાળ	હાજર	હાજર
૩૬.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૩૭.	ડૉ. એમ. સી. જયસ્વાલ	હાજર	હાજર
૩૮.	શ્રી. આર. સી. સોનપાલ	હાજર	હાજર
૩૯.	ડૉ. પી. સી. વૈદ્ય	હાજર	હાજર
૪૦.	શ્રી. પી. ડી. પાઠક	ગેરહાજર	હાજર
૪૧.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪૨.	શ્રી. જે. ડી. ઓઝા	હાજર	હાજર
૪૩.	આચાર્ય સી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૪૪.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૪૫.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૪૬.	આચાર્ય જી. સી. પટેલ	હાજર	હાજર
૪૭.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪૮.	શ્રી. એસ. બી. કુમતા	ગેરહાજર	ગેરહાજર
૪૯.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૫૦.	શ્રી. એચ. એસ. જૈન	હાજર	હાજર
૫૧.	ડૉ. સી. આઈ. ઝાલા	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧--૪--૧૯૭૧	તા. ૨૨--૪--૧૯૭૧
૫૨.	ડૉ. આર. બી. મહેતા	હાજર	હાજર
૫૩.	શ્રી. એમ. બી. દેવાની	હાજર	ગેરહાજર
૫૪.	શ્રી. એસ. બી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૫૫.	આચાર્યા એચ. એફ. દસ્તૂર	ગેરહાજર	ગેરહાજર
૫૬.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર
૫૭.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૫૮.	આચાર્ય વી. જે. ત્રિવેદી	હાજર	હાજર
૫૯.	ડૉ. એસ. સી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૬૦.	ડૉ. એ. એ. ખત્રી	ગેરહાજર	ગેરહાજર.

૧--અ. તા. ૨૭/૨૮--૧--૧૯૭૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ની પહેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૭/૨૮--૧--૧૯૭૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ની પહેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧--બ. તા. ૧૯--૩--૧૯૭૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ની બીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૯--૩--૧૯૭૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ની બીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એકૅડેમિક કાઉન્સિલની તા. ૭/૮--૮--૧૯૬૮ની સભાની નોંધના ઠરાવ નં. ૩૪થી પ્રોફેસર ઑફ ફિઝિકસની જગ્યા માટેની વરણીસમિતિના સભ્યો નીમવામાં આવ્યા તેમાં પ્રો. વી. બી. ચોચરને બદલે ભૂલથી ડૉ. થોમસ છાપવામાં આવ્યું તે ભૂલ સુધારી લેવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન ઇકોનોમિકસની ખાલી પડેલ જગ્યા પર ઑ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ ઉપર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર એકૅડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે નીચેના સભ્યો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. ડી. ટી. લાકડાવાલા
(૨) પ્રો. એમ. બી. દેસાઈ
(૩) પ્રો. બી. આર. શેનોય.

૪. નીચે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓ રચાઈ ન હોવાથી તેની "એડહૉક" સમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) મરાઠી, (૨) સિંધી, (૩) બંગાળી, (૪) આધુનિક યુરોપિયન ભાષાઓ (ફ્રેન્ચ-જર્મન),

(૫) અવેસ્તા પહ્લવી, (૬) પત્રકારત્વ, (૭) ગ્રંથાલયશાસ્ત્ર, (૮) ભાષાશાસ્ત્ર, (૯) સામાન્ય શિક્ષણ, (૧૦) પ્રાણીશાસ્ત્ર, (૧૧) ભૂસ્તરશાસ્ત્ર, (૧૨) કેમિકલ એન્જિનિયરિંગ.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા વિષયો માટે તેનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી 'એડ-હોક' સમિતિઓ રચવી :

(૧) મરાઠી	૧. આચાર્ય વી. એન. જોશી ૨. શ્રી. પી. વી. મંગળવેડેકર ૩. શ્રીમતી સુશીલાબહેન મોદિલે
(૨) સિંધી	૧. શ્રી. એસ. એસ. જુરિયાસિંઘાણી ૨. } બીજા બે સભ્યોની નિમણૂક અંગે ઘટતું કરવા ૩. } કુલપતિશ્રીને સત્તા આપવી.
(૩) બંગાળી	૧. શ્રી. નગીનદાસ પારેખ ૨. શ્રી. જયંતીલાલ આચાર્ય ૩. શ્રી. નિરંજનભાઈ ભગત
(૪) ફ્રેંચ--જર્મન	૧. પ્રો. એચ. એ. ડિસોઝા ૨. પ્રો. આઈ. એમ. ઈચેનીઝ ૩. પ્રો. જહોન બેચલોફ
(૫) અવેસ્તા પહ્લવી	૧. ડૉ. એફ. સી. દાવર ૨. શ્રી. ઈ. ડી. ઉંબૂ
(૬) પત્રકારત્વ	૧. આચાર્ય વી. જે. ત્રિવેદી ૨. શ્રી. પ્રફુલ્લ ઠાકોર ૩. શ્રી. વાસુદેવ મહેતા ૪. શ્રી. નિરુ દેસાઈ
(૭) ગ્રંથાલયશાસ્ત્ર	૧. શ્રી. પી. એફ. પટેલ ૨. શ્રી. કીકુભાઈ ર. દેસાઈ ૩. શ્રી. મોહનભાઈ એમ. પટેલ ૪. શ્રી. હસમુખ પાઠક
(૮) ભાષાશાસ્ત્ર	૧. પ્રો. હરિવલ્લભ ભાયાણી ૨. પ્રો. પ્રબોધ પંડિત ૩. પ્રો. ટી. એન. દવે
(૯) સામાન્ય શિક્ષણ	૧. શ્રી. લાલભાઈ ર. દેસાઈ ૨. શ્રી. રઘુવીર ચૌધરી

૩. શ્રી. હર્ષદભાઈ દેસાઈ
૪. શ્રીમતી મૃણાલિનીબહેન સારાભાઈ
૫. શ્રી. પી. જી. માવળંકર
૬. શ્રી. જે. ડી. ઓઝા

(૧૦) પ્રાણીવિજ્ઞાન
૧. પ્રો. વી. સી. શાહ
૨. પ્રો. જી. ટી. પંડ્યા
૩. ડૉ. એમ. એસ. દુબળે
૪. કુ. એન. જે. ચિનોય
૫. ડૉ. એન. એલ. નાયક

(૧૧) ભૂસ્તરવિજ્ઞાન
૧. પ્રો. એસ. મુકરજી
૨. પ્રો. વી. ડી. દવે
૩. પ્રો. ભરતભાઈ ભટ્ટ

(૧૨) કેમિકલ એન્જિનિયરિંગ
૧. આચાર્ય બી. એસ. પટેલ
૨. પ્રો. કે. જે. ભટ્ટ
૩. પ્રો. એમ. એમ. ભટ્ટ

૫. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૯--૧--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બીજા વર્ષ બી.એ. અને બી.એસસી.ના ફરજિયાત અંગ્રેજી વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ-૭ તથા રેગ્યુ. સાયન્સ-૮ના સંબંધકર્તા ભાગ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સેકન્ડ બી.કોમ.ના ફરજિયાત અંગ્રેજી વિષયના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂર નથી તેમ ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ એસ.વાય.-બી.એ. અને એસ.વાય.બી.એસસી.ના ફરજિયાત અભ્યાસક્રમના રેગ્યુલેશન આર્ટ્સ-૭ તથા રેગ્યુલેશન સાયન્સ-૮ સુધારીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનોના સુધારેલા સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૬. પત્રકારત્વની અભ્યાસસમિતિની તા. ૭--૧૧--૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર પત્રકારત્વના સૂચિત ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પત્રકારત્વના સૂચિત ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં જ્યાં જ્યાં 'Bachelor of Journalism' એ શબ્દપ્રયોગ આવે છે ત્યાં ત્યાં 'Bachelor of Arts (Journalism)' એ શબ્દપ્રયોગ વાપરીને અભ્યાસક્રમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેનું પુસ્તક પત્રકારત્વના વિષયની એડહૉક સમિતિની પરિપત્ર દ્વારા સંમતિ મળ્યેથી સૂચિત પુસ્તકોની યાદીમાં ઉમેરવું :

"અખિલ બ્રહ્માંડમાં ".

૭. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૬--૧૨--૧૯૭૦ના રોજ મળેલ સભામાં થયેલા નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

" The systems of Tutorials in the Colleges should be improved in order to make it more effective."

૮. ટ્યુટોરિયલ્સની હાલની યોજનામાં કુલાધિપતિશ્રીના ચુકાદાને અનુલક્ષીને અસરકારક યોજના તૈયાર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫--૭--૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૮--૭--૧૯૭૦ તથા તા. ૨૭--૮--૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(નોંધ.--આ અંગે શ્રી. એલ. આર. દેસાઈએ નીચે મુજબ સૂચન કર્યું છે :

"ટ્યુટોરિયલ્સ અંગે નીમેલી સમિતિનો હેવાલ એકેડેમિક કાઉન્સિલ માન્ય રાખે તો તેને રેગ્યુલેશનને બદલે ઑર્ડિનન્સનું સ્વરૂપ આપવું. વ્યાખ્યાન જેમ બને તેમ ઓછાં કરી દરેક વિષયમાં વરસ દરમ્યાન ૩૦થી ૪૦ વ્યાખ્યાન હોય—જેમ બને તેમ વધુ ટ્યુટોરિયલ્સની જોગવાઈ કરવી અને ટ્યુટોરિયલ્સમાં વધુમાં વધુ ૨૫ વિદ્યાર્થીઓ જ રાખી શકાય એવો પ્રબંધ કરવો.")

બાબત નં. ૭ અને ૮ની વિચારણા સાથે કરવામાં આવી, અને તે પછી નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના વર્ગોમાં ટ્યુટોરિયલ કામ માટેના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુમાં વધુ ૩૦ની રાખવી, અને આ ભલામણનો અમલ જૂન ૧૯૭૧થી કરવો; અને

(૨) પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યમાં હાલ જે જે વિષયમાં પ્રત્યેક અઠવાડિયે ટ્યુટોરિયલ્સની સંખ્યા ૧ છે તે વધારીને ૨ની કરવી, અને આ ભલામણનો અમલ જૂન ૧૯૭૨થી કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ હેઠળની પ્રત્યેક અભ્યાસસમિતિના અધ્યક્ષને પત્ર લખીને જણાવવું કે તેમના વિષયોના અભ્યાસક્રમોની પોથીઓ અભ્યાસક્રમના જુદા જુદા મુદ્દાઓ(topics)ની પૂરેપૂરી વિગતો તથા તે માટેના આધારભૂત સંદર્ભગ્રંથો તેનાં પાનાં-પ્રકરણોની વિગતો સાથે તૈયાર કરીને તે અભ્યાસક્રમનો મુસદ્દો જે તે અભ્યાસસમિતિની સભામાં રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ટ્યુટોરિયલ કામ અંગે એક નોંધ—ટ્યુટોરિયલ કેવી રીતે લેવા અને વિદ્યાર્થીઓને તે કામમાં બની શકે તેટલા ઓતપ્રોત કેમ કરી શકાય તથા ટ્યુટોરિયલના કામનાં ધ્યેય શાં છે તેની વિગતો સાથેની નોંધ તૈયાર કરવા માટે પણ અભ્યાસસમિતિઓને જણાવવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે 'ઈન્ટર્નલ ઈવેલ્યુએશન'ના ગુણનું વિભાગીકરણ હાલ ૨૫ (કસોટીઓ) વત્તા ૫ (વર્ગકામ, હાજરી ઈત્યાદિ) છે તેને બદલે ૨૦ (કસોટીઓ) વત્તા ૧૦ (વર્ગકામ, હાજરી ઈત્યાદિ) ગુણ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૩--૧૧--૧૯૭૦ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત:

This Faculty resolves that in order to do equal justice to the courses in theory and in practicals in various subjects, the total periods to be assigned to each subject should be revised as under :

		Lectures				
		Science Subjects		*Maths.*	*Statistics*	*Practicals*
Pre-Uni. Sc.		5		8	—	3
F.Y.B.Sc.		6		8	—	6+2 Biology
S.Y. B.Sc	3 Lectures per paper	6	3 (Sp.)	8+4	6+3	6+3 4+2 for Statistics.
T.Y.B.Sc.		15		20	15	16 6 for Statistics.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા શાખામાં થિયરી અને પ્રેક્ટિકલ કામ માટે તાસની સંખ્યા નીચે મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

		Lectures			
		Science Subject	*Maths.*	*Statistics*	*Practicals*
Per-Uni. Sc.		5	8	—	3
F.Y.B.Sc.		6	8	--	6+2 Biology
S.Y.B.Sc.	3 Lectures per paper	6+3(Sp.)	8+4	6+3	6+3
T.Y.B.Sc.		15	20	15	16 9 for Statistics

૧૦. આચાર્ય ય. ગુ. નાયકના તા. ૨૦--૩--૧૯૭૧ના પત્રથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" આથી એકેડેમિક કાઉન્સિલની સભા ઠરાવે છે કે કૉલેજોમાં ૧૧૦૦ને બદલે ૧૬૫૦ની મહત્તમ પ્રવેશની સંખ્યા રાખવાનું ઠરાવ્યું છે તે ઠરાવ રદ કરવો અને હાલની ૧૧૦૦ની મહત્તમ સંખ્યા ચાલુ રાખવી."

૧૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

" દરેક વર્ગમાં સંખ્યા ચાન્સેલર સાહેબના એવોર્ડ મુજબ ૧૧૧ રાખી વાઈસ-ચાન્સેલર સાહેબે વધારાના ૧૦ વિદ્યાર્થી આપવાનું બંધ કરવું. તે મુજબ ઑર્ડિનન્સ ઘડવો મતલબ કે વાઈસ ચાન્સેલર સાહેબે આપવાના વધારાના ૧૦ વિદ્યાર્થી બંધ કરવા."

૫૭. ઑર્ડિનન્સ ૧૨૦--બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાના પ્રિ. ડી. એચ. વેલવણના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

O. 120–B :

(*i*) (*a*) A college shall have not more than 1200 students so long as not more than three special or optional subjects are taught upto the final year of the degree courses.

(*b*) A college shall have more than 1200 students if more than three special or optional subjects are taught up to the final year of the degree courses; and a college shall be entitled to have 200 more students for every additional number of special or optional subject over and above three special or optional subjects taught up to the final year of the degree courses

(*ii*) There shall not be more than two Faculty-units in a college.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed the maximum strength permissible under clause (*i*) above.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 100 students in the Faculties of Arts, Science and Commerce provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of an additional number of students not exceeding 10 per cent of the maximum admissible number of students in each division subject to a maximum total of students as mentioned in (*i*) and (*iii*) above.

Provided that a college seeks such permission for the purpose of admitting its own students without admitting any student of any other local college situated in the same town or village;

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not be at any of the stages, viz., either Pre-University Class or First Year Class be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in class or in a division thereof.

And the following note be added below the proposed amended O. 120-B:

Note.—This shall come into force with immediate effect subject to the proviso that, till the conclusion of the academic year ending on 15th March 1974, a college shall be entitled to admit such number of students as not exceeding the total number of students admitted in the previous academic year.

૭૯. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧ અને ૨૭/૨૮--૩--૧૯૭૧ની વાર્ષિક સભામાં રિફર બેક કરેલ ઑર્ડિ. ૧૨૦-બી સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮--૪--૧૯૭૧ની સભામાં એકૅડેમિક કાઉન્સિલને મોકલ્યો હોઈ તે પર વિચારણા બાબત.

બાબત નં. ૧૦, ૧૧, ૫૭ અને ૭૮ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી લંબાણ ચર્ચા-વિચારણાને અંતે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવામાં આવી :

(૧) પ્રત્યેક વર્ગમાં વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા ૧૧૫ની રાખવી, અને કોઈ પણ એક શ્રોણીમાં તેના એક કે વધુ વર્ગો(divisions)માં કુલ પ્રત્યેક શ્રોણી દીઠ આચાર્યશ્રીની વિનંતીથી વધુમાં વધુ ૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) કૉલેજમાં વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા જે હાલ ૧૧૦૦ની છે તેમાં કશો ફેરફાર કરવો નહિ.

૧૨. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૯--૧--૧૯૭૧ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"એજ્યુકેશનના વિષય માટે શિક્ષકોની લાયકાત અંગેનાં ધોરણોમાં સુધારા કરવામાં આવેલ છે અને તે આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષણના વિષયો માટે સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મુજબ એજ્યુકેશનના શિક્ષણ માટે શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલાં સૂચિત ધોરણોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.).

૧૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૩--૧૧--૧૯૭૦ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખાને લગતા શિક્ષકોની નિમણૂક અંગે સમિતિએ તા. ૧૯-૮-૧૯૭૦ની સભામાં સૂચવેલાં લાયકાતનાં ધોરણોમાં કેટલાક સુધારાવધારા કરવામાં આવ્યા અને તે સુધારા સાથે લાયકાતનાં ધોરણો સ્વીકારવા ભલામણ કરવામાં આવે છે."

૭૬. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"૧૫મી જૂન ૧૯૭૧થી સંલગ્ન કૉલેજોમાં આર્થિક અને વાણિજ્ય ભૂગોળના વિષયનું શિક્ષણકાર્ય ભૂગોળના વિષયમાં પદવી ધરાવતા શિક્ષકોને જ સોંપવામાં આવે તેવી નિયમોમાં જોગવાઈ કરવી."

બાબત નં. ૧૩ અને ૭૬ની વિચારણા સાથે કરવામાં આવી, અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

વાણિજ્યની વિદ્યાશાખામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલાં સૂચિત ધારાધોરણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૭૬. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

સદરહુ બાબત નં. ૧૩ અને ૭૬ની વિચારણામાંથી બીજી જે ચર્ચા ઉદ્‌ભવી તેને અનુલક્ષીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) કોઈ પણ વ્યકિત કે જે સ્નાતક કક્ષાએ તેમ જ અનુસ્નાતક કક્ષાએ–એમ બેઉ કક્ષાએ ફકત પાસ વર્ગમાં જ ઉત્તીર્ણ થઈ હોય તેને ટયૂટર, ડેમોન્સ્ટ્રેટર કે લેકચરર કે અન્ય કોઈ શિક્ષકના પદ માટે લાયક ગણવી નહીં તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) કોઈ પણ વ્યકિત કે જે સ્નાતક કક્ષાએ અને અનુસ્નાતક કક્ષાએ–એમ બેઉ કક્ષાએ પાસ વર્ગમાં ઉત્તીર્ણ થઈ હોય તેને અનુસ્નાતક શિક્ષક તરીકે કે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્ય કરવી જોઈએ નહીં, એમ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને સૂચવવું.

(૩) આ પહેલાં જે વ્યકિતઓએ કોઈ પણ કક્ષાએ શિક્ષક તરીકે કામ કર્યું હોય તો તેને શિક્ષક તરીકેના પદ માટેની તથા અનુસ્નાતક શિક્ષક માટેની માન્યતા માટે શું કરવું તે હવે પછી વિચારવાનું રાખવું.

૭૪. આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિમાતા પરીક્ષકોની નિમણૂક માટે તેમની સિનિયોરિટી નક્કી કરવા તેમની શૈક્ષણિક લાયકાત, અનુસ્નાતક શિક્ષક તરીકેનો અનુભવ, ઈત્યાદિ માટે ગુણાંક આપી ધોરણ ઘડવા અંગે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પૂર્વસ્નાતક શિક્ષણની પ્રક્રિયામાં યુનિવર્સિટીએ ફકત પ્રી-યુનિવર્સિટી અને પદવી પરીક્ષાઓ લેવાનું રાખવું જોઈએ એમ આ સભાગૃહનું મંતવ્ય છે અને તેના પ્રથમ પગલા તરીકે જૂન ૧૯૭૨થી એસ.વાય.બી.એ., એસ.વાય.બી.એસસી. અને એસ.વાય.બી.કોમ.ની પરીક્ષાઓ જે હાલ યુનિવર્સિટી તરફથી લેવામાં આવે છે તેને બદલે તે પરીક્ષાઓ લેવાનું કામ કોલેજો ઉપર છોડવું અને તે અંગે નીચે મુજબ સૂચનાઓ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) પ્રત્યેક પ્રશ્નપત્રમાં તે માટે નિયત થયેલો સમગ્ર અભ્યાસક્રમ આવરી લેવામાં આવે તે રીતે પ્રશ્નપત્રો કાઢવા જોઈએ.

(૨) પ્રશ્નપત્રમાં પ્રશ્નના વિકલ્પો આંતરિક રીતે (Internal options) આવે તે રીતે પ્રશ્નપત્રો કાઢવા જોઈએ;

(૩) આ પરીક્ષાઓ કૉલેજોએ આંતરિક ગુણાંકનની પરીક્ષાઓના નિયમ મુજબ લેવાનું રાખવું જોઈએ.

(૪) સદરહુ પરીક્ષાના ગુણની ટકાવારી જે કેડિટ પદવી-પરીક્ષામાં આપવામાં આવે છે તે રદ કરવી.

(૫) સદરહુ પરીક્ષા માટે ફી અંગેના પ્રશ્ન પર સિન્ડિકેટે જરૂરી વિચારણા કરવાનું રાખવું.

(૬) પ્રત્યેક પ્રશ્નપત્રની પાંચ પાંચ નકલો યુનિવર્સિટીને મોકલવા જણાવવું અને તે પ્રશ્નપત્રો માટે જે તે અભ્યાસસમિતિઓના સભ્યોને જોવા માટે ઉપલબ્ધ કરવા; અને

(૭) સદરહુ પરીક્ષા માર્ચ ૧૧મીથી ૨૦મી સુધીના ગાળામાં રાખવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું. તે પછી વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રાશ્નિક/પરીક્ષક અને મોડરેટરની નિમણૂકો માટેના અગ્રતાક્રમ અંગે નીચે મુજબ ગુણાંકનું ધોરણ માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શૈક્ષણિક લાયકાત	જે તે ફેકલ્ટીમાં	ગુણાંક
બેચેલર્સ ડિગ્રી	પાસ કલાસ	૦
,, ,,	સેકન્ડ કલાસ	૧
,, ,,	ફર્સ્ટ કલાસ	૩
માસ્ટર્સ ડિગ્રી	પાસ કલાસ	૨
,, ,,	સેકન્ડ કલાસ	૪
,, ,,	ફર્સ્ટ કલાસ	૬
પીએચ.ડી.		૮
પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે : પ્રોફેસર અને લેકચરર માટે	—	૧
પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે : ડેમોન્સ્ટ્રેટર અને ટ્યુટર માટે	—	૧

(લેકચરર તરીકેની લાયકાત હોય તો)

૨. એક વ્યકિતએ મેળવેલ સ્નાતક અને અનુસ્નાતક પદવીના ગુણાંક ઉપર પ્રમાણે ગણવામાં આવે. બે વખત સ્નાતક કે હોય બી.એ. બી.કૉમ., કે બેમાં માસ્ટર્સ ડિગ્રી હોય કે એલએલ.બી. તેને ધ્યાનમાં લેવી નહિ.

૩. માન્ય અનુસ્નાતક શિક્ષકને તેને માન્યતા મળે તે પછીના પ્રત્યેક પૂરા વર્ષ દીઠ એક પણ વધુમાં વધુ એવા ૧૧ ગુણાંક આપવામાં આવે.

૪. જો કોઈ શિક્ષક પીએચ.ડી. ગાઈડ તરીકે માન્ય થયેલ હોય અને ઓછામાં ઓછા એક વિદ્યાર્થીના મહાનિબંધ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકૃત થયો હોય તો તેને ઉપર ૧, ૨ અને ૩માં જણાવેલા ગુણાંક ઉપરાંત ૪ વધુ ગુણાંક આપવામાં આવે.

૫. જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજ માટે ભૂલ કે ગેરરીતિ માટે એક કે વધુ વર્ષ માટે પરીક્ષકની નિમણૂક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો જેટલાં વર્ષ માટે તેમને અપાત્ર ગણવામાં આવ્યા હોય તો તે આંકડાને બે વડે ગુણીને જે રકમ આવે તેટલા ગુણાંક તેના કુલ ક્રેડિટ ગુણાંકમાંથી બાદ કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે કોઈ પણ વ્યકિતને તેને સતત ચાર વખત (four terms) સુધી પ્રાશ્નિક/પરીક્ષક/મોડરેટર તરીકે કામ કર્યા પછી તેને ઓછામાં ઓછા એક વર્ષ માટે આરામ (drop) આપવો.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૨૧-૪-૧૯૭૧ના રોજ બંધ રહ્યું અને બીજા દિવસે, એટલે કે તા. ૨૨-૪-૧૯૭૧ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા ફરી મળતાં યાદી પરનાં બાકીનાં કામકાજ હાથ ધરવામાં આવ્યાં.

૧૫. ડૉ. એમ. એન. દેસાઈ તરફથી તેમના તા. ૨૫--૧--૧૯૭૧ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓમાં ડેમોન્સ્ટ્રેટર અને ટ્યૂટરને બી.એસસી. કક્ષા સુધીની પ્રાયોગિક પરીક્ષાના કાર્યમાં સમાવેશ કરવા માટે યોગ્ય પ્રબંધ કરવા એકૅડેમિક કાઉન્સિલની આ સભા યુનિવર્સિટીના યોગ્ય સત્તામંડળને ભલામણ કરે છે."

સમજૂતી

"પરીક્ષકોની નિમણૂક માટેના હાલના નિયમો અનુસાર ડેમોન્સ્ટ્રેટર કે ટ્યૂટરને પ્રી-યુનિ. સાયન્સની પ્રાયોગિક પરીક્ષા સિવાય બીજી કોઈ પણ કક્ષાએ પેનલ પર લઈ શકાતા નથી. વિજ્ઞાન વિદ્યાશાખામાં આપણી યુનિવર્સિટીમાં શિક્ષકોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે :

પ્રાધ્યાપક	વ્યાખ્યાતા	ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટર
૧૨૯	૩૪૯	૪૮૪

રસાયણશાસ્ત્રની બોર્ડમાં છેલ્લાં પાંચ વર્ષના અનુભવે કહું છું કે બધા જ ડેમોન્સ્ટ્રેટર પ્રી-યુનિ. સાયન્સ પ્રૅક્ટિકલની પેનલ પર જ રહે છે. ડેમોન્સ્ટ્રેટર બી.એસસી. સુધી પ્રાયોગિક કાર્ય કરાવે છે અને પ્રાયોગિક પર શા માટે ડેમોન્સ્ટ્રેટરને પ્રાયોગિક પરીક્ષક તરીકે લાયકાતપાત્ર ન ગણવા એ યોગ્ય નથી. ખરી રીતે તો પ્રાયોગિક પરીક્ષા માટે ૧૦૦ ટકા લાયક પરીક્ષક ડેમોન્સ્ટ્રેટર જ લેઈ શકે. આજે તો બધે જ ઊલટી પ્રક્રિયા ચાલતી હોય છે અને જેઓએ પ્રાયોગિક કાર્યમાં સહેજ પણ ભાગ લીધો ન હોય એવી વ્યક્તિઓ પ્રાયોગિક પરીક્ષાઓમાં નિયુક્ત થાય છે અને સરવાળે ન તો વિદ્યાર્થીઓનું કે ન તો યુનિવર્સિટીનું હિત જળવાય છે.

તેથી મારું એવું સૂચન છે કે—

(૧) જે ડેમોન્સ્ટ્રેટર કે ટ્યૂટરને ટી.વાય.બી.એસસી. પ્રાયોગિક કામનો ૧૦ વર્ષનો અનુભવ હોય તેને ટી.વાય.બી.એસસી. પ્રાયોગિક પરીક્ષાઓની પેનલ પર લેવા.

(૨) જે ડેમોન્સ્ટ્રેટર કે ટ્યૂટરને એસ.વાય.બી.એસસી. પ્રાયોગિક કામનો ૮ વર્ષનો અનુભવ હોય તેને એસ.વાય.બી.એસસી. પ્રાયોગિક પરીક્ષકોની પેનલ પર લેવા.

(૩) જે ડેમોન્સ્ટ્રેટર કે ટ્યૂટરને એફ.વાય.બી.એસસી. પ્રાયોગિક કામનો ૭ વર્ષનો અનુભવ હોય તેને એફ.વાય.બી.એસસી. પ્રાયોગિક પરીક્ષકોની પેનલ પર લેવા.

(૪) પાંચ વર્ષના ડેમોન્સ્ટ્રેટર કે ટ્યૂટરના અનુભવવાળાઓને હાલના નિયમ અનુસાર પ્રી-યુનિ. સાયન્સ પ્રૅક્ટિકલની પ્રાયોગિક પરીક્ષકોની પેનલ પર લેવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવો.

૧૬. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તા. ૨૫--૯--૧૯૭૦ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"This Board resolves to recommend that there must be at least one internal Examiner in each subject in every examination under the Faculty of Technology including Engineering."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિને પુનર્વિચારણા માટે મોકલવી.

૧૭. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૨૫--૯--૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" ફાર્મસીની પરીક્ષાઓ માટે પ્રાશ્નિક/પરીક્ષક માટે અનુભવના જે નિયમો કર્યા છે તેમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારો કરવા ભલામણ કરવામાં આવે છે. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાર્મસીની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૮. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૬--૧૨--૧૯૭૦ના રોજ મળેલ સભામાં થયેલા નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"Private tuitions by University teachers should be banned and deterrent action should be taken against any breach of this regulation. "

૧૯. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટે ખાનગી ટ્યૂશન અંગે કરેલા ઠરાવને ઑર્ડિનન્સના રૂપમાં મૂકવો".

૨૦. પ્રિ. એલ. ડી. દવેના તા. ૬--૭--૧૯૬૯ના પત્રથી આવેલા નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

(*a*) "In view of the fact that Gujarat University has not established any machinery to check the prevalent evil of Private Coaching by College and University Teachers the resolution passed by this House in this connection be rescinded.

(*b*) This House requests the Syndicate to take necessary steps to implement the resolution of this House regarding Private Coaching by College and University Teachers."

(નોંધ.— એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવનો પાઠ નીચે મુજબ છે :

" આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કોઈ પણ કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનમાં કામ કરતા કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યૂશન કરી શકશે નહિ કે તાલીમ વર્ગ (કોચિંગ ક્લાસ) ચલાવી શકશે નહિ."

બાબત નં. ૧૮, ૧૯ અને ૨૦નો વિચારણા સાથે કરવામાં આવી અને તે પછી નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) તમામ વિદ્યાશાખાઓની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને ખાનગી રાહે વિદ્યાર્થીઓને ટ્યૂશન આપવાની મના કરવી, તેમ છતાં અભ્યાસમાં કાચા જણાયેલા વિદ્યાર્થીઓને માટે કૉલેજોમાં આચાર્યશ્રીની મંજૂરીથી ખાસ તાલીમ વર્ગો ચલાવી શકાશે, પણ આવા વર્ગો કૉલેજોના મકાન સિવાય અન્યત્ર યોજી શકાશે નહિ અને તે માટે વધારાની કશી પણ ફી વિદ્યાર્થીઓ પાસેથી લઈ શકાશે નહિ.

વધુમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતોમાં ઉપર મુજબની એક શરત ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) યુનિવર્સિટી પરીક્ષાઓ માટે પ્રાધ્યિનક/પરીક્ષક/મોડરેટર તરીકેની નિમણૂક માટેનું જે નિયતપત્રક સંલગ્ન કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનના શિક્ષક ભરીને મોકલી આપે તે પત્રકમાં સંબંધકર્તા શિક્ષકની સહીના નીચેના ભાગમાં આચાર્ય/અધ્યક્ષ નીચે મુજબનો શેરો, પૂરતી ખાતરી કરીને, કરવાનું આવશ્યક ગણવું :

"I have ascertained the veracity of the facts mentioned above and hereby affirm that they are true to the best of my knowledge and belief."

૨૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"કૉન્ડોનેશન માટે જે ઑર્ડિનન્સો છે તે પૈકી ઑર્ડિનન્સ ૧૪૧ રદ કરવો. કોઈ પણ એક જ વિષયમાં ૧૦ માર્ક સુધી ખૂટતા હોય તે અમુક શરતે ઉમેરી આપવા માટે જે ઑર્ડિનન્સ ૧૪૦ છે તે પૂરતો છે. એથી વધુ છૂટછાટ આપવી નહિ એટલે ઑર્ડિનન્સ ૧૪૧ રદ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાઓમાં 'કૉન્ડોનેશન'ના ગુણનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહિ.

૨૨. બેવડા પરીક્ષણની પદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવા બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--'૬૮-ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૯--૧૧--૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ઉપર ચર્ચાવિચારણા કર્યા પછી સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવામાં આવે :

(૧) બેવડા પરીક્ષણની પદ્ધતિ જરૂરી છે અને તે ચાલુ રાખવી.

(૨) (ક) પરીક્ષકો પાસેથી યુનિવર્સિટી કાર્યાલયને ગુણપત્રકો મોકલવા અંગેની હાલની પદ્ધતિમાં કશો ફેરફાર કરવો નહિ.

(ખ) જો ચેરમેન અથવા પરીક્ષકમંડળનો કોઈ સભ્ય પરીક્ષણનું કાર્ય કરવા અશક્તિ દર્શાવે તો ચેરમેન પરીક્ષકોની પેનલમાંથી કોઈ યોગ્ય વ્યકિતને અને તે પણ શકય ન હોય તો યોગ્ય લાયકાતવાળી બહારની વ્યકિતને નીમવા માટે કુલપતિશ્રીને ભલામણ કરશે.

૨૩. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૮--૯--૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર પરીક્ષકોના અહેવાલમાં નીચેની બાબતો સમાવવા અંગેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) અભ્યાસ માટે પુસ્તકો વાંચ્યાં છે કે કેમ ?

(૨) કન્ટેન્ટ તથા પ્રશ્નોની વિશિષ્ટતા તથા વિદ્યાર્થીઓનું મુદ્દાસર લખાણ છે કે કેમ તે અંગે ઉલ્લેખ થવો જોઈએ.

(૩) ઓછામાં ઓછો એક ઑબ્જેક્ટિવ સવાલ અને પ્રશ્નોમાં આંતરિક વિકલ્પોની વ્યવસ્થા પરીક્ષામાં થાય તેવી ખાસ ભલામણ છે.

(૪) રેમ્યુનરેશન બિલની સાથે સહપરીક્ષકોનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને મળવો જોઈએ અને ન મળ્યો હોય તો મગાવી લેવો જોઈએ.

(૫) ચેરમૅન-કન્વીનરે પ્રશ્નપત્ર દીઠ અહેવાલ આપવો જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો સ્વીકારવી અને તે તમામ વિષયોની પરીક્ષાઓના હેવાલની બાબતમાં લાગુ પાડવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૪. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૩--૧૦--૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. આ સભા ભલામણ કરે છે કે પરીક્ષકોએ ઑબ્જેક્ટિવ પ્રશ્નો પૂછવાના રાખવા અને બિનજરૂરી પ્રશ્નો પૂછવાના રાખવા જોઈએ નહિ.

૨. અપેક્ષા પ્રમાણેના જ પ્રશ્નો પૂછવા.

૩. કોર્સનું કવરેજ કંપ્લિટ થાય તે માટે દરેક પ્રશ્નના બે કે ત્રણ ભાગ પાડી પ્રશ્નો પૂછવા જોઈએ, અને

૪. પ્રશ્નપત્રોનું ભાષાંતર બરોબર લેવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણોની નોંધ લેવી.

૨૫. એકાઉન્ટિંગની અભ્યાસસમિતિની તા. ૨૯--૩--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" પ્રી-યુનિવર્સિટી વાણિજ્યનો એલિમેન્ટરી એકાઉન્ટન્સીનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો તથા સંબંધકર્તા રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨નો સંબંધકર્તા ભાગ સુધારી તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ રેગ્યુલેશન નં. પ્રી-કૉમર્સ-૨નો સંબંધકર્તા ભાગ સુધારીને તે રેગ્યુલેશનને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશન પ્રી-કૉમર્સ-૨ની નકલ **પરિશિષ્ટ " ધ "** તરીકે સામેલ છે.)

૫૧. વાણિજ્યની અભ્યાસસમિતિની તા. ૧૫--૨--૧૯૭૧ની સભાએ કરેલ નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

" આ સભા ભલામણ કરે છે કે પ્રી-યુનિવર્સિટી કૉમર્સને લગતો (૧) 'બિઝનેસ મૅથેમેટિક્સ'નો અભ્યાસક્રમ તેમ જ (૨) ' ઍલિમેન્ટ્સ ઑફ કૉમર્સ 'ને લગતો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલમાં લાવવો અને તે મુજબ રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨માં ઘટતો સુધારો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વાણિજ્યને લગતા સદરહુ અભ્યાસક્રમો સુધારવા અને તે માટે રેગ્યુલેશન પ્રી-કૉમર્સ-૨માં જરૂરી સુધારા કરીને તે સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા સદરહુ રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૨. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૨--૪--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

" વાણિજ્યના નવા માળખા પ્રમાણેનો પ્રી-યુનિવર્સિટી વાણિજ્યનો ઇકોનોમિક ઍન્ડ કૉમર્શિયલ જોગ્રાફી વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરી તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨ને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી. યુનિવર્સિટી વાણિજ્યને લગતા સદરહુ અભ્યાસક્રમ સુધારવા અને તે માટે રેગ્યુલેશન પ્રી-કૉમર્સ-૨માં જરૂરી સુધારા કરીને તે સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા સદરહુ રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૩. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૨--૪--૧૯૭૧ની સભાની નીચેનાં ભલામણ પર વિચારણા કરવા બાબત :

" બીજા વર્ષ બી.એ.ના ભૂગોળ વિષયના પ્રશ્નપત્ર ૩, ૪ અને ૫ના અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા તથા તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૭ને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા સદરહુ રેગ્યુ. આર્ટ્સ-૭ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૪. રાજ્યશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨--૪--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આ અભ્યાસસમિતિએ તેની તા. ૨૫--૯--૧૯૭૦ની સભામાં અભ્યાસક્રમમાં સુધારો કરવા અંગે

કરેલી ભલામણો ઉપર પુનર્વિચારણા કરી આ સભા નીચે મુજબ ભલામણ કરે છે :

(૧) પ્રી યુનિવર્સિટી વિનયનના રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૧માં સિવિક્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન વિષયનો પ્રશ્નપત્ર છે તેને બદલે ઑન ઇન્ટ્રોડક્શન ટૂ ઇન્ડિયન ગવર્નમેન્ટનો પ્રશ્નપત્ર રાખવો અને તે પ્રશ્નપત્ર માટેનો અભ્યાસક્રમ રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨માં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે.

(૨) પ્રથમ વર્ષ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૨માં રાજ્યશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવો અને તે સુધારો જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે.

(૩) એમ.એ. ભાગ ૧માં રાજ્યશાસ્ત્ર વિષય માટે પ્રશ્નપત્રોનો ક્રમ નીચે મુજબ સુધારવા તથા તે પ્રશ્નપત્રોનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે માટે રેગ્યુ. એમ.એ.--૫માં સુધારો કરી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે :

Paper I : Indian Politics,
Paper II : International Relations,
Paper III : Recent Political Thought,
Paper IV : Comparative Politics.

(૪) એમ.એ. ભાગ ૨માં રાજ્યશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે માટે રેગ્યુ. એમ.એ.--૮માં સુધારો કરી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ કરવી.

(૫) એમ.એ. ભાગ ૨ની પરીક્ષામાં રાજ્યશાસ્ત્ર વિષય માટે બે બે પ્રશ્નપત્રોનાં બે પેટાજૂથો વિદ્યાર્થીઓએ પસંદ કરવાનાં હોય છે તેમાં બે પ્રશ્નપત્રના એક પેટાજૂથના વિકલ્પે ડિઝર્ટેશન લેવાની જોગવાઈ રેગ્યુ. એમ.એ.--૮માં નીચે મુજબ ઉમેરવા ભલામણ કરવામાં આવે છે :

"A student may after Dissertation in lieu of one sub-group of two papers, provided he is permitted by the teacher concerned."

(૬) વિનયનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં વિષયો પસંદ કરવા અંગેના ઑર્ડિ. આર્ટ્સ--૬માં ગ્રુપ ૧ માં (૨૨)મા વિષય તરીકે પોલિટિક્સ વિષય ઉમેરવા ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૧, પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ. એમ.એ. -૧, રેગ્યુ. એમ.એ.-૮ તથા ઑર્ડિ. આર્ટ્સ--૬ના સંબંધકર્તા ભાગ સુધારવા અને તે સુધારેલા રેગ્યુલેશનો તથા ઑર્ડિનન્સોને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી,

વધુમાં ઠરાવવામાં આવ્યું કે An Introduction to Indian Governmentનો વિષય શીખવવા માટે લાલના ઇતિહાસ કે રાજ્યનીતિશાસ્ત્રના શિક્ષકને પાત્ર ગણવા. પરંતુ નવા નિમાયેલા શિક્ષકો પૈકી જે શિક્ષક એમ.એ.માં પ્રથમ કે બીજા વર્ગમાં રાજ્યનીતિશાસ્ત્રનો વિષય લઈને ઉત્તીર્ણ થયા હોય તેમને જ પાત્ર ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા અભ્યાસક્રમોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૫. સિન્ડિકેટે તેની તા. ૬--૩--૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે કન્ટેન્સ્ડ એમ.બી., બી.એસ. કોર્સમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ફરજિયાત હાઉસમૅનશિપમાંથી મુક્તિ આપવા અંગે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના અભિપ્રાય મંગાવવા અને તે આવ્યેથી તે બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી."

આ અંગે તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૪--૩--૧૯૭૧ની સભામાં નીચે મુજબ ભલામણ કરી છે :

"આથી ઠરાવવામાં આવે છે કે કન્ટેન્સ્ડ એમ.બી., બી.એસ. અભ્યાસક્રમની ફાઇનલ પરીક્ષા પાસ કર્યા પછી વિદ્યાર્થીને પદવી આપતાં પહેલાં ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ કે બે વર્ષના હૉસ્પિટલ વર્કનો અનુભવ લેવાનું આવશ્યક છે તે રદ કરવું અને તે માટે ઑર્ડિ. ૨૧૬ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની તા. ૨૪-૩-૧૯૭૧ની સભાએ કરેલી ભલામણ, ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના આ અંગેના નિયમોને ભારત સરકારની અનુમતિ મળેલી નથી તે જોતાં, મંજૂર કરવા, અને તેને અનુલક્ષીને ઑર્ડિ. ૨૧૬ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ સુધારેલા ઑર્ડિ. ૨૧૬ની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૫૬. તબીબી વિદ્યાશાખાની તા. ૨૪--૩--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ૧૩૭ મેડિસિનની વિગતોમાં પેટાવિભાગ (એ) નીચે મુજબ સુધારવો :

(1) Medicine including Preventive and Social Medicine : The Examination in Medicine shall consist of—

(*a*) two papers each of three hours duration carrying 100 marks each of which one section carrying 50 marks shall be devoted to Preventive & Social Medicine in Paper II only."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. ૧૩૭ને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૦ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૧. એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી સંસ્કૃત, પ્રાકૃત અને ભારતીય સંસ્કૃતિના વિષયો માટે પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી, અમદાવાદની માન્યતા તા. ૧૧મી જૂન ૧૯૭૧થી તા. ૧૪મી જૂન ૧૯૭૬ સુધી (પાંચ વર્ષ માટે) નીચેની શરતોએ રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂક કરવામાં આવે :

(૧) ભારતીય સંસ્કૃતિમાં પીએચ.ડી.માં માર્ગદર્શકની માન્યતા ધરાવતા શિક્ષક, તથા

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ.

(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે માન્ય સંસ્થાઓ માટે પૂરા સમયના ઓછામાં ઓછા શિક્ષકગણ અંગે જરૂરી નિયમો સૂચવવા માટે ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને જણાવવું.

૬૩. માઈક્રોબાયોલોજીના ત્રીજા વર્ષ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા હાલ જે ત્રણ દિવસની છે તે ચાર દિવસની રાખવાની અને બીજા વર્ષ બી.એસસી. (મુખ્ય)ની પરીક્ષા ત્રણ દિવસ રાખવાની માઈક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૮--૧૦--૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ અંગેની વિગતો સાથેનો અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮--૧--૧૯૭૧ની સભામાં મંજૂર થયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૭૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૯--૩--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

"વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી--ડેમોન્સ્ટ્રેટરનું પ્રમાણ, જે સિન્ડિકેટે તેની તા. ૧૨--૧૨--૧૯૭૦ની સભામાં મંજૂર કર્યું છે, તેમાં પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી. માટે અસ્પષ્ટતા દોષ, તે નીચે મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે :

	એક ડેમોન્સ્ટ્રેટર દીઠ વિદ્યાર્થીનો વધારેમાં વધારે સંખ્યા
પહેલા વર્ષ બી.એસસી. માટે	
કેમિસ્ટ્રી	૩૦
ફિઝિક્સ	૩૦
બાયોલોજી	૨૦
બીજા વર્ષ બી.એસસી. માટે	
કેમિસ્ટ્રી	૨૧
ફિઝિક્સ	૨૧
અન્ય વિષયો	૨૦
ત્રીજા વર્ષ બી.એસસી. માટે	
બધા વિષયો	૨૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૧. ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓની તા. ૨૧--૧--૧૯૭૧ની સંયુક્ત સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બીજી એલએલ.બી.ના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૩માં ટ્રાન્સફર ઑફ પ્રોપર્ટીના વિભાગમાં 'ઇન્ડિયન રજિસ્ટ્રેશન ઍક્ટ'નાં નીચેનાં સેક્શન અભ્યાસક્રમમાં ઉમેરવા તથા આ સુધારો જૂન ૧૯૭૧થી એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવા ભલામણ કરવી :

સેક્શન્સ ૧૭, ૧૮, ૪૭, ૪૮, ૪૯ અને ૫૦."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિઓની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. લૉ ૪(ન્યૂ)નો સંબંધકર્તા ભાગ સુધારીને તે રેગ્યુલેશનને જૂન ૧૯૭૧થી એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭૨. ગુજરાતીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩--ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા નીચે પ્રમાણે રેફરીઓની કમાનુવર્તી નિમણૂક અંગે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
શ્રી. એસ. વી. ભાવસાર	ગુજરાતી : "સ્વ. કિશોરલાલ મશરૂવાળા"	ડૉ. બી. જે. ઝવેરી ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	૧. પં. સુખલાલજી સંઘવી, અમદાવાદ ૨. આચાર્યશ્રી કાકાસાહેબ કાલેલકર ૩. પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૪. મનસુખલાલ ઝવેરી

(નોંધ.—૨૪ સભ્યોમાંથી ૧૨ સભ્યોએ સંમતિ દર્શાવી છે અને એક સભ્યે ક્રમાંક ૨ અને ૪ સામે બતાવેલી વ્યક્તિઓ માટે સંમતિ દર્શાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેના નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૭૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા નીચે પ્રમાણે રેફરીની કમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે :

Name of Student	*Subject*	*Internal referee*	*External referees*
Shri M. Ramkrishna Iyer	"Charge and energy distribution of fission fragments in Law, energy fission and their Nuetron evaporation and Beta Decay characteristics"	Dr. A. K. Ganguly, Bhabha Atomic Research Centre	1. Prof. A. C. Wahl, Dept. of Chemistry, Louderman Hall, Washington University, St. Louis, Missouri, 063130.

Name of Student	*Subject*	*Internal referee*	*External referees*
			2. Prof. A. C. Pappas, University of Oslo, Blindern, Norway.
			3. Prof. N. Feather, University of Edinburgh, Old College, South Bridge, edinburgh, U.K.
			For viva
			1. Prof. L. S. Kothari, Dept. of Physics and Astro-physics, University of Delhi, Delhi-7.
			2. Prof. D. N. Kundu, Director, Saha Institute of Nuclear Physics, 92, Acharya Prafullachandra Road, Calcutta-9.
			3. Prof. A. K. Saha, Saha Institute of Nuclear Physics, 92, Acharya Prafullachandra Road, Calcutta-9.
Shri V. R. Rao	"Airglow Studies in Low Latitude"	Dr. K. R. Ramanathan	1. Dr. G. Weill, Chairman, IAGA, Comm. VII Centre, National dela Recherche Scientifique, Institute of Astro Physique, 98, biz Boulevard Arago, Paris 14.
			2. Dr. W. R. Steiger, Physics Department, University of Hawaii, Honolulu (Hawaii) U.S.A.

Name of Student	*Subject*	*Internal*	*External referees For Viva-Voce*
			1. Dr. R. V. Karandikar, Director, Osmania Observatory, Dept of Astronomy, Osmania University, Hyderabad (A. P.)
			2. Dr. Vainu Bappu, Director, Astrophysical Observatory, Kodaikanal, Tamilnadu.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે બતાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૭૪. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૫--૪--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિ. વાણિજ્યના 'એલિમેન્ટ્સ ઓફ ઈકોનોમિકસ'ના અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા રેગ્યુ. પી-કોમર્સ--૨ નો સંબંધકર્તા ભાગ સુધારી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મુજબ કરવા તથા તે મુજબ પ્રી-યુનિવર્સિટી વાણિજ્યમાં 'એલિમેન્ટ્સ ઓફ ઈકોનોમિકસ' ના અભ્યાસક્રમ શીખવવા માટે રેગ્યુ. પ્રી-કોમર્સ--૨નો સંબંધકર્તા ભાગ સુધારવા અને તે સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૭૫. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૫--૪--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(અ) આથી ભલામણ કરવામાં આવે છે કે એમ.એ. ભાગ ૧ની પરીક્ષામાં રેગ્યુ. એમ.એ.--૧ માં અર્થશાસ્ત્ર વિષયમાં ગ્રુપ "ડી"માં નીચે મુજબ સુધારો કરવો અને તેનો જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો :

M.A. Part I

GROUP "D" : **Advanced Economics**

Paper I : Quantitative Methods (Compulsory)
Paper II : Optional (Any one subject to be studied) :
(1) Agriculture Economics
(2) Industrial Economics
(3) Economics of Public Utilities and Transport
(4) Demography
(5) History of Economics (Thought & Economic Classics)
(6) Mathematical Economics & Econometrics.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે Paper I : Quantitative Method (Compulsory) તથા (6) Mathematical Economics and Econometrics વિષયના પ્રશ્નપત્રના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને Economic Development–Iનો હાલનો અભ્યાસક્રમ ભાગ ૧માંથી રદ કરી આ અભ્યાસક્રમ ભાગ ૨ માં ગ્રુપ "ડી"માં (ફરજિયાત) Theory of Growth તરીકે લેવો.

(બ) આથી ભલામણ કરવામાં આવે છે કે એમ.એ. ભાગ ૨ની પરીક્ષામાં રેગ્યુ. એમ.એ.-૮માં અર્થશાસ્ત્ર વિષયમાં ગ્રુપ 'ડી'માં નીચે મુજબ સુધારો કરવો અને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો :

M.A. Part II

GROUP " D " : **Advanced Economics**

Paper III : Theory of Growth (Compulsory) :
(Hitherto, styled as Economic Development -I)

Paper IV : Optional
(Any one subject to be studied)

(1) Agriculture Economics
(2) Industrial Economics
(3) Economics of Public Utilities and Transport
(4) Demography
(5) History of Economics (Thought and Economic Classics)
(6) Mathematical Economics and Econometrics.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે (6) Mathemntical Economics and Econometricsના પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો અને Economic Development and Fluctuations-II નો હાલનો અભ્યાસક્રમ રદ કરવો.

(ક) અર્થશાસ્ત્ર વિષયમાં એમ.એ. ભાગ ૧ માં Quantitative Methodsનો પ્રશ્નપત્ર જૂન ૧૯૭૧થી નવો અમલમાં આવે છે તેથી આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે માન્ય અનુસ્નાતક કેન્દ્રોમાં જ્યાં એન્ટાયર ઇકોનોમિકસ શીખવાતું હોય ત્યાં વચગાળાના સમય દરમિયાન આ પ્રશ્નપત્ર શીખવવા માટે યુનિવર્સિટીએ જરૂર જણાય તો યોગ્ય ગોઠવણ કરવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મુજબ કરવા તથા તે મુજબ એમ.એ. ભાગ ૧ની પરીક્ષામાં રેગ્યુ. એમ.એ. ૧માં તથા એમ.એ. ભાગ ૨ની પરીક્ષામાં રેગ્યુ. એમ.એ.-૮ના સંબંધકર્તા ભાગ સુધારવો અને તે સુધારેલા રેગ્યુલેશનોનો અમલ અનુક્રમે જૂન ૧૯૭૧ અને જૂન ૧૯૭૨થી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૮. અનુસ્નાતક શિક્ષણની પુનર્વ્યવસ્થા અંગે એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૧૩--૪--૧૯૭૧ની સભાની ભલામણો પૈકી અનુસ્નાતક શિક્ષણની યોજના અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો ઉપર વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ઑડિ. દફ-પી આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ સમિતિની ભલામણના પાઠની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૭૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦--૧૧--૧૭ સાથે કરવામાં આવેલી લોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૦. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૬--૪--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(અ) એમ.એ. ભાગ ૧ની પરીક્ષામાં રેગ્યુ. એમ.એ. ૧માં સમાજશાસ્ત્ર વિષયમાં ગ્રુપ 'ઈ'માં નીચે મુજબ સુધારો કરવા અને તે પ્રશ્નપત્રોનો વિગતવાર અભ્યાસક્રમ મંજૂર કરી તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા ભલામણ છે :

Group 'E'—General Sociology at M.A. Part I Examination

1. Sociological Theories
2. Planned Development and Social Change in India
3. Research Methods and Statistical Analysis in Sociology
4. Social Problems.

(બ) એમ.એ. ભાગ ૨ની પરીક્ષામાં રેગ્યુ. એમ.એ. ૮માં સમાજશાસ્ત્ર વિષયમાં ગ્રુપ 'એફ'માં નીચે મુજબ સુધારો કરવા અને તે પ્રશ્નપત્રોનો વિગતવાર અભ્યાસક્રમ મંજૂર કરી તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા ભલામણ છે :

Group 'F'—Advanced Sociology at M.A. Part II Examination :

1. Master Essay
2. Social Psychology
3. Industrial Sociology
4. Social Institutions and Social Stratification
5. Social Control and Social Change
6. Sociology of Education
7. Urban Sociology
8. Rural Sociology

} No changes suggested in the syllabus of this papers.

[*N.B.*—Paper 1 : Master Essay is Compulsory for all students enrolled in Group 'F'—Advanced Sociology at M.A. Part II Examination. In addition, they are required to offer any three of the remaining seven papers (Papers 2-8). The department will offer each year at least three of the remaining seven papers (Papers 2–8) according to its convenience and the interests of the students.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ એમ.એ. ભાગ ૧ની પરીક્ષાના રેગ્યુ. એમ.એ.--૧માં સમાજશાસ્ત્ર વિષયમાં ગ્રુપ 'ઈ'માં ઉપર મુજબ સુધારો કરવા માટે રેગ્યુ. એમ.એ.--૮નો સંબંધકર્તા ભાગ સુધારવા અને તે સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૮૧. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧ તથા તા. ૨૭/૨૮--૩--૧૯૭૧ના રોજ મળેલી વાર્ષિક સભામાં નીચેનો ઑર્ડિ. કૉમ.--૫(બી) સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮--૪--૧૯૭૧ની સભામાં રિફર બૅક કરેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત.

O.Com.-5(B):

A candidate who has passed the B.A. Special Degree Examination of this University with Economics as a Special subject shall be held admissible to the Second B.Com. Examination of this University provided that—

(*i*) the seven papers he will, notwithstanding anything contained elsewhere be required to appear in as follows:

1. Acountancy—Paper I (Compulsory)
2. Commercial Correspondence
3. Elements of Statistics, provided he has not offered Statistics and Statistical Methods for his (B.A.) Examination.
4. Optional Paper I in any one of the subjects under R. Com.-1.
5. Accountancy—Paper II (Compulsory)
6. Business Administration—Paper I
7. Optional Paper II in the subject under R. Com.-7.

Note.—The syllabus for papers nos. 1 to 4 will be identical with that prescribed for the correspond papers for the First B.Com. Examination under Regulation Com. No. 2 and the syllabus for papers Nos. 5 to 7 will be identical with that prescribed for the corresponding papers for the Second B.Com. Examination under Regulation Com. No. 8:

(1) Business letters relating to complaints and adjustment, sales and circular, collection.

(2) Banking and Secretarial Correspondence and drafting of speeches.

(3) Business Report writing by individuals and committees.

(4) Market reports and questionnaires for Economic and Business survey.

N.B.—Students under this course will not be required to study any prescribed text.

(*ii*) he has kept to terms in an affiliated college.

Explanation : The rules governing, passing and allowing to keep terms as also the rules governing the internal evaluation prescribed for the Second

B.Com. Examination shall apply 'mutatis mutandis' to the candidates appearing for the Second B.Com. Examination under this Ordinance also.

A candidate who is allowed to keep terms for the Third B.Com. Examination or who has passed the Second B.Com. Examination and appears at the Third B.Com. Examination under the provisions of this Ordirance will be entitled to claim exemption at the Third B.Com. Bxamination from the papers in (*i*) English, and (*ii*) Problems of Indian Economic Development. A candidate not availing himself of the benefit of exemption under this clause and appearing in all subjects at the Third B.Com. Examination will be eligible for a class but not for any prize, medal, scholarship or any other award.

Explanation : The rules governing, passing and allowing to keep terms shall apply mutatis mutandis to these cases also.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૮૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૧--૧--૧૯૭૧ની સભાની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮--૧--૧૯૭૧ની સભામાં ઑર્ડિ. ૩૧૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા ભલામણ કરી છે; પરંતુ સિન્ડિકેટે તેની તા. ૬--૩--૧૯૭૧ની સભામાં નીચેનો ઠરાવ કર્યો હોઈ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલે ભલામણ કર્યા પ્રમાણે ઑર્ડિ. ૩૧૬નો સુધારેલો પાઠ :

O. 316 :

No candidate shall be permitted to appear for the Ph.D. Degree in a Faculty different from the one in which he obtained his Master's Degree in the Faculty of Medicine. But a candidate in the Faculty of Arts who has taken a Master's Degree in Mathematics shall be permitted to appear for the Ph.D. Degree in Science in the subject of Mathematical Physics. Similarly a candidate in the faculty of either Arts including Education or Commerce who has taken his Master's Degree in Economics or Statistics or Geography shall be permitted to appear in Ph.D. Degree in any one of the two faculties.

સિન્ડિકેટનો ઠરાવ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડે તેની ઉપરોકત નોંધમાં બાબત નં. ૩૦ અંગે કરેલી ભલામણ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે રજૂ કરવામાં આવે ત્યારે એમ.ફાર્મ. થયેલા વિદ્યાર્થીઓ ફાર્માસ્યુટિકલ કે કેમિસ્ટ્રીના વિષયમાં રસાયણવિજ્ઞાનના માન્ય માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી માટે સંશોધનકાર્ય કરી શકે તેવી જોગવાઈ કરવા માટે વિચારણા કરવા માટે સૂચવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંબંધકર્તા વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૮૫. નીચેના વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધો અંગે રેફરીઓના અહેવાલની નોંધ લેવા બાબત :

ક્રમાંક	નામ	વિષય
૧.	શ્રી. એમ. જી. દવે	રસાયણવિજ્ઞાન
૨.	શ્રી. એ. એસ. પ્રકાશરાવ	ભૌતિકવિજ્ઞાન
૩.	શ્રી. એમ. આર. રવિકિશ્રિયન	રસાયણવિજ્ઞાન
૪.	શ્રી. એન. કે. પટેલ	,,
૫.	શ્રીમતી એસ. આર. કોઠી	વનસ્પતિવિજ્ઞાન
૬.	શ્રી. એમ. પી. પટેલ	રસાયણવિજ્ઞાન
૭.	શ્રી. એસ. એમ. આપ્ટે	મનોવિજ્ઞાન
૮.	શ્રીમતી યુ. આર. દેસાઈ	શિક્ષણશાસ્ત્ર
૯.	શ્રી. આઈ. સી. દવે	વનસ્પતિવિજ્ઞાન
૧૦.	શ્રી. કે. કે. બોકીલ	રસાયણવિજ્ઞાન
૧૧.	શ્રી. લરીશચંદ્ર	ભૌતિકવિજ્ઞાન
૧૨.	શ્રી. એસ. પી. ગુપ્તા	,,
૧૩.	શ્રી. કે. જી. જની	,,
૧૪.	શ્રી. એચ. બી. સુખવાલ	હિંદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઉમેદવારોની નોંધ લેવી.

૮૬. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૧--૨--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.એસસી.ના ગણિતને લગતો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

વધુમાં આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.એ. માટેના ગણિત વિષયનો અભ્યાસક્રમ પણ તૃતીય વર્ષ બી.એસસી. માટે જે અભ્યાસક્રમ તૈયાર કરેલો છે તે રાખવો અને તે માટે પ્રત્યેક પેપરના ૧૨૦ માર્કસ (૮૪+૩૬) રાખવા તેમજ સદરહુ અભ્યાસક્રમ ૧૯૭૨ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ તૃતીય વર્ષ બી.એ./બી.એસસી.ની પરીક્ષામાં ગણિતના વિષયનો અભ્યાસક્રમ સુધારવા માટે રેગ્યુ. આર્ટ્સ ૧૧-૧૨ અને રેગ્યુ. સાયન્સ -૧૧ નો સંબંધકર્તા ભાગ સુધારવા તથા તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૮૭. ઈતિહાસની અભ્યાસસમિતિની તા. ૨૯--૩--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) પ્રી-યુનિ. વિનયનના અભ્યાસક્રમમાં "ઍન આઉટલાઈન ઑફ ધી વર્લ્ડ હિસ્ટરી"ના પ્રશ્નપત્ર છે તેને સ્થાને "ઍન આઉટલાઈન ઑફ મોડર્ન વર્લ્ડ હિસ્ટરી"નો પ્રશ્નપત્ર રાખવો અને તે માટે રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૧માં સુધારો કરવો અને આ પ્રશ્નપત્ર માટે રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૨ માં વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા ભલામણ કરવી.

(૨) એમ.એ. ભાગ ૨ની પરીક્ષાના અભ્યાસક્રમમાં હિસ્ટરી ઑફ ગુજરાતનો પ્રશ્નપત્ર ૮, ગ્રુપ 'ડી'માં સુધાર્યો છે તેને બદલે તે રેગ્યુ. એમ.એ.--૮ માં હિસ્ટરી ગ્રુપ 'ડી'માં પ્રશ્નપત્ર ૭ના વિકલ્પે હિસ્ટરી ઑફ ગુજરાત (૧૩૦૪થી ૧૧૭૩) તરીકે ઉમેરવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. પ્રી.-આર્ટ્સ--૧ અને રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૨ સુધારવા તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનોને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૧ અને ૨ની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એ.--૮ સુધારવા તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલા રેગ્યુ. એમ.એ.--૮ની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૮૯. ઈજનેરી વિદ્યાશાખાની તા. ૧૬--૪--૧૯૭૧ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા અંગ્રેજી વિષય સિવાય પસાર કરીને સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રી-યુનિવર્સિટી વિનયનના (નૉન-ઇંગ્લિશ સ્કીમ)ના વર્ગમાં જોડાયા પછી તે પરીક્ષામાં બેસીને જે વર્ષે તેમાં ઉત્તીર્ણ થાય અને ત્યાંની અંગ્રેજી સ્કીમમાંના અંગ્રેજી વિષયની પરીક્ષા પસાર કરે અને તે જ શૈક્ષણિક વર્ષમાં કે તે પહેલાં એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષય પસાર કરેલ હોય તો તેમને આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૧૯--૫--૧૯૭૦ની સભામાં કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦--૧૧--૧૯૭૦ની સભાએ મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ આપવા માટે પ્રવેશપાત્રતાના પ્રમાણપત્રમાં ફર્સ્ટ બી.એસસી.માં અમુક ગ્રુપમાં પ્રવેશપાત્રતા છે એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાની જરૂરત નથી."

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.એસસી.ના પ્રવેશપાત્રતાના પ્રમાણપત્રમાં પ્રવેશ કોઈ એક ગ્રુપ પૂરતો જ મર્યાદિત છે એવો ઉલ્લેખ કરવામાં આવતો નથી તેની નોંધ લેવી.

૬. મહિલા ગ્રામ વિદ્યાપીઠ, પ્રયાગ--અલ્હાબાદ (વિમેન્સ રૂરલ યુનિવર્સિટી) તરફથી નીચે જણાવેલ પરીક્ષાઓને તે પ્રત્યેક પરીક્ષા સામે જણાવેલ આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગેના સદરહુ વિદ્યાપીઠના મહામાત્ર તરફથી આવેલ તા. ૨૧--૧૨--૧૯૭૦ના પત્રાંક ૫૯૬૮ (૨૩૦)ની પર વિચારણા કરવા બાબત :

મહિલા ગ્રામ વિદ્યાપીઠ, પ્રયાગ--અલ્હાબાદ	ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ સમકક્ષ
૧. મહાવિદુષી (અંગ્રેજી સહિત)	ફર્સ્ટ બી.એ.
૨. ભારતી (અંગ્રેજી સહિત)	થર્ડ બી.એ.
૩. આચાર્ય	એમ.એ.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The Mahavidushi Examination (with English) of the Mahila Gram Vidyapeeth, Allahabad may be recognised as equivalent to our Pre-University Examination for purposes of F.Y.B.A. Examination of our University.

The Bharati & the Acharya Examinations cannot be recognised equivalent to T.Y.B.A. & M.A. of our University because these examinations of the Gram Vidyapeeth can be passed without English and mostly privately.

આથી ઠરાવવામાં આવે છે કે મહિલા ગ્રામ વિદ્યાપીઠ, પ્રયાગ-અલ્હાબાદ તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવી નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) મહાવિદુષી (અંગ્રેજી સહિત), (૨) ભારતી (અંગ્રેજી સહિત), (૩) આચાર્ય.

૭. યુનિવર્સિટી ઓફ કેરાળા, ત્રિવેન્દ્રમ તરફથી લેવામાં આવતી બી.એસસી. પદવી પરીક્ષા(થ્રી-ઈયર ડિગ્રી કોર્સ)ને આપણી યુનિવર્સિટીની થર્ડ બી.એસસી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

Courses are fairly equivalent.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઓફ કેરાલા, ત્રિવેન્દ્રમ તરફથી લેવામાં આવતી બી.એસસી (થ્રી ઈયર ડિગ્રી કોર્સ) પદવી પરીક્ષાને પારસ્પરિક ધોરણે આપણી યુનિવર્સિટીની થર્ડ બી.એસસી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૯--૧૨--૧૯૭૦ના પત્રાંક જી. ૧૪૪૭--૨૩૬૬--૬૩માં નીચે જણાવેલ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત :

વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય	ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ સમકક્ષ
પૂર્ણ મધ્યમા (અંગ્રેજી સહિત)	એસ.એસ.સી. (હાઈસ્કૂલ)
ઉત્તર મધ્યમા (અંગ્રેજી સહિત)	ફર્સ્ટ બી.એ. (ઈન્ટરમીડિયેટ)
શાસ્ત્રી (અંગ્રેજી)	થર્ડ બી.એ.
શિક્ષાશાસ્ત્રી	બી.એડ.
આચાર્ય	એમ.એ.
વિદ્યાવારિધિ	પીએચ.ડી.
વાચસ્પતિ	ડી.લિટ.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The various exams. of this statutory University should be given equivalence as asked for. Only one point I may add that the said examinations can be recognised as equivalent to our respective examinations if the paper of English is also done by a candidate. My view therefore would be that the Shastri

Examination with English should be recognised as equivalent to our T.Y.B.A. and Acharya to M.A. while Purva Madhyama (with English) to S.S.C. and Uttar Madhyama to F.Y.B.A.

આથી ઠરાવવામાં આવે છે કે વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી તરફથી નીચે જણાવેલ પરીક્ષાઓને પારસ્પરિક ધોરણે આપણી યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવી નહીં તેમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) પૂર્વ મધ્યમા (અંગ્રેજી સહિત)
(૨) ઉત્તર મધ્યમા (અંગ્રેજી સહિત)
(૩) શાસ્ત્રી (અંગ્રેજી)
(૪) શિક્ષાશાસ્ત્રી
(૫) આચાર્ય
(૬) વિદ્યાવારિધિ
(૭) વાચસ્પતિ.

૯. ગુરુ નાનક યુનિવર્સિટી, અમૃતસર (પંજાબ) દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓની પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ પત્ર તા. ૪--૧૧--૧૯૭૦ના પત્રાંક ૨૦૮૯૬--૯૮૫--જી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ગુરુનાનક યુનિવર્સિટીનો અભ્યાસક્રમ હાલ તૈયાર નથી તેમ તેમના તા. ૪--૧૧--૧૯૭૦ના પત્રમાં જણાવે છે. અભ્યાસક્રમ પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢના જેવો છે.

(૨) પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢની જે પરીક્ષાઓ માન્ય કરેલ છે તે પરીક્ષાઓ માન્ય કરવાની રહે. નીચે જણાવેલ પંજાબ યુનિવર્સિટીની પરીક્ષાઓ રે. ૭ અન્વયે માન્ય કરેલ છે :

Punjab University, Chandigadh

Higher Secondary Examinatian = S.S.C.

Pre-University Examination, Pre-Medical, Pre-Enginicering, Inter Arts, Inter Science, B.A.,B T.,M.A.,B.Sc. (Hons. School), M.Ed.,M.B.,B.S., Dip. in Pharmacy and Dressers courses = Dip. in Pharm. B.Pharm., B.Sc. (Engg.) = B.E.(C.M.&E.), B.A.,B.Sc. (Three-year degree course) (First and Final Examinations only), Pre-Eng. = First B.Sc.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુ નાનક યુનિવર્સિટી, અમૃતસર (પંજાબ) દ્વારા લેવામાં આવતી નીચેની પરીક્ષાઓને (રે. ૭ મુજબ પંજાબ યુનિવર્સિટીની જે પરીક્ષાઓ માન્ય કરેલ છે તે જ પરીક્ષાઓનો) જ્યાં સુધી હાલનો અભ્યાસક્રમ બદલાય નહીં ત્યાં સુધી પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

પંજાબ યુનિવર્સિટીની નીચેની પરીક્ષાઓ રેગ્યુ. ૭ અન્વયે માન્ય કરેલ છે :

Higher Secondary Examination = S.S.C.

Pre-University Examination, Pre-Medical, Pre-Engineering, Inter Arts, Inter Science, B.A.,B.T.,M.A.,B.Sc. (Hons. School), M.Ed., M.B.,B.S., Dip. in Pharmacy and Dressers courses = Dip. in Pharm., B.Pharm., B.Sc. (Engg.) = B.E. (C.M. & E.), B.A.,B.Sc. (Three-year degree course), (First and Final Examinations only), Pre-Engineering = First. B.Sc.

૧૦. શ્રી. સમીર જે. ઠાકોરે અને શ્રી. રાજગોર બિપિન, એમ.એ. અનુક્રમે નાયર ડેન્ટલ કૉલેજ, મુંબઈમાં ફર્સ્ટ બી.ડી.એસ.ના વર્ગમાં અને થર્ડ બી.ડી.એસ.ના વર્ગમાં એક સત્ર રાખ્યા બાદ તેઓને આ યુનિવર્સિટી સાથે સંલગ્ન ડેન્ટલ કૉલેજમાં બીજા સત્રથી પ્રવેશપાત્ર ગણી પ્રવેશ આપ્યાના કારણે તેમનું પ્રથમ સત્ર રેગ્યુલેશન ૫ અન્વયે માન્ય રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી. વધુમાં આપણી બી.ડી.એસ. પરીક્ષા માટે રાખેલ સત્રો માન્ય રાખી ત્યાં આગળ અભ્યાસમાં પ્રવેશ માટે પારસ્પરિક ધોરણે સત્રો માન્ય રાખવા માટે મુંબઈ યુનિવર્સિટીને લખવું.

૧૧. નાગપુર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી એમ.ફાર્મ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.ફૉમ. પદવી પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૦--૧૧-'૭૦ના પત્રાંક પરીક્ષા, રેકગ્ન. ૧૦૮૬૪ના પત્ર પર વિચારવા કરવા બાબત.

ફાર્મસી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

Recognition to M.Pharm. Degree of the Nagpur University should be given on reciprocal basis.

આથી ઠરાવવામાં આવે છે કે નાગપુર યુનિવર્સિટીની એમ.ફાર્મ. પદવી પરીક્ષાને પારસ્પરિક ધોરણે આપણી યુનિવર્સિટીની એમ.ફાર્મ.પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. મીરત યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી એમ.ફિલ. પદવી પરીક્ષાને પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં નામ નોંધાવવા માટે માન્ય રાખવા અંગે વિચારણા કરવા બાબત :

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The M.Phil. Examination of Merrut University should be recognised for admission to Ph.D. course of our University.

આથી ઠરાવવામાં આવે છે કે મીરત યુનિવર્સિટીની એમ.ફિલ. પરીક્ષામાં જો વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઈને આવે તો વિદ્યાર્થીઓને પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં નામ નોંધાવવા માટે પાત્ર ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા બોટેની, ઝૂલોજી અને ફિઝિકસના વિષયો સાથે ઉત્તીર્ણ કર્યાના આધારે પાંચ વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટી સાથે ડેન્ટલ કૉલેજમાં ફર્સ્ટ બી.ડી.એસ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણીને એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા માટે મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૪. યુનિવર્સિટી ઑફ કેરાલા તરફથી લેવામાં આવતી બી.ફાર્મ. પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલા તા. ૧૬--૭--૧૯૭૦ના પત્રાંક એકેડે.સી. ૩-૭૯૩--૭૦ ઉપર વિચારણા કરવા બાબત.

ફાર્મસી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

The Four years B.Pharm. Course of Kerala University as per syllabus sent is similar to that of Guj. Uni. and I am of the opinion that reciprocal recognition of B.Pharm. degree of Kerala University may be given.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ કેરાલા, ત્રિવેન્દ્રમ તરફથી લેવામાં આવતી બી.ફાર્મ. પદવી પરીક્ષાને પારસ્પરિક ધોરણે આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની હાયર સેકન્ડરી/ઑલ ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને જો વિદ્યાર્થીએ (૧) અંગ્રેજી, (૨) ગણિતશાસ્ત્ર (એડવાન્સ લેવલ), (૩) ફિઝિક્સ, (૪) કેમિસ્ટ્રી, અને (૫) બાયોલોજી વિષયો સહિત પસાર કરી હોય તો જ તે પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાન તુલ્ય માન્ય કરવાના નિર્ણય અંગે યોગ્ય લાગે તો પુનઃ વિચારણા કરવા બાબત.

(નોંધ.— તા. ૧--૬--૧૯૭૦ની ઇક્વિવેલેન્સ સમિતિની ભલામણ અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૩--૧૦--૧૯૭૦ની સભામાં મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૩--૧૦--૧૯૭૦ની સભામાં કરેલ ઠરાવની કંડિકા ૧ નીચે પ્રમાણે સુધારીને વાંચવી :

૧. સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી/અજમેર તરફથી લેવામાં આવતી ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષા જો કોઈ વિદ્યાર્થીએ (૧) અંગ્રેજી, (૨) ગણિતશાસ્ત્ર (એડવાન્સ લેવલ), (૩) ફિઝિક્સ, (૪) કેમિસ્ટ્રી, અને (૫) બાયોલોજી વિષયો સહિત પસાર કરી હોય તો જ તે પરીક્ષાને આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાન પરીક્ષા તુલ્ય માન્ય કરવી.

વધુમાં ઉપરોકત પરીક્ષામાં ગણિત તેમ જ બાયોલોજીના વિષયો વિકલ્પે રાખવાની જોગવાઈ હોઈ સદરહુ પરીક્ષા જો ઉપર જણાવેલા વિષયોમાંથી ગણિત કે બાયોલોજી પૈકી એક જ વિષય સાથે ઉત્તીર્ણ કરી હોય તો તે વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં ફકત ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અને જે વિદ્યાર્થીઓને બાયોલોજી કે ગણિત પૈકી એક વિષયની સેન્ટ્રલ બોર્ડની પરીક્ષા તેમણે પાસ કરી ન હોય તે વિષય વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં બેસી ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાની સાથે કે તે પહેલાં ઉત્તીર્ણ થાય તે આવશ્યક ગણવું.

૧૬. નીચેના વિદ્યાર્થીઓને તદર્થ (ઍડહૉક) ધોરણે તેમનાં નામ સામે જણાવેલ વર્ગમાં પ્રવેશપાત્રના (એલિજિબિલિટી) સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નામોની યાદી પરિશિષ્ટ '**જ**' તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૭. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પ્રાં-યુનિ. સાયન્સ (એગ્રિકલ્ચરલ) પરીક્ષા ઉત્તીર્ણ કરી આવનાર વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન વિનયન વિદ્યાશાખાની કૉલેજમાં ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય:

પ્રી-યુનિ. વિજ્ઞાન (એગ્રિકલ્ચર)ના વિષયો, આપણી યુનિવર્સિટીના પ્ર-યુનિ. વિજ્ઞાનના વિષયો જેવા છે. આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પ્રી-યુનિ. સાયન્સ(એગ્રિકલ્ચર)ની પરીક્ષા ઉત્તીર્ણ કરી આવનાર વિદ્યાર્થીઓ જો એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે ઉત્તીર્ણ કરી હોય તો તેમને કૉલેજમાં ૩૧મી જુલાઈ પહેલાં લેંગ્વેજ ટેસ્ટની પરીક્ષા પસાર કરવાની શરતે, ફર્સ્ટ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા એમ એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. યુનિવર્સિટી ઑફ કેરાલા–ત્રિવેન્દ્રમની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૯–૨–૧૯૭૧ના પત્રાંક એસીએડી–૯૩–૧૮૦૬-૭૦ (૨૩) પર વિચારણા કરવા બાબત.

(યુનિવર્સિટીના પત્રની નકલ પરિશિષ્ટ 'ચ' તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ કેરાલાની જે પરીક્ષાઓ માન્ય કરવામાં આવેલ નથી તે તે પરીક્ષાઓના અભ્યાસક્રમ મંગાવી અને જે તે ડીનશ્રીના અભિપ્રાય માટે મોકલી આપવા અને અભિપ્રાય આવેથી આ સભા સમક્ષ મૂકવા.

૧૯. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪ તરફથી જે પરીક્ષાઓ રેગ્યુલેશન ૭ મુજબ ઑગસ્ટ ૧૯૪૨ સુધી માન્ય કરેલ છે તે પરીક્ષાઓને માન્ય કરવા તેમ જ નીચે દર્શાવેલ પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે વિદ્યાપીઠના કુલસચિવશ્રી તરફથી આવેલા તા. ૨૩–૭–૧૯૭૦ના પત્રાંક ૧૫૮૩/૭૦–૭૧/૭૧ તેમ જ જી–૩૦૩–૭૦–૭૧ તા. ૧૮–૧૨–૧૯૭૦ના પત્રો પર વિચારણા કરવા બાબત:

(૧) શિક્ષણ પારંગત અને (૨) વિદ્યાવાચસ્પતિ

નોંધ.—૧. વિનીત	=	એસ.એસ.સી. પરીક્ષા	૧૯૪૨ ઑગસ્ટ સુધી માન્ય કરેલ છે.
૨. પ્રથમ	=	ફર્સ્ટ ઇયર	,,
૩. મધ્યમા	=	ઇન્ટરમીડિયેટ	,,
૪. સ્નાતક વિશારદ	=	ડિગ્રી પરીક્ષા (પદવી)	,,
૫. સમાજવિદ્યા વિશારદ	=	બી.એ.	,,

(ઑગસ્ટ ૧૯૪૭ પછીની જો આ પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરી હોય તો આપણે માન્ય કરેલ છે.)

(૨) નીચેની પરીક્ષાઓ ગૂજરાત વિદ્યાપીઠ હાલ લેતી નથી:

પ્રથમા, મધ્યમા, સ્નાતક વિશારદ.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય:

આ પરીક્ષાઓના અભ્યાસક્રમ અંગે મને લાગે છે કે માગ્યા પ્રમાણે માન્યતા આપી શકાય.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા લેવામાં આવતી શિક્ષણ પારંગત પરીક્ષાના અભ્યાસક્રમ વગેરે જોઈ તે પરીક્ષા આપણી એમ.એડ. સમકક્ષ ગણી શકાય કે કેમ તે અંગે શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈનો અભિપ્રાય મેળવી તે સાથે આગામી સભામાં વિચારવાનું રાખવું.

અન્ય પરીક્ષાઓની બાબતમાં હાલ જે પરિસ્થિતિ છે તે ચાલુ રાખવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતોની વિચારણા હાથ પર લેવામાં આવી હતી :

૨૦. કુ. મીનુ ફારહંગ મડેરે ઈમ્પીરિયલ ગવર્નમેન્ટ ઑફ ઈરાનની ૧૨ વર્ષની હાયર સેકન્ડરી પરીક્ષા પસાર કરી હતી તેમ જ અર્થશાસ્ત્ર વિભાગમાં ૧૯૬૯--૭૦ના વર્ષમાં બે સત્રો રાખ્યાં છે. તેમને સેકન્ડ બી.એ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી જણાવે છે કે ફર્સ્ટ બી.એ. પરીક્ષા પાસ કરી હોય તો સેકન્ડ બી.એ.ના ઈકોનોમિકસના વર્ગમાં દાખલ કરવામાં વાંધો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થિનીને ઈરાન યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા પસાર કર્યાનો દાખલો રજૂ કરે તે શરતે સેકન્ડ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૧. શ્રીમતી દમયંતી ઠક્કરે જબલપુર યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ. પરીક્ષા ૧૯૭૦માં પાસ કરીને સેકન્ડ બી.એ.ની એકસ્ટર્નલ પરીક્ષા માટે નામ નોંધાવવાની અરજી કરેલ છે, તો સેકન્ડ બી.એ. એકસ્ટર્નલ પરીક્ષા માટે પ્રવેશપાત્ર ગણવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય :

ડીનશ્રી જણાવે છે કે આ વિદ્યાર્થિનીએ અંગ્રેજી વિષય લીધો નથી તેથી સેકન્ડ બી.એ.માં દાખલ કરી શકાય એમ નથી, છતાં એ.ટી.કે.ટી.ના ધોરણે વિચારવું હોય તો તે શકય છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થિનીને સેકન્ડ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણી શકાય નહિ એમ ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિવર્સિટી અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યું તે
૧	૨	૩	૪
૧.	અગ્રવાલ સત્યપાલ	બી.ઈ., અલાહાબાદ	એમ.ઈ. ૧
૨.	અગ્રવાલ સરોજકુમારી	હાયર સેકન્ડરી, પાર્ટ ૧, હરિયાણા બોર્ડ	પ્રી-યુનિ. વિનયન
૩.	અગ્રવાલ સુરેશચંદ્ર	બી.ઈ., ઈન્દોર	એમ.ઈ. ૧
૪.	અમીન શકુન્તલા આર.	ફર્સ્ટ બી.એસસી., ઝૂલોજી, એમ. એસ. યુનિ., વડોદરા	ફર્સ્ટ બી.ડી.એસ.
૫.	આચાર્ય ભારતી હરિભાઈ	ફર્સ્ટ બી.ડી.એસ., કલકત્તા યુનિ.	સેકન્ડ બી.ડી.એસ.
૬.	અરોરા શ્રીકૃષ્ણ	ફાઇનલ બી.ડી.એસ., લખનૌ યુનિ.	એમ.ડી.એસ.
૭.	ભગવત સુરેશ	બી.ઈ. (મિકે.), ઈન્દોર યુનિ.	એમ.ઈ. (મિકે.)
૮.	બંગાળી સુદાસ રઘુનાથ	બી.કૉમ., નાગપુર યુનિ.	એમ.કૉમ. પાર્ટ ૧
૯.	ભટ્ટ મહાદેવ મુકુન્દરાય	સેકન્ડ બી.ફાર્મ., મૈસુર યુનિ.	થર્ડ બી.ફાર્મ.
૧૦.	ત્રિવેદી ઈન્દુમતી હર્ષદકુમાર	બી.એ., રાંચી યુનિ.	બી.એડ.
૧૧.	દેસાઈ સત્યેન્દ્ર નાથુભાઈ	બી.ઈ. (ઇલે.), સરદાર પટેલ યુનિ.	એમ.ઈ. (ઇલે.)
૧૨.	ગગડ (શ્રીમતી) મનોરમા શશિકાન્ત	બી.એ.,એમ.એ., એસ.એન.ડી.ટી. (૧૯૬૦ અને ૧૯૬૨)	બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ
૧૩.	લવિંગીઆ નિર્મળા કનૈયાલાલ	એફ.વાય.બી.એસસી., ઝૂલોજી, એમ.એસ. યુનિ.	એફ.વાય.બી.ડી.એસ.
૧૪.	સ્વામીનાથ એમ. એસ.	બી.એસસી. ટેક્સ્ટાઇલ--ટેકનોલોજી	ફર્સ્ટ એલએલ.બી.
૧૫.	એમ. ગાંધી	પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ, મદ્રાસ	એફ.વાય.બી.એ.
૧૬.	પટેલ અશોક ડી.	એમ.બી.બી.એસ., રાંચી	ડી.ઓ.

૧	૨	૩	૪
૧૭.	પટેલ ભારતી મધુભાઈ	એફ.વાય.બી.એસસી. એમ.એસ. યુનિ. (ઝૂલોજી)	ફર્સ્ટ બી.ડી.એસ.
૧૮.	પટેલ ગુણવંત કે.	ફર્સ્ટ એમ.બી.બી.એસ., રાંચી યુનિ.	સેકન્ડ એમ.બી.બી.એસ.
૧૯.	પટેલ લીલાબહેન બી.	બી.એ., રાંચી	બી.એડ.
૨૦.	રાણા મંજુલા એન.	યુનિલેન્ડ સ્કૂલ સર્ટિ. (બોટોલોજી--કેમિસ્ટ્રી)	પ્રી-યુનિ. સાયન્સ
૨૧.	પટેલ ઊર્મિલા હસમુખ	એમ.બી.બી.એસ., ગ્લાસગો (યુ.એસ.એ.)	એમ.ડી.
૨૨.	પટેલ બિપિન સી.	પ્રી-મેડિકલ, અલીગઢ	ફર્સ્ટ એમ.બી.બી.એસ.
૨૩.	શાહ ચંપકલાલ બળદેવદાસ	બી.એસસી.,બી.એડ., સરદાર પટેલ યુનિ.	એમ.એસસી. પાર્ટ ૧
૨૪.	શાહ લખમસિંહ મેઘરાજ	ફર્સ્ટ બી.એસસી., ઉદેપુર	સેકન્ડ બી.એસસી.
૨૫.	સેમિલીટ પ્રવીણજી	ફર્સ્ટ ટી.ડી.સી., ઉદેપુર	ફર્સ્ટ બી.ડી.એસ.
૨૬.	શેટ્ટુર એમ. આર.	પ્રી-યુનિ., શિવાજી યુનિ. (મેટ્રિકમાં મૅથ્સ. નથી.)	એફ.વાય.બી.એસસી.
૨૭.	વર્મા હરીશકુમાર	સેકન્ડ ટી.ડી.સી.,	ફર્સ્ટ બી.ડી.એસ.
૨૮.	આર. પી. વૈશ્ય	બી.ડી.એસ., લખનૌ	એમ.ડી.એસ.
૨૯.	નિરુપમકુમાર	ફર્સ્ટ ટી.ડી.સી., ઉદેપુર યુનિ.	ફર્સ્ટ બી.ડી.એસ.
૩૦.	એન. પી. સત્યનારાયણ	હાયર સેકન્ડરી, એ.પી. બોર્ડ	બી.ઈ. ૧
૩૧.	માસ્તર પદ્માબહેન નાનાલાલ	એમ.એડ., એસ.એન.ડી.ટી.	બૅચેલર ઑફ લા ઇબ્રેરી સાયન્સ
૩૨.	પટેલ મહેન્દ્ર જશભાઈ	ફાઇનલ એમ.બી.બી.એસ., રાંચી	એમ.એસ.
૩૩.	ભગત હર્ષદ ચૂનીલાલ	,,	ડી.પેડ.
૩૪.	અસનાની કિશનકુમાર કે.	,,	ડી.ઓ.એમ.એસ.
૩૫.	શેખ ઝબીન ગુલામ મહમદ	હોમ સાયન્સ, પ્રી-યુનિ., એમ.એસ. યુનિ., બરોડા	પ્રી-યુનિ., આર્ટ્સ (બીજા સત્રથી)
૩૬.	રીજવાણી સુરેશ	ફાઇનલ બી.એસસી., કેમિકલ એન્જિનિયરિંગ, કાનપુર યુનિ.	ફર્સ્ટ એલએલ.બી.
૩૭.	રીજવાણી શરદકુમાર	ફર્સ્ટ બી.ડી.એસ. પ્રી-પ્રોફેશનલ, કલકત્તા	સેકન્ડ બી.ડી.એસ.

૧	૨	૩	૪
૩૮.	પટેલ મણિલાલ કેશવલાલ	ફર્સ્ટ એમ.બી.બી.એસ., રાંચી	સેકન્ડ એમ.બી.બી.એસ.
૩૯.	પટેલ સોલાસિની આર.	ફર્સ્ટ બી.ડી.એસ., કલકત્તા	સેકન્ડ બી.ડી.એસ.
૪૦.	લીન્ડા કૌલ	સેન્ટ્રલ વૉશિંગ્ટન સ્ટેટ કૉલેજ, યુ.એસ.એ. (બે વર્ષ અભ્યાસ કર્યો છે.)	સેકન્ડ બી.એ.
૪૧.	શાહ ચંપકલાલ એન.	બી.કૉમ., રાંચી	ફર્સ્ટ એલએલ.બી.
૪૨.	બાબરિયા એન. જે.	બી.ઈ. ૨, બરદ્વાન	બી.ઈ. ૩
૪૩.	(૧) એફ.આર. વિન્સેટ એમ.	બૅચેલર ઑફ ફિલોસોફી	ફર્સ્ટ બી.એ.
	(૨) એન્થોની ફર્નાન્ડીઝ જે.	પોન્ટિફિસિયલ એથીન્યુએમ, પૂના	સેકંડ બી.એ.
૪૪.	શાહ કિરણ બાબુલાલ	બી.એ., રાંચી	એમ.એ.
૪૫.	ત્રિવેદી શરદકુમાર જે.	મૅટ્રિકયુલેશન, રંગૂન યુનિ.	પ્રી-યુનિ. આર્ટ્સ
૪૬.	મહેતા ભરત એચ.	ફર્સ્ટ એમ.બી.બી.એસ., રાંચી	સેકન્ડ એમ.બી.બી.એસ.
૪૭.	ગાંધી પીયૂષ શાંતિલાલ	ફર્સ્ટ એમ.બી.બી.એસ., અવધેશ પ્રતાપસિંહ વિશ્વવિદ્યાલય, રેવા	સેકન્ડ એમ.બી.બી.એસ.
૪૮.	અમીન નીલાબહેન એમ.	ડિપ્લોમા એજ્યુકેશન (ટી.ડી.), કેન્યા એજ્યુ. ડિપાર્ટમેન્ટ	ફર્સ્ટ બી.એ. (એકસ્ટર્નલ)
૪૯.	ભટ્ટ હરીશ મધુસૂદન	ફર્સ્ટ બી.ફાર્મ., મૈસુર	સેકન્ડ બી.ફાર્મ.
૫૦.	રાણક માનચંદ ડી.	ફર્સ્ટ બી.એસસી., જોધપુર	સેકન્ડ બી.એસસી.

परिशिष्ट "ब"

Item 18.
University of Kerala
Trivandram
9th February, 1971.

No. Acad. C3/1806/70(23).

From :

The Registrar.

To

The Registrar
Gujarat University
Ahmedabad-9.

Sub.—Recognition of Degree and Examinations.

Ref.—Your letter No. Exam. B Recog. 32885, dated 20-1-1971.

Sir,

With reference to the above, I am to inform you that this University is prepared to grant recognition for all the Degrees and Examinations of your University on a reciprocal basis without scrutinising the syllabi, etc. as the Gujarat University is a statutory University. Therefore, I am to request you kindly to let me know whether your University is agreeable to the decision of the Kerala University in granting reciprocal recognition.

Please send me an early reply in the matter.

Yours faithfully,

(Sd.) Illegible
Assistant Registrar (Aca.)
for Registrar.

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇકિવવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા મંગળવાર, તા. ૧--૬--૧૯૭૧ના રોજ સવારે ૯--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. સી. એલ. શાસ્ત્રી (ડીન, વિનયન વિદ્યાશાખા)	હાજર
૩. શ્રી. વી. એફ. શાહ (ડીન, વિનયન વિદ્યાશાખા)	હાજર
૪. શ્રી. એમ. એસ. પંડિત (ડીન, કાયદા વિદ્યાશાખા)	હાજર
૫. શ્રી. ટી. એમ. પરીખ ડીન, ઇજનેરી વિદ્યાશાખા)	હાજર
૬. શ્રી. સી. એસ. શાહ (ડીન, ફાર્મસી વિદ્યાશાખા)	હાજર
૭. શ્રી. જે. સી. ત્રિવેદી (ડીન, વાણિજ્ય વિદ્યાશાખા)	ગેરહાજર
૮. શ્રી. આર. એલ. વાદી (ડીન, તબીબી વિદ્યાશાખા)	ગેરહાજર
૯. શ્રી. એસ. બી. પંડ્યા (ડીન, આયુર્વેદ વિદ્યાશાખા)	ગેરહાજર
૧૦. શ્રી. એ. કે. ઝવેરી (ડીન, કૃષિ વિદ્યાશાખા)	ગેરહાજર
૧૧. શ્રી. એ. એમ. મલાવવાળા (ડીન, દંત વિદ્યાશાખા)	ગેરહાજર

૧. તા. ૨૧--૪--૧૯૭૧ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૧--૪--૧૯૭૧ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કલપતિશ્રીએ સહી કરી.

૨. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ન્યૂઝીલેન્ડની "સ્કૂલ સર્ટિફિકેટ"ની પરીક્ષા ઉત્તીર્ણ કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં પ્રી-યુનિ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા આવતા વિદ્યાર્થીઓને પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર (એલિજિબિલિટી સર્ટિફિકેટ) કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

૧. અંગ્રેજી (૩૬ ટકા સાથે)

૨. અન્ય કોઈ પણ ચાર વિષયો ન્યૂઝીલેન્ડની સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષામાં અંગ્રેજીમાં ૩૦ ટકાએ પાસ થવાય છે એમ લાગે છે, જે આપણા નિયમ મુજબ ૩૬ ટકા જોઈએ. વળી અંગ્રેજી ઉપરાંત કેવળ ત્રણ વિષયો લીધા હોય તો આપણી એસ.એસ.સી.ની સમકક્ષ તે પરીક્ષા બને નહિ એમ લાગે છે. "સર્ટિફિકેટ ઈન એજ્યુકેશન" પરીક્ષા(ન્યૂઝીલેન્ડ)ને આપણે માન્યતા ન આપીએ, પણ સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષાને ઉપર પ્રમાણે ધ્યાનમાં લઈ શકીએ અને પ્રવેશપાત્રતા માની શકીએ.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

A student who has passed the Newzealand School Certificate Examination with the following subjects may be admitted in Pre-Uni. Science (1) English, (2) Mathematics, (3) Chemistry, (4) Physics, (5) Biology or General Science. Provided that the Secures "A" Grade in any two subjects and "B" grade in the remaining three.

આથી ઠરાવવામાં આવે છે કે ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ન્યૂઝીલેન્ડની "સ્કૂલ સર્ટિફિકેટ"ની પરીક્ષા (૧) અંગ્રેજી, (૨) ગણિતશાસ્ત્ર અને બીજા બે વિજ્ઞાનના વિષયો સાથે ઉત્તીર્ણ કરી હોય તો તે પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણી આપણી યુનિવર્સિટીના પ્રી-યુનિ. વિજ્ઞાનના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા ઉપરોક્ત વિષયો સિવાય અન્ય વિનયન કે વાણિજ્ય વિદ્યાશાખાના વિષયો સાથે આ પરીક્ષા ઉત્તીર્ણ કરી આગળ અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓના કેસોમાં જે તે વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવી વ્યક્તિગત ગુણવત્તા પર વિચારી જે તે કેસમાં તદર્થ ધોરણે પ્રવેશપાત્રતા નક્કી કરવાનું રાખવું એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ તરફથી લેવામાં આવતી સેમિસ્ટર પરીક્ષાઓને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) નોંધ.—ઉપરોક્ત બાબત ઈક્વિવેલેન્સ સમિતિની જે સભા, તા. ૧--૬--૧૯૭૦ના રોજ મળેલ તેમાં મૂકવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું હતું કે આ બાબત જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની સમક્ષ વિચારણા કરવા માટે મોકલી આપવી.

(૨) જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની જે સભા સુરત મુકામે તા. ૨૦--૨--૧૯૭૧ના રોજ મળેલ તેમાં નીચે મુજબ ઠરાવ્યું છે :

> "આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યોની યુનિવર્સિટીઓના ઈજનેરી વિદ્યાશાખાઓના અધ્યક્ષો(Deans of the Faculities of Engineering of the Universities in the State)ને ઉપરોક્ત બાબતમાં વિચારણા કરી પોતાનો હેવાલ આપવા જણાવવું. એ હેવાલ મળ્યા બાદ એ અંગે વધુ વિચારણા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. ફર્સ્ટ બી.એસસી. અગર તેની સમકક્ષ પરીક્ષા અન્ય યુનિવર્સિટી અગર બોર્ડમાંથી પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એલિજિબિલિટી સર્ટિફિકેટની માગણી કરે તો સ્ટે. ૧૭૩ની શરતોનું પાલન કરેલું હોવું જોઈએ કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૩--૧૦--૧૯૭૦ની સભામાં સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇકિવવેલેન્સ ઑફ એકઝામિનેશનની સભા જે તા. ૧--૬--૧૯૭૦ના રોજ મળેલ. તેની નીચે જણાવેલ ભલામણો તેમ જ એકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરેલ છે :

"ફર્સ્ટ બી.એસસી. અગર તેની સમકક્ષ પરીક્ષા અન્ય યુનિવર્સિટી અગર બોર્ડમાંથી પસાર કરીને આગળ અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને સ્ટે. ૧૭૩ની શરતો જેવી."

લાંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ફર્સ્ટ બી.એસસી. અગર તેની સમકક્ષ પરીક્ષા અન્ય યુનિવર્સિટી અગર બોર્ડની પરીક્ષા પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એલિજિબિલિટી સર્ટિફિકેટની માગણી કરે તો એસ.એસ.સી. પરીક્ષામાં હાયર મૅથેમેટિકસમાં પાસ થવા અંગેની સ્ટે. ૧૭૩ હેઠળની શરતોનો આગ્રહ આ તબક્કે રાખવો નહિ એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ફર્સ્ટ બી.એસસી. અગર તેની સમકક્ષ પરીક્ષા અન્ય યુનિવર્સિટી અગર બોર્ડમાંથી પસાર કર્યાના આધારે યુનિવર્સિટીમાં ફર્સ્ટ એમ.બી.બી.એસ., ફર્સ્ટ બી.ટી.એસ.ના વર્ગમાં અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એલિજિબિલિટી સર્ટિફિકેટની માગણી કરે તો સ્ટે. ૧૭૩ની શરતોનું પાલન કરેલું હોવું જોઈએ કે કેમ તે અંગે વિચારણા કરવા.

આ ઉપરાંત જેઓ ફર્સ્ટ બી.એસસી.ની અન્ય યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરી આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ બી.ફાર્મ. કે બી.ઈ. ૧ના અભ્યાસક્રમોમાં દાખલ થવા ઇચ્છતા હોય તો તેમના કેસોમાં પણ સ્ટે. ૧૭૩ની શરતોનું પાલન કરેલું હોવું જોઈએ કે કેમ ?

નોંધ.—ફર્સ્ટ બી.ફાર્મ. અને બી.ઈ. ૧માં પ્રવેશ માટે લઘુતમ લાયકાત પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષા પાસ કર્યાની છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત ૪ અંગેનો નિર્ણય જોતાં આ અભ્યાસક્રમોમાં પણ અન્ય યુનિવર્સિટીઓની કે બોર્ડોની પરીક્ષા પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એલિજિબિલિટી સર્ટિફિકેટની માગણી કરે તો એસ.એસ.સી. પરીક્ષામાં હાયર મૅથેમેટિકસમાં પાસ થવા અંગેની સ્ટે. ૧૭૩ હેઠળની શરતોનો આગ્રહ આ તબક્કે રાખવો નહિ એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૬. યુનિવર્સિટી ઑફ કાશ્મીર, શ્રીનગર તરફથી લેવામાં આવતી એમ.એસસી. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.એસસી. પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૦--૪--૧૯૭૧ના પત્રાંક એફ--૨ (જન. રેકગ.) ૭૧ એકેડે. પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

M.Sc. Examination of the University of Kashmir can be consider equivalent to our M.Sc. Examination in general.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ કાશ્મીર, શ્રીનગરની એમ.એસસી. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.એસસી. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૭. શ્રીમતી લશ્કરી ઈરને સી.એ. સને ૧૯૫૪--૫૫માં ગ્રેડ ૧૨નો વાનકચુલર ટેકનિકલ જુનિયર--સિનિયર હાઈસ્કૂલ, વાનકચુલર(યુ.એસ.એ.)માં કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં ફર્સ્ટ બી.એ.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આ બાબતમાં ઠરાવવામાં આવ્યું કે આ બહેને પસાર કરેલ પરીક્ષાના વિષયો તેમ જ અભ્યાસક્રમોનો સમયગાળો વગેરે અંગે વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવીને યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં સમિતિએ ભલામણ કરી કે ચાલુ વર્ષે ઉપરોકત ભલામણો મુજબ જે તે કેસમાં પ્રવેશપાત્રતાનાં પ્રમાણપત્ર (Eligibility Certificate) આપવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

જે. એમ. મહેતા
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ના વર્ષની પાંચમી સભા, રવિવાર, તા. ૩-૧૦-૧૯૭૧ના રોજ બપોરના ૧૧-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને સોમવાર, તા. ૪-૧૦-૧૯૭૧ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સાંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩-૧૦-૧૯૭૧	તા. ૪-૧૦-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર	હાજર
૩.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	ગેરહાજર	હાજર
૪.	આચાર્ય વી. એફ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૫.	આચાર્ય જે. સી. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૬.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૭.	ડૉ. આર. એલ. વાદી	હાજર	ગેરહાજર
૮.	આચાર્ય ટી. એમ. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. એમ. જે. દવે	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૧૧.	ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર	ગેરહાજર
૧૨.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૧૩.	પ્રો. ડી. એન. પાઠક	હાજર	હાજર
૧૪.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર	ગેરહાજર
૧૫.	પ્રો. કે. જી. દેસાઈ	ગેરહાજર	હાજર
૧૬.	ડૉ. જે. જે. મિનોય	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩-૧૦-૧૯૭૧	તા. ૪-૧૦-૧૯૭૧
૧૭.	આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર	હાજર
૧૮.	આચાર્ય આર. એચ. ગાંધી	હાજર	ગેરહાજર
૧૯.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૦.	શ્રી. વી. એમ. શાહ	હાજર	હાજર
૨૧.	ડૉ. એમ. એ. ફારૂકી	હાજર	હાજર
૨૨.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૩.	શ્રી પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૪.	ડૉ. તારાબહેન પટેલ	ગેરહાજર	હાજર
૨૫.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૨૬.	આચાર્ય કે. બી. વ્યાસ	હાજર	હાજર
૨૭.	આચાર્ય એન. યુ. ત્રિવેદી	હાજર	ગેરહાજર
૨૮.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૯.	ડૉ. લીલાબહેન સી. શાહ	ગેરહાજર	હાજર
૩૦.	શ્રી. કે. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૩૧.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	ગેરહાજર
૩૨.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	ગેરહાજર
૩૩.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૩૪.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૩૫.	આચાર્ય ડી. એચ. વેલવન	હાજર	હાજર
૩૬.	શ્રી. એ. ટી. દેસાઈ	હાજર	હાજર
૩૭.	ડૉ. એમ. સી. જયસ્વાલ	હાજર	હાજર
૩૮.	શ્રી. આર. સી. સોનપાલ	હાજર	હાજર
૩૯.	પ્રિ. ડૉ. એ. આર. રાવ	હાજર	હાજર
૪૦.	શ્રી. પી. ડી. પાઠક	હાજર	હાજર
૪૧.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૪૨.	શ્રી. જે. ડી. ઓઝા	હાજર	હાજર
૪૩.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૪૪.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૪૫.	આચાર્ય જી. સી. પટેલ	હાજર	હાજર
૪૬.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪૭.	શ્રી. એસ. બી. કુમતા	હાજર	ગેરહાજર
૪૮.	શ્રી. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૪૯.	શ્રી. એચ. એસ. જૈન	હાજર	હાજર
૫૦.	ડૉ. સી. આઈ. ઝાલા	ગેરહાજર	હાજર
૫૧.	ડૉ. આર. બી. મહેતા	ગેરહાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩-૧૦-૧૯૭૧	તા. ૪-૧૦-૧૯૭૧
૫૨.	શ્રી. એમ. બી. દેવાની	ગેરહાજર	ગેરહાજર
૫૩.	શ્રી. એસ. બી. પંડયા	હાજર	હાજર
૫૪.	આચાર્યા એચ. એફ. દસ્તૂર	ગેરહાજર	ગેરહાજર
૫૫.	આચાર્ય કે. એમ. આચાર્ય	ગેરહાજર	ગેરહાજર
૫૬.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૫૭.	આચાર્ય વી. જે. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૫૮.	ડૉ. એસ. સી. પંડયા	ગેરહાજર	ગેરહાજર.

૧. તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ની ચોથી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૧ની ચોથી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

બાબત નં. ૨ અને ૩ ની વિચારણા બાકીની બાબતો અંગેની વિચારણા પૂરી થયા પછી હાથ ધરવામાં આવી હતી, અને તેથી તે બાબતો અંગેની કાર્યવાહીની નોંધ બાબત નં. ૩૧ પછી આપવામાં આવેલી છે.

૪. બેવડી પરીક્ષણ પદ્ધતિ અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભામાં કરેલી નીચેની ભલામણ અંગે તા. ૭/૮-૮-૧૯૭૧ની સિન્ડિકેટના ઠરાવ મુજબ પુનર્વિચારણા કરવા બાબત :

"જો ચેરમેન અથવા પરીક્ષક મંડળનો કોઈ સભ્ય આ પરીક્ષણનું કાર્ય કરી શકે એમ ન હોય તો, કોઈ સભ્ય પરીક્ષણનું કાર્ય કરવા અશક્તિ દર્શાવે તો, ચેરમેન-પરીક્ષકોની પેનલમાંથી કોઈ યોગ્ય રીતે વ્યક્તિને અને તે પણ શક્ય ન હોય તો યોગ્ય લાયકાતવાળી બહારની વ્યક્તિને નીમવા માટે કુલપતિશ્રીને ભલામણ કરશે."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની અનુસ્નાતક પરીક્ષાઓના બેવડા પરીક્ષણની પદ્ધતિ અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

૫. એક જ સંચાલક હેઠળ બે કૉલેજો કામ કરતી હોય તો બન્ને કૉલેજો માટે એક જ વ્યાયામ શિક્ષક રાખવાની અને જ્યાં એક જ કૉલેજ કામ કરતી હોય ત્યાં ખંડ સમયના વ્યાયામ શિક્ષક રાખવાની જોગવાઈ કરવાનું સૂચન કરતા ગ્રામ વિસ્તાર કૉલેજ મંડળના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૫-૧-૧૯૭૧ની સભાએ કરેલી નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

એમ.એસસી (એગ્રિ.) પદવી ધરાવનાર વિદ્યાર્થીને પીએચ.ડી. પદવી અર્થશાસ્ત્ર વિષયમાં નોંધી શકાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

"આ સભા ઠરાવે છે કે જો લાગતાવળગતા ગાઈડ ભલામણ કરે તો એમ.એસસી (એગ્રિ.) પદવી ધરાવનાર વિદ્યાર્થીને પીએચ.ડી. પદવી માટે અર્થશાસ્ત્ર વિષયમાં નોંધવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. જૂન ૧૯૭૨થી દ્વિતીય વર્ષ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ની પરીક્ષાઓ કૉલેજે લેવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧ની સભાએ કરેલી તેની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧–૭–૧૯૭૧ની સભામાં એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પૂર્વસ્નાતક શિક્ષકની પ્રક્રિયામાં યુનિવર્સિટીએ ફકત પ્રી-યુનિ. અને પદવી પરીક્ષાઓ લેવાનું રાખવું જોઈએ એમ આ સભાગૃહનું મંતવ્ય છે. અને તેના પ્રથમ પગલા તરીકે જૂન ૧૯૭૨થી એસ.વાય.બી.એ., એસ.વાય.બી.એસસી. અને એસ.વાય.બી.કૉમ.ની પરીક્ષાઓ જે હાલ યુનિવર્સિટી તરફથી લેવામાં આવે છે તેને બદલે તે પરીક્ષાઓ લેવાનું કામ કૉલેજો ઉપર છોડવું અને તે અંગે નીચે મુજબ સૂચનાઓ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) પ્રત્યેક પ્રશ્નપત્રમાં તે માટે નિયત થયેલો સમગ્ર અભ્યાસક્રમ આવરી લેવામાં આવે તે રીતે પ્રશ્નપત્રો કાઢવા જોઈએ;

(૨) પ્રશ્નપત્રમાં પ્રશ્નના વિકલ્પો આંતરિક રીતે (ઇન્ટર્નલ ઓપ્શન્સ) આવે તે રીતે પ્રશ્નપત્રો કાઢવા જોઈએ;

(૩) આ પરીક્ષાઓ કૉલેજોએ આંતરિક ગુણાંકનની પરીક્ષાઓના નિયમ મુજબ લેવાનું રાખવું જોઈએ;

(૪) સદરહુ પરીક્ષાની ગુણની ટકાવારી જે ક્રેડિટ પદવી પરીક્ષામાં આપવામાં આવે તે રદ કરવી;

(૫) સદરહુ પરીક્ષા માટે ફી અંગેના પ્રશ્ન પર સિન્ડિકેટે જરૂરી વિચારણા કરવાનું રાખવું;

(૬) પ્રત્યેક પ્રશ્નપત્રની પાંચ પાંચ નકલો યુનિવર્સિટીને મોકલવા સંબંધકર્તા કૉલેજોને જણાવવું અને તે પ્રશ્નપત્રો જે તે અભ્યાસસમિતિઓના સભ્યોને જોવા માટે ઉપલબ્ધ કરવા; અને

(૭) સદરહુ પરીક્ષા માર્ચની તા. ૧૫મી થી ૨૦મી સુધીના ગાળામાં રાખવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૮ અને બાબત નં. ૨૪ની પેટાબાબત નં. (૨)ની વિચારણા સાથે કરવામાં આવી.

૮. આંતરિક મૂલ્યાંકનના ગુણના વિભાગીકરણ અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧-ની સભાની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૭/૮–૮–૧૯૭૧ની સભામાં એકેડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઇન્ટર્નલ ઇવેલ્યુએશનના ગુણનું વિભાગીકરણ હાલ ૨૫ કસોટીઓ વત્તા ૫ વર્ગકામ હાજરી ઇત્યાદિ છે તેને બદલે ૨૦ કસોટીઓ વત્તા ૧૦ વર્ગકામ, હાજરી ઇત્યાદિ ગુણ રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૨૪. (2) The Vice-Chancellors agreed that there should be a thorough check on giving internal marks, and it was imperative that students should secure pass marks both

in the internal as well as external examinations. The Chancellor suggested that out of 30 internal marks, 20 should be for academic education and percentage of attendance, 5 for games and the remaining 5 for extra curricular activities.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આંતરિક મૂલ્યાંકન અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

૯. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૯--૮--૧૯૭૧ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એમ.ઈ. (સી., એમ. ઍન્ડ ઈ.) ડિગ્રી માટેના શિક્ષકોની લાયકાતનાં સુધારેલાં ધારાધોરણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અનુસ્નાતક શિક્ષણ અંગે પ્રવર્તમાન માળખાની પુનર્વ્યવસ્થા અંગેની સમિતિએ તેની તા. ૧૩--૪--૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨--૪--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં એકેડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"પ્રી--યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યમાં હાલ જે જે વિષયમાં પ્રત્યેક અઠવાડિયે ટ્યુટોરિયલની સંખ્યા ૧ છે તે વધારીને ૨ની કરવી અને આ ભલામણનો અમલ જૂન ૧૯૭૨ થી કરવો."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવી :

પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યમાં હાલ જે જે વિષયોમાં પ્રત્યેક અઠવાડિયે ટ્યુટોરિયલની સંખ્યા એક છે, તે વધારીને બેની કરવી, અને આ ભલામણનો અમલ જૂન ૧૯૭૩થી કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરની ભલામણના અમલને કારણે કોઈ પણ શિક્ષકને કૉલેજમાંથી છૂટા કરી શકાશે નહીં એમ સ્પષ્ટતા કરવી.

૧૧. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિ અને પ્રાણીવિજ્ઞાનની "ઑડહૉક" સમિતિની તા. ૧૭--૮--૧૯૭૧ની મળેલી સંયુકત સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"All necessary steps should be taken for introducing Biology as integrated course instead of Botany and Zoology at S.Y.B.Sc. and T.Y.B.Sc. classes."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૨. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિ અને પ્રાણીવિજ્ઞાનની ઑડહૉક સમિતિની તા. ૧૭--૮--૧૯૭૧-ની મળેલ સંયુકત સભાએ કરેલ નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

1. This joint Board recommends that there should be 20 students per batch instead of 30 for Biology practicals at Pre-University Science Class.

2. The duration for Biology practicals at Pre-University Scierce should be 4 periods instead of 3 periods. Similarly the duration of practicals for Botany and Zoology at Pre-University Science should be of 4 periods instead of 3 periods.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૩. તબીબી વિદ્યાશાખાની તા. ૧૬--૬--૧૯૭૧ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરીએ તેમના તા. ૧--૪--૧૯૭૧ના પત્રાંક એમ.સી.આઈ. ૧૮ (૧૨--૬૯--મેડ.૧૦૨૦)થી જણાવ્યું કે નીચેની શરતોનું પાલન થતું હોવાથી એમ.એસસી. (મેડિકલ) પદવીને રિટ્રોસ્પેક્ટિવ એમ.ડી. ડિગ્રીમાં ફેરવવા કોઈ વાંધો નથી તે બાબત લક્ષમાં લઈ આપણી યુનિવર્સિટીની એમ.એસસી. (મેડિકલ) પદવી જેમણે એનેટોમી અને ફિઝિયોલોજી વિષયમાં લીધી હોય તેમને રિટ્રોસ્પેક્ટિવ એમ.ડી. ડિગ્રીમાં (ને બ્રાન્ચમાં) ફેરવી આપવા ભલામણ કરવી :

મેડિકલ કાઉન્સિલે નીચેની શરતો મૂકેલી છે

1. The holders of M.Sc. qualification are medical persons;
2. There was no M.D. course available when the M.Sc qualification in the respective subject was obtained;
3. The standard of training and examination for M.Sc. was in scope and content not different from that for M.D."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૧૪. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૪-૮-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"ભારત સરકારના રાજ્ય શિક્ષામંત્રી તરફથી સંસ્કૃત ભાષાને યોગ્ય મહત્ત્વ આપવા આવેલા તા. ૨૫--૨--૧૯૭૧ના પત્ર પર વિચારણા કરી આ અભ્યાસસમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આધુનિક ભારતીય ભાષાઓ, ઇતિહાસ, ઇન્ડિયન ફિલોસોફી, ઇન્ડિયન લિંગ્વિસ્ટિકસ, મેડિસિન, આર્કિટેકચર, પોલિટિકલ સાયન્સ જેવા વિષયોમાં મૂળ ગ્રંથોનું અધ્યયન થઈ શકે તે હેતુથી અનુસ્નાતક પરીક્ષા માટે જે તે વૈકલ્પિક વિષય સાથે સુસંગત એવો સંસ્કૃતનો અભ્યાસક્રમ નિયત થવો જોઈએ, જે તે વિષયના સર્વાંગી અભ્યાસ માટે ઉપયોગી થશે તેમ આ અભ્યાસસમિતિ માને છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨--૪--૧૯૭૧ની સભાની કાર્યવાહીની બાબત ક્રમાંક ૧૪ના ઠરાવના પેરા (૭)માં પરીક્ષકોની નિમણૂકો માટે અભ્યાસક્રમ અંગે નીચે મુજબ ફેરફાર કરવાના પ્રો. એ. ટી. દેસાઈના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"બેચેલર્સ ડિગ્રી ફર્સ્ટ ક્લાસ માટે ગુણાંક ૩ ને બદલે ૨ રાખવા, માસ્ટર્સ ડિગ્રી ફર્સ્ટ ક્લાસ માટે ગુણાંક ૬ ને બદલે ૫ રાખવા અને પ્રત્યેક વર્ષના જે તે વિષયમાં અને જે તે કક્ષાએ શૈક્ષણિક અનુભવ માટે ૨ ગુણાંક આપવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ પ્રો. એ. ટી. દેસાઈએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો; તેથી તે પરત્વે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે પ્રાધ્રિનક / પરીક્ષકોના અગ્રતાક્રમ (Seniority) અંગેના નિયમો લાગુ પાડતી વખતે વાણિજ્ય વિદ્યાશાખામાં એકાઉન્ટન્સીના વિષયમાં સી.એ. કે. આઈ.સી.ડબલ્યુ.એ.ની લાયકાતને 'માસ્ટર્સ ડિગ્રી ઈન સેકન્ડ કલાસ' તુલ્ય ગણવી.

૧૬. પ્રો. એ. ટી. દેસાઈના તા. ૧૩-૮-૧૯૭૧ના પત્રથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

૧. "પરીક્ષકને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટી પરીક્ષાની ૩૦૦થી વધુ ઉત્તરવહીઓ તપાસવા આપવી નહીં. અધ્યક્ષ, કન્વીનર કે મોડરેટર જો તેમાં અપવાદ કરીને વધુ ઉત્તરવહીઓ પરીક્ષકોને ફાળવે તો ૩૦૦થી વધુ ફાળવેલી ઉત્તરવહીનું જે કંઈ વેતન થાય તે રકમ અધ્યક્ષ, કન્વીનર કે મોડરેટરના વેતનમાંથી વસૂલ કરવાનું રાખવું."

૨. "એક જ પરીક્ષક/પ્રાધ્રિનકને બે કે ત્રણ વિદ્યાશાખા હેઠળના તેમના વિષયમાં બધે પરીક્ષક/પ્રાધ્રનક તરીકે નિમણૂક ન મળે તેની પૂરતી ચકાસણી થાય તે પછી જ નિમણૂકપત્રો પાઠવવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગેનાં યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં.

૧૭. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર તથા તે જંગે પ્રો. એ. ટી. દેસાઈ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આ પહેલાં જે વ્યક્તિઓએ કોઈ પણ કક્ષાએ શિક્ષક તરીકે કામ કર્યું હોય તો તેને શિક્ષક તરીકેના નવા પદ માટેની તથા અનુસ્નાતક શિક્ષક માટેની માન્યતા માટે શું કરવું તે હવે પછી વિચારવાનું રાખવું."

પ્રો. એ. ટી. દેસાઈનો પ્રસ્તાવ

"હવે પછી નિયુક્ત થનાર ટ્યૂટર, ડેમોન્સ્ટ્રેટર, વ્યાખ્યાતા અને પ્રાધ્યાપક માટે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પદવી ઓછામાં ઓછી બીજા વર્ગ સાથે હોય તે આવશ્યક ગણવું, પરંતુ ત્રીજા વર્ગ સાથે સ્નાતક અને/અથવા અનુસ્નાતક પદવી હોય તેવા જે શિક્ષકો હાલ કૉલેજોમાં છે તેઓની જે તે કેડરમાં શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રહે તેમ જ તેમને હાલમાં બઢતીના નિયમોનો પણ લાભ મળતો રહે તેવી નિયમોમાં જોગવાઈ કરવી. છતાં જો તેમ કરવું શકય ન બને તો તેવા શિક્ષકોને પોતાના વિષયમાં શૈક્ષણિક લાયકાત સુધારવાની (નિયમોમાં અપવાદ કરીને) તક આપવી જોઈએ."

[નોંધ.-ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ નીચેના ઠરાવોના સંદર્ભમાં વિચારવાનો છે :

૧. કોઈ પણ વ્યકિત કે જે સ્નાતક કક્ષાએ તેમ જ અનુસ્નાતક કક્ષાએ એમ બેઉ કક્ષાએ ફકત પાસ વર્ગમાં જ ઉત્તીર્ણ થઈ હોય તેને ટ્યૂટર, ડેમોન્સ્ટ્રેટર કે લેકચરર કે અન્ય કોઈ શિક્ષકના પદ માટે લાયક ગણવી નહીં તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. કોઈ પણ વ્યકિત કે જે સ્નાતક કક્ષાએ અને અનુસ્નાતક કક્ષાએ એમ બેઉ કક્ષાએ પાસ વર્ગમાં ઉત્તીર્ણ થઈ હોય તેને અનુસ્નાતક શિક્ષક તરીકે કે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્ય કરવી જોઈએ નહીં, એમ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને સૂચવવું.]

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં બાબત નં. ૬૦થી કરેલો ઠરાવ તા. ૭--૮--૧૯૭૧ પહેલાં નિમાયેલા શિક્ષકોની બઢતી (Promotion)માં હરકતરૂપ ગણાશે નહીં એમ સ્પષ્ટતા કરવી.

[**નોંધ.**—સદરહુ બાબત અંગેની સિન્ડિકેટની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં થયેલી કાર્યવાહી નીચે મુજબ છે :

"૬૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

'કોઈ પણ વ્યકિત કે જે સ્નાતક કક્ષાએ તેમ જ અનુસ્નાતક કક્ષાએ એમ બેઉ કક્ષાએ ફકત પાસ વર્ગમાં જ ઉત્તીર્ણ થઈ હોય તેને ટયૂટર, ડેમોન્સ્ટ્રેટર કે લેકચરર કે અન્ય કોઈ શિક્ષકના પદ માટે લાયક ગણવી નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી.'

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને સ્પષ્ટતા કરવી કે આ નિયમ ભવિષ્યની નિમણૂકોને જ લાગુ પાડવામાં આવશે."]

૧૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૪--૭--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટે ઑર્ડિ. ૬૫--એચ (સી) હેઠળ આપવામાં આવેલી નોંધમાં માન્ય સંસ્થાઓમાં ત્રણ વર્ષનો અનુભવ (સ્ટેન્ડિંગ) હોય તે ગ્રાહ્ય ગણવામાં આવ્યું છે. તેમાં અન્ય યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓનો અનુભવ પણ ગ્રાહ્ય ગણવામાં આવે તેમ સ્વીકારવા તથા ઑર્ડિ. ૬૫--એચ (સી) હેઠળ આપવામાં આવેલી નોંધ નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી :

Note.— With regard to a Research Institution recognised exclusively for research as distinguished from teaching this qualificatien cf five years standing as a recognised post-graduate teacher in (C) above, may be conden d, if the applicant for recognitien as a recognised teacher for guiding Ph.D. studies has at least three years' standing in an Institutien or Department of this University or of any other University, provided that during that period he has to his credit his own independent research publications of recognised merit over and above the one for which he might have got his research degree. (i.e. excluding those based on the thesis submitted for any research degree.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫--એચ (સી) હેઠળની નોંધ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૯. સેનેટની તા. ૧૮/૧૯--૧--૧૯૬૯ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮--૯--૧૯૬૯ની સભાની ભલામણ તથા તે પર સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૧--૧૯૭૦ની સભાનો રિપોર્ટ સેનેટની તા. ૧૯/૨૦/૨૧ અને ૨૭/૨૮--૩--૧૯૭૧ની સભા સમક્ષ જાણ સારુ મૂકેલો તે સેનેટે રિફરન્સ કર્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત:

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એકસ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭/૧૮--૯--૧૯૬૯ની ભલામણ

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા માટે આ સભા સંમત નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૧--૧૯૭૦ની સભાનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અનુસ્નાતક શિક્ષણ માટે હાલ સાંજના વર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે તે જોતાં વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ એકસ્ટર્નલ પરીક્ષાઓ માટેની જોગવાઈ કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૦. સંલગ્ન કૉલેજને કાયમી જોડાણ આપવાની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીએ નીમેલ કૉલેજો માટેની સ્થાયી સમિતિએ સૂચવેલ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ઓડાર્ડિનરી સમિતિએ મંજૂર રાખેલ નીચેના સૂચનની સિન્ડિકેટે તેની તા. ૧૨--૬--૧૯૭૧ની સભામાં નોંધ લઈ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું છે તો તે પર વિચારણા કરવા બાબત:

"It is suggested that if a college on temporary affiliation has functioned well for a period of five years and has fulfilled the basic requirements it should normally be given permanent affiliation."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮/૨૧--૪--૧૯૭૧ની સભામાં ફી-નિયંત્રણ અંગે નીમેલ સમિતિની ભલામણને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૧૯--૫--૧૯૭૧ની સભામાં નક્કી કરેલ નીચેના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :

"મોટા ભાગની કૉલેજોની આર્થિક સંકડામણ માટે કૉલેજોની વધતી જતી સંખ્યા જવાબદાર હોઈ પાંચેક વર્ષ સુધી નવી કૉલેજોને સામાન્ય રીતે નવું જોડાણ આપવું જોઈએ નહિ એ મંતવ્ય સાથે સિન્ડિકેટ સંમત છે."

આથી ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં કૉલેજોના જોડાણ અંગેની અરજીઓ વિચારણા માટે આ સભાગૃહમાં હાથ ધરવામાં આવે ત્યારે સ્થાનિક તપાસસમિતિની ભલામણોની સાથે ઉપરનો અભિપ્રાય પણ ધ્યાનમાં લેવામાં આવે.

૨૨. સાંજના વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં ટ્યુટોરિયલની "બૅચ" વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓની રાખવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧/૨૨--૪--૧૯૭૧ની સભામાં કરેલી નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮ અને ૨૧--૪--૧૯૭૧ની સભામાં એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા કરવા માટે મોકલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨--૪--૧૯૭૧ની સભાની ભલામણ

"પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના વર્ગોમાં ટ્યુટોરિયલ કામ માટેના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુમાં વધુ ૩૦ની રાખવી અને આ ભલામણનો અમલ જૂન ૧૯૭૧થી કરવો."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે સિન્ડિકેટનો નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

પ્રી-યુનિવર્સિટી વિનયન વિજ્ઞાન અને વાણિજ્યના વર્ગોમાં ટ્યુટોરિયલ કામ માટેના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુમાં વધુ ૩૦ની રાખવી અને આ ભલામણનો અમલ જૂન ૧૯૭૨થી કરવાનું રાખવું.

૨૩. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં કામ કરતા અનુસ્નાતક પદવી ધરાવતા શિક્ષકો પોતાના મુખ્ય વિષય ઉપરાંત તે વિષયનો સંબંધકર્તા કે અન્યથા પૂરક એવા બીજા વિષય કે વિષયો પ્રી-યુનિવર્સિટી અને/અથવા પ્રથમ વર્ષની કક્ષાએ શીખવી શકે તે માટે જરૂરી નિયમો ઘડવા એકેડેમિક કાઉન્સિલને જણાવવાનું સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૧--૭--૧૯૭૧ની સભામાં ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાંજના કૉલેજોમાં શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત અંગેના ધોરણોમાં નીચે મુજબની કલમ ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Notwithstanding anything contained in the rules governing the minimum qualifications for appointment as a teacher of any category (Professor or Lecturer or Tutor) a person holding a Master's Degree shall be eligible to hold an appointment and to teach as a Professor, Lecturer or Tutor as the case may be, any subject other than English in the Pre-University classes provided he offered in its Master's Degree Course at least two papers in that subject."

(નોંધ.—ઉપરની ભલામણનો અમલ થતાં કોઈ પણ શિક્ષકને છૂટા કરી શકાશે નહીં એમ સ્પષ્ટતા કરવી.)

૨૪. તા. ૧૧--૪--૧૯૭૧ના રોજ રાજભવન ખાતે મળેલી ગુજરાત રાજ્યના કુલપતિઓની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત. :

(1) The authors of "Guides" should also be banned as Paper-setters or Examiners.

(3) He (i.e. Chancellor) also suggested that an abridged edition of the History of the Indian Freedom Movement, including the fundamental Principles of Indian

Constitution, should be prescribed as a text-book. In this connection, the study of Pandit Nehru's "Discovery of India" would be very useful.

(4) The Chancellor was of the opinion that extra curricular activities should also be incorporated in the interral assessment. It is essential to ensure that this asessment is objective and fool-proof. It was agreed that the internal assessment marks should not be counted for the award of classes. For the award of division, the Chancellor suggested three ways, viz. (*i*) a student must pass in both internal as well as external examination, (*ii*) marks of interral assessment should not be counted for the purpose of class in toto; and (*iii*) adding some more extra-curricular activities which could be concretely assessed.

(5) The Kothari Commission in its report has said that Examiners should get no remuneration as this work is a part of their duty. The Chancellor felt that at least a ceiling should be fixed on examinerships, which should be well-regulated either by the amount of remuneration or by the number of papers. He suggested two drops after six years, and four drops after ten years, so that younger persons may also get a chance.

(6) As regards tutorials, the Chancellor felt that a proper beginning should be made at the top, i.e., post-graduate level. Gradually, tutorials, could be introduced intensively at graduate and under-graduate levels.

(7) The Vice-Chancellors were of the general view that marks of English paper in various Faculties should be counted for award of class or division. They also felt that students should offer at least one foreign language at the University stage. The Chancellor suggested that besides English, there should be facilities for the study of other foreign languages like German, French, Russian or Japanese.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ આ યુનિવર્સિટીઓ આ અગાઉ સ્વીકારેલી છે ને હકીકત તરફ ધ્યાન ખેંચવું.

(૨) ઉપરની ભલામણ નં. (૨) અંગેની વિચારણા આગળ બાબત નં. ૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ નં. (૩)નો સમાવેશ જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમમાં કરવા માટે તે વિષયની અભ્યાસસમિતિને સૂચવવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા પરીક્ષા પદ્ધતિની સુધારણા અંગેની સમિતિની વિચારણા માટે મોકલવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા પરીક્ષા પદ્ધતિ સુધારણા અંગેની સમિતિની વિચારણા માટે મોકલવી.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ નં. ૬ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ નં. ૭ના સંદર્ભમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં વર્ગ આપતી વખતે અંગ્રેજીના ગુણ ગણતરીમાં લેવામાં આવે છે તે તરફ ધ્યાન ખેંચવું.

૨૫. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(અ) પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની ૧૯૭૨ની સાલથી વિષયની પરીક્ષા માટે 'મરાઠી કવિતા' ને બદલે 'પાડુરંગ-વસંત' નિયત કર્યાના;

(બ) પ્રથમ વર્ષ બી.એ.ની મરાઠી વિષયની પરીક્ષા માટે નિયત કરેલ પુસ્તક 'સહ્યાદ્રિ' ને બદલે 'કુસુમાગ્રજ વિશાખા' પુસ્તક નિયત કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૬. પ્રી-યુનિ. કક્ષાએ વૈકલ્પિક વિષય તરીકે સમાજશાસ્ત્ર વિષય દાખલ કરવાની સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૩--૯--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૭. ફાર્મસીની વિદ્યાશાખાની તા. ૨૨--૯--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બી.ફાર્મ.ની પહેલા, બીજા અને ત્રીજા વર્ષની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને નાપાસ થયા પછી ફરીની પરીક્ષામાં પોતાનાં પહેલાં કૉલેજનાં સત્રો રાખવાની જોગવાઈ છે તે રદ કરવા તથા તે મુજબ ફાર્મસી ઑર્ડિ. ૯, ફાર્મસી ઑર્ડિ. ૧૨ તથા ફાર્મસી ઑર્ડિ. ૧૫ નીચે મુજબ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Pharm. O. 9 :

A candidate who has failed to pass the First B.Pharm. Examination may appear at the subsequent examination as an ex-student without keeping fresh terms.

Pharm. O. 12 :

A candidate who has failed to pass the Sceond B.Pharm. examination may appear at the subsequent examination as an ex-student without keeping any fresh terms.

Pharm. O. 15 :

૨૩. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૨થી બી.એડ.ના અભ્યાસક્રમો માટે તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એડ. અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. દૃશ્ય-શ્રાવ્ય સાધનો તથા અન્ય શૈક્ષણિક સાધનો માટે ગયા વર્ષની શરત પૈકી બાકી રહેલા રૂ. ૧,૧૫૦નાં સાધનો વસાવવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કાયદાની વિદ્યાશાખા માટે ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૨૪. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૭૨થી તૃતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ ભૂજ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને વતીય

એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેવું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૨૫. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૨થી દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ તથા તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કાયદાના વિષયના એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) એક વર્ગખંડ;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. કાયદાના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. આચાર્યશ્રી માટે કૉલેજની નજીક અલગ અલગ તથા યોગ્ય રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૯. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૨૬. એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી એમ.બી.,બી.એસ.ની પદવી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને ફાઈનલ એમ.બી.બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજનું સ્વતંત્ર મકાન તા ૧૫-૬-૧૯૭૪ સુધીમાં તૈયાર કરવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૨૭. શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૭૨થી બાલાસિનોર ખાતે શરૂ કરાનાર નવી શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર તરફથી બાલાસિનોરમાં જૂન ૧૯૭૨થી શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૨૮. શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી મંડળ, તાજપુર તરફથી-જૂન ૧૯૭૨થી પ્રાંતિજ ખાતે શરૂ કરનાર નવી શિક્ષણની કોલેજને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, તાજપુર તરફથી પ્રાંતિજમાં જૂન ૧૯૭૨થી શરૂ કરનાર શિક્ષણની કોલેજને જોડાણ આપવું નહીં, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૨૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૮ (૨) વર્ગ ૧-એ (ii) મુજબ સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે વિદ્યાશાખાનું સભ્યપદ એનાયત કરવા બાબત વિચારણા કરવા બાબત :

ક્રમાંક	(જ) સભ્યોનું નામ	વિદ્યાશાખાની પસંદગી
૧.	શ્રી. રામલાલ ડાહ્યાલાલ પરીખ, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા
૨.	ડૉ. ગોરધનદાસ મરઘાભાઈ પટેલ, એમ.બી.,બી.એસ., આયુર્વેદાચાર્ય	આયુર્વેદ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૦. પ્રી-યુનિવર્સિટી કક્ષાએ હિંદીને વૈકલ્પિક વિષય તરીકે લેનાર કોઈ વિદ્યાર્થી ન હોય તો પણ બે સમયના વ્યાખ્યાતા રાખવાનું બંધન દૂર કરવાનું સૂચન હવે પછી શરૂ થતી કોલેજો માટે મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની બેઠકમાં અને સિન્ડિકેટની તા. ૧૨/૧૬-૧૧-૧૯૭૧ની સભાના નીચેના ઠરાવ અનુસાર પુનર્વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે જૂની કોલેજો અને હવે પછી શરૂ થતી કોલેજોને અંગે કેટલો ભોગભાર રાખવો જોઈએ તેનો એ સૂચન સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં સંલગ્ન કોલેજોમાં હિંદીના શિક્ષકો અંગેની માહિતી મગાવવી, અને તે આવ્યેથી સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૩૧. એક જ સંચાલન હેઠળ બે કૉલેજો કામ કરતી હોય તો બંને કૉલેજો માટે એક જ વ્યાયામશિક્ષક રાખવાની અને જ્યાં એક જ કૉલેજ કામ કરતી હોય ત્યાં બે સમયના વ્યાયામશિક્ષક રાખવાની જોગવાઈ કરવાના ગ્રામ્ય વિસ્તાર કૉલેજ મંડળના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં નિમાતા વ્યાયામશિક્ષકોના કાર્યભાર અંગેના નિયમો ઘડવા માટે જરૂરી કાર્યવાહી કરવી; અને તે નિયમો ઘડાયેથી આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ વિચારણા માટે રજૂ કરવી.

૩૯. થર્ડ બી.એ.ની ૧૯૭૨ના વર્ષમાં લેવાનારી હિંદી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૧૦માં "કફન ઔર શેષ રચનાયેં" અને "કફન" એ બેમાંથી ગમે તે એક પુસ્તકનું અધ્યયન કરવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૦. હિંદીની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ (ક્રમાનુવર્તી એક)
૧.	શ્રી. એ. પી. ભાયાણી	"મધ્યકાલીન હિંદી-ગુજરાતી સાહિત્ય કી પ્રવૃત્તિયોં કા તુલનાત્મક અધ્યયન"	ડૉ. એ. એસ. નાગર	(અ) ૧. ડૉ. મંજુલાલ ર. મજમુદાર, ચૈતન્યધામ, પ્રતાપગંજ, વડોદરા-૨. ૨. શ્રી. રામપ્રસાદ બક્ષી. (બ) ૧. ડૉ. સરનામસિંહ (વાઈવા માટે પણ), અધ્યક્ષ, હિન્દી વિભાગ, રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર. ૨. ડૉ. વિનયમોહન શર્મા ખંતોલી, નાગપુર.
૨.	શ્રી. કાબરા નંદકિશોર	"રીતિકાલીન કાવ્ય મેં શબ્દાલંકાર"	ડૉ. એ. એસ. નાગર	૧. ડૉ. દેવેન્દ્રનાથ શર્મા (વાઈવા માટે પણ), અધ્યક્ષ, હિન્દી વિભાગ, પટણા યુનિવર્સિટી, પટણા. ૨. ડૉ. નગેન્દ્ર, અધ્યક્ષ, હિન્દી વિભાગ, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી. ૩. ડૉ. ભગીરથ મિશ્ર, સાગર યુનિવર્સિટી, સાગર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના ઉપરના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૧. ભૌતિકશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા નીચે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Sr. No.	*Name of student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(1)	Shri Y. C. Saxena	"A study on Muons Associated with Extensive Air showers"	Dr. V. A. Sarabhai (P.R.L.)	1. Prof. K. Greisen, Dept. of Physics, Clark Hall, Cornell University, Ithaca, N. Y., U.S.A. 2. Prof. John Cinsley, Department of Cosmic Ray Physics, Massachussets Institute of Technology, Cambridge, Mass, U.S.A. 3. Prof. L. Janossy, Institute of Physics, Budapest, Hungry. ***For Viva*** 1. Prof. B. V. Sreekantan, Tata Institute of Fundamental Research, Homi Bhabha Road, Bombay-5 2. Prof. M. S. Sinha, Physics Dept.,

Sr. No.	Name of student	Sucject	Internal Referee	External Referees
				Regional Engineering College, Durgapur.
				3. Prof. B. Bhowmik, Physics Dept., Delhi University, Delhi.
(2)	Shri R. K. Mishra	"Studies of the Ionospheric irregularities at Law Latitude"	Prof. R. G. Rastogi, Physical Research Laboratory, Ahmedabad-9	1. Dr. Fernando de Mandonca, Director, SAO JOSE DOS CUAE CAMPOS SAO PAULO BRAZIL.
				2. Prof. K. Rawer, Arbeitsgruppaf fur physikalischo, Waltraumforschung, Kronenstr-13, 78-Freiburg, IM Breis Gau, West Germany.
				3. Prof. Ken-Ichi Maeda, Department of Electronics, Kyoto University, Sakyo-Ku, Kyoto—Japan.
				For Viva-voce
				1. Dr. A. K. Saha, National Physical Laboratory,

Sr. No.	Name of student	Subject	Internal Referee	External Referees
				Hillside Road, New Delhi-12.
				2. Dr. S. Basu, Center of Advanced study in Radio Physics and Electronics, 92, Acharya Prafullachandra Road, Calcutta-9.
				3. Dr. R. Sethuraman, Madras Institute of Technology, Chromepet P.O. Madras-44.
(3)	Mrs. Girija Rajaram	"Studies of Disturbances in the F region of the Ionosphere"	Prof. R. G. Rastogi, Physical Research Laboratory, Ahmedabad-9	1. Dr. T. Obayashi, Ionospheric Research Laboratory, University of Tokyo, Komba, Meguro-Ku Tokyo, Japan.
				2. Dr. P. Stubbe, Max-Planck-Institute, Fur, Aeronomic Institute, Fur Ionospherenphysik, 3122, Lindau Uber Northeim, Germany.

Sr. No.	*Name of the student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				3. Dr. J. W. King, Radio and Space Research Station Ditton Park, Slough (Buck), England.
				For Viva-voce
				1. Dr. M. K. Voina Bappu, Director, Indian Institute of Astrophysics Kodaikanal-5, Tamil-Nadu.
				2. Dr. R. Anantha-krishnan, Director, Indian Institute of Tropical Meteorology, Ramdurg House, Poona-5.
				3. Dr. M. S. Gopal Row, Defence Electronics Research Laboratory, Chandrayan-agutta Lanes, Hyderabad-5

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના ઉપરના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૨. પીએચ.ડી. પદવી માટે ઉત્તીર્ણ જાહેર કરવામાં આવેલા નીચેના વિદ્યાર્થીઓ અંગે નીમવામાં આવેલ રેફરીઓના અહેવાલની નોંધ લેવા બાબત :

ક્રમાંક	નામ	વિષય
૧.	શ્રી. ભરતકુમાર નટવરલાલ ઓઝા	કેમિસ્ટ્રી
૨.	શ્રી. જયંતીલાલ હીરાલાલ શાહ	એજ્યુકેશન
૩.	શ્રી. રિખવચંદ પોપટલાલ શાહ	,,

ક્રમાંક	નામ	વિષય
૪.	કુ. અલકનંદા વિનીતરાય વ્યાસ	બોટાની
૫.	શ્રી. ઇંદ્રવદન વિષ્ણુપ્રસાદ ત્રિવેદી	સંસ્કૃત
૬.	શ્રી. જયનારાયણ શુક્લ	અંગ્રેજી
૭.	શ્રી. રવીન્દ્ર હર્ષદરાય ભટ્ટ	કેમિસ્ટ્રી
૮.	શ્રી. નારાયણ લિંગો દીપાલી	,,
૯.	શ્રી. રાજેન્દ્રપ્રસાદ શર્મા	ફિઝિક્સ
૧૦.	શ્રી. નૃપેન્દ્ર ગજેન્દ્રલાલ વસાવડા	,,
૧૧.	શ્રી. કનુભાઈ ચૂનીલાલ દેસાઈ	કેમિસ્ટ્રી
૧૨.	શ્રી. ગુણેશચંદ્ર જયંતીલાલ શાહ	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલોની નોંધ લેવી.

૪૩. "ઇક્વિવેલેન્સ ઓફ એક્ઝામિનેશન્સ" અંગેની સ્થાયી સમિતિએ તેની તા. ૮-૧૧-૧૯૯૧ની સભામાં કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮-૧૧-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૪. બોટાની-ઝૂલોજીની સંયુક્ત અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાએ ઠરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત:

"આ સભા ઠરાવે છે કે પ્રથમ વર્ષ બી.એસસી. બાયોલોજીનો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૭૨ના શૈક્ષણિક વર્ષથી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપર ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. સાયન્સ-૨નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને જૂન, ૧૯૭૨ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૫. ઝૂલોજીની અભ્યાસસમિતિની તા. ૨૫-૧૦-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પહેલી, બીજી અને ત્રીજી બી.ડી.એસ.ની પરીક્ષામાં બધા વિષયોમાં નાપાસ થયા હોય તોપણ આગળની પરીક્ષાના અભ્યાસક્રમમાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે તેને બદલે જો તે પરીક્ષાના એક વિષયમાં નાપાસ થયા હોય તેમને આગળના અભ્યાસ-ક્રમમાં સત્રો ભરવાની છૂટ આપવી અને તે માટે ઑ. ૩૬૯, ઑ. ૩૭૦ અને ઑ. ૩૭૧ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને આ ત્રણે સુધારેલા ઑર્ડિનન્સોનો અમલ ઑક્ટોબર ૧૯૭૨ની પરીક્ષાથી કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ ઑર્ડિ. ૩૬૯, ૩૭૦ અને ૩૭૧ સુધારીને તેને ઑક્ટોબર ૧૯૭૨ની અને તે પછીની પરીક્ષાઓને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૬. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૯-૧૦-૧૯૭૩ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી અંગે આવેલ મહાનિબંધ તપાસવા રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Sr. No.	*Name of the student*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referees*
(1)	Miss P. N. Shah	Ph.D.	"Physiology of Growth and Development in Crop Plants 1. Effect of Photoperiod on some Enzyme systems in relation to the Sulfhydryl content"	Dr. J. J. Chinoy	1. Prof. Richard G. Loicoln, Botany Department, Long Beach State College, 6101E, 7th St., Long Beach 4, California, U.S.A. *or* 2. Dr. R. Grover, Plant Physiologist, Forest Nursery Station Research Branch, Canada, Department of Agriculture, Box No. 401, Indian Head, Saskatoon, Canada. *Indian Referee for Viva-voce* 1. Dr. G. V. Joshi, Head of the Botany Department, Shivaji University, Kolhapur.

Sr. No.	Name of student	Degree	Subject	Internal Referee	External Referees
					2. Prof. S. P. Sen, Head of Botany Department, Kalyani University, Kalyani, W. Bengal.
(2)	Shri H. K. Suthar	Ph.D.	"Histo-chemical studies during the Vegetative and reproductive differentiation in Zea Mays L."	Dr. C. K. Shah	1. Dr L. M. Srivastava, Vice-President, Simon-Fraser University, Department of Biological Sciences, Professor of Biology, Burnabay-2, British Columbia, Canada. *or* 2. Prof. Dr. Kuperman, F. M., Professor of Darwinism, Lomensov, University of Moscow, Lenin Hills, U.S.S.R. *Indian Referee for Viva.* 1. Prof. J. J. Shah, Head of the Botany Department, Sardar Patel University, Vallabh Vidyanagar. *or* 2. Dr. B. K. Gaur, Head of the Plant Physiology Division, 8, Bhabha Atomic Research Centre, Trombay, Bombay.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના ઉપરના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૭. કાયદાની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર બીજી એલએલ.બી.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા બંધ થઈ હોવાથી નવા અભ્યાસક્રમના કયા પ્રશ્નપત્રોમાં મુક્તિ આપવી તે બાબતની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સિન્ડિકેટે એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલી હોવાથી વિચારણા કરવા બાબત:

A student having failed at the Second LL.B. (Old) but has obtained exemptions in one or more subjects is eligible to claim exemption in the subject shown against them as under :

2nd LL B. (Old)	*2nd LL.B. (New)*
1. Hindu Law	Hindu Law and Mohamedan Law
2. Mohamedan Law and Indian Succession Act	Hindu Law and Mohamedan Law
3. T. P. Easement and Registration	T. P. and Succession Act
4. Public and Private International Law	Either Public Inernational Law or Private International Law
5. Equity, Specific Relief and Trust.	No exemption.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી સલાહસૂચનો લઈને યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપની.

૪૮. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં જૂન ૧૯૭૩થી કૉલેજોનું શિક્ષણકામ સવારે ચલાવવાનું બંધ કરવા અને નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસની વ્યવસ્થા યુનિવર્સિટી પોતે અગર પસંદ કરેલી કૉલેજો દ્વારા ચલાવે તેવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભાના ઠરાવોનો અમલ સારી રીતે થાય તે માટે વિગતવાર યોજના ઘડવા એકેડેમિક કાઉન્સિલની તે જ સભામાં નિયુક્ત થયેલ સમિતિની નીચે જણાવેલ ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) અમદાવાદ શહેર વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર બંનેમાં નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીના નિયમોનું સંપૂર્ણ પાલન થાય તે માટે યુનિવર્સિટી પોતે જ જરૂરિયાત પ્રમાણે સવારની કૉલેજો ચલાવે.

(૨) બપોરની કૉલેજોમાં જે શિક્ષણવ્યવસ્થા હોય તે સર્વે સવારની કૉલેજો માટે પણ ઉપલબ્ધ હોવી જોઈએ.

(૩) બપોરની કૉલેજમાં જોડાયેલ કોઈ વિદ્યાર્થીને વર્ષની વચ્ચે નોકરી મળે તો તેને સવારની કૉલેજોમાં સમાવી શકાય તે માટે જોગવાઈ કરવી.

(૪) સવારની કૉલેજો બંધ કરવાને કારણે સંલગ્ન કૉલેજોને નવાં મકાનો બાંધવાનો પ્રશ્ન આવે તો તેને તે અંગે ગ્રાન્ટ મળે તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, વિગતે રિપોર્ટ આપવા માટેની વિનંતી સાથે, સદરહુ સમિતિની વિચારણા માટે પાછી મોકલવી.

૫૦. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી અને સમાજ-શાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને સમાજ-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી કાયમી જોડાણ, તથા બી.એ.(પ્રિન્સ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂ. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની ખાતરી કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન વગેરે કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રોવિડંટ ફંડ અને સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૫૧ શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(સબ્સે.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ તથા બી.એ.(મિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ આર્ટ્સ એન્ડ શ્રી એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(સબ્સે.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગૃહવિજ્ઞાનના પ્રાધ્યાપક

(૨) ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા

(૩) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા

(૪) ફેમિલી હેલ્થના વ્યાખ્યાતા;

૨. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા (રસોડું), સ્ટોર, વિવિધ હેતુલક્ષી ખંડ, વર્ગખંડો, પ્રદર્શન માટેની વ્યવસ્થા ઇત્યાદિની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં આવે અને જો તે જોગવાઈ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગૃહવિજ્ઞાન વિષયનાં સાધનો વસાવવા પાછળ રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. ગૃહવિજ્ઞાનના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પ્રગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૮. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની સ્થાપના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૫૨. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૨થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬ ૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેવા પામી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૫. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૫૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, અને બી.એ.(સમો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સમો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને વેતન-વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૫૪. ચંદનબેન ઍન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ અને એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૭૨થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિંદી, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એ.માં આંકડાશાસ્ત્ર અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી કરાવવામાં આવે છે કે ચંદનબહેન અને સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨ થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં આંકડાશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના વિષયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૬. પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૫૫. શાહ ચંદુલાલ કસ્તૂરચંદ મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૭૨થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શાહ ચંદુલાલ કસ્તૂરચંદ મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૨ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫-૬-૧૯૭૨થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે સેનેટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતો પ્રમાણે ગ્રંથાલય પાછળ પૂરેપૂરો ખર્ચ કરવામાં આવ્યો છે તેનું વર્ષવાર આંકડા સાથેનું જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવે, અને જે તે અંગે અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી હોય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

૪. પ્રોવિડંડ ફંડ અંગે સંચાલક મંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

૫૬. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૭-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"બીજા વર્ષ બી.એ. માટે રેગ્યુ. આર્ટ્સ-૭ અને બીજા વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ-૮માં સ્ટેટિસ્ટિક્સ વિષયનો અભ્યાસક્રમ તથા ગુણનું વિભાગીકરણ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરી, તથા તે મુજબ રેગ્યુ. સાયન્સ-૮માં જરૂરી સુધારો કરીને તે રેગ્યુલેશનને મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુલેશનની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૭. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૭-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"બીજા વર્ષ બી.એ. અને બી.એસસી. સ્ટેટિસ્ટિક્સ વિષય માટે ૮ વત્તા ૪ પિરિયડો થિયરી માટે તથા પ્રાયોગિક કામ માટે અઠવાડિયામાં ૬ વત્તા ૩ પિરિયડો રાખવા અને ત્રીજા વર્ષ બી એ. અને બી.એસસી. માટે અઠવાડિયામાં ૨૦ પિરિયડો થિયરી માટે તથા પ્રાયોગિક કામ માટે ૯ પિરિયડો રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૮. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૭-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિનયનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.માં સ્ટેટિસ્ટિક્સ વિષયના પ્રશ્નપત્રો છે તેને બદલે બીજા વર્ષ બી.એ.માં ત્રણ પ્રશ્નપત્રો તથા ત્રીજા વર્ષ બી.એ.માં પાંચ પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ વિજ્ઞાનની જેમ રાખવા અને આ વિષય પહેલા વર્ષ બી.એ.માં મેથેમેટિક્સ વિષય લેનાર વિદ્યાર્થીઓ લઈ શકે તેવી વ્યવસ્થા કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૯. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૧/૧૨-૧૦-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"શ્રી. જી. આર. દેસાઈને 'Published Research work in Mathematics styled Elliptic Polynomials and Differential Equations' માટે ડિ.લિટ.ની પદવી માટે નીચે મુજબ ક્રમાનુવર્તી ત્રણ રેફરીઓની નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે :

1. Lars V. Alfors,
   Harvard University, U.S.A.
2. Shri S. M. Shah,
   University of Kenkuty Lexington, 40506, U.S.A.

3. Prof. Walter Rudin,
University of Wisconsin, U.S.A.
4. Dr. Vikramaditya Singh,
Head, Dept. of Mathematics, Punjabi University,
Patiala (Punjab).
5. Dr. R. P. Shrivastava,
Head, Dept. of Mathematics, I. I. T., Kanpur.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના ઉપરનો મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૩. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલા વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા નીચે પ્રમાણે ક્રમાનુવર્તી રેફરીની નિમણૂક કરવા ભલામણ કરવી :

Sr. No.	*Name of student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(1)	Shri Y. M. Mehta	Organic Chemistry : "Effect of Oxidising agents on some Natural oils and fats"	Principal Dr. C. C. Shah (Dabhoi)	1. Prof. M. J. S. Dewar, University of Texas, Texas, Austin, U.S.A. 2. Dr. G. W. Gray, University of Hull, HULL, HU & RX(Gt. Britain). 3. Dr. Hanx Kelker, Leiter de Analytischen Laboratorium Farbwerke Hoechst AG, 6230, Frankfurt (Main), 80, West Germany.

Sr. No.	*Name of student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				4. Dr. R. S. Porter, Polymer Science and Engineering University of Massachusetts, Amherst, Mass., 01002, U.S.A.
				For Viva-voce
				1. Dr. K. A. Thaker, Professor of Chemistry, Saurashtra University, Bhavnagar.
				2. Dr. C. M. Desai, Principal, Sarvajanik Science College, Surat.
				3. Dr. B. N. Mankad, Professor of Organic Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar.
(2)	Shri R. A. Shah	"Studies in Properties of Saline—Alkali Soils"	Dr. R. K. Shah (Ahmedabad)	1. Prof. I. J. Boros, Technical Officer, Soil Reclamation, FAO United Nation's Project, Soil Institute, Teheran, P.O. Box 1056, Ahwaz, Iran.

Sr. No.	*Name of student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				2. Prof. Halaz Karoly, Research Scientist, Soil Research Station, Nagykunsagi Mezogazdasagi Kiserleti Intezet, Karcag, Hungary (Europe).
				3. Prof. Sipos Sandoor, Deputy Director, Soil Research Station, Nagykunsagi Mezogazdasagi Kiserleti, Intezet, Karcag, Hungery (Europe).
				4. Dr. Mrs. Ketalin Darabi Head of the Chemistry Department, National Institute for Agricultural Quality Testing, OMMI, Keleti, K. U. 24, Budapest 11, Hungary (Europe).

Sr. No.	Name of the student	Subject	Internal Referee	External Referees
				For Viva-voce
				1. Dr. V. P. Pandya, Senior Scientist, Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar.
				2. Dr. I. C. Gupta, Soil Chemist, Central Soil Salinity Research Institute, 324-L, Model Town, Karnal, Haryana.
				3. Dr. B. V. Mehta, Head of the Chemistry Department, B. A. Institute of Agriculture, Anand.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના ઉપરના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૪. એકેડમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાએ ઑર્ડિ. કૉમર્સ-૫-બી વાણિજ્ય વિદ્યાશાખાને વિચારણા માટે મોકલેલ હોઈ વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩૦-૮-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. કૉમર્સ ૫-બી આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. કૉમર્સ ૫-બી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિનન્સ કૉમર્સ ૫-બીની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી જનરલ એજ્યુકેશન વિષયની પરીક્ષા યુનિવર્સિટીએ લેવા તથા તેના ગુણ વર્ગ આપતી વખતે ગણતરીમાં લેવા અંગેના એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૦-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ હોઈ પ્રથમ તથા દ્વિતીય વર્ષ બી.એ., બી.એસસી. અને બી.કૉમ. પરીક્ષાઓના વર્ગ આપવાને લગતા સુધારેલા નિયમો રે. આર્ટ્સ-૩, રે. આર્ટ્સ-૮, રે. સાયન્સ-૪, રે. સાયન્સ-૯, રે. કૉમ.-૪ અને રે. કૉમ.-૯ને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૩, રે. આર્ટ્સ-૮, રે. સાયન્સ-૪, રે. સાયન્સ-૯, રે. કૉમ.-૪ અને રેગ્યુ. કૉમ.-૯ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૩, રે. આર્ટ્સ-૮, રે. સાયન્સ-૪, રે. સાયન્સ-૯, રે. કૉમ.-૪ અને રે. કૉમ.-૯ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૯-૧૦-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીના નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Name of student	*Subject*	*Referees*
Miss S. L. Zaveri	"Organic Reagents in Analytical Chemistry"	1. Dr. Ray F. Wilson, Prof. of Chemistry Dept., Texas Southern University, Housten, Texas, 77004 (U.S.A.). 2. Dr. Roger C. Voter, Institute of Atomic Research Department of Chemistry, IOWA State College, Amed, IOWA (U.S.A.).

Name of student	*Subject*	*Referees*
		3. Dr. Gilbert H. Ayres, Prof. of Chemistry, University Texas, Austin, Texas (U.S.A.).
		4. J. P. Phillips, Chemistry Department of the University, Lousiville, Kenturdy (US.A.).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનો ઉપરનો મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની કમાનુવતી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું અને નીચેના કમાંકવાળાં કામોની વિચારણા કરવામાં આવી નહોતી/મોકૂફ રાખવામાં આવી હતી :

૩૦, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૯, ૫૯, ૬૦ અને ૬૧.

નં. એ.કા./૪૨૪૨૮/૧૯૭૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી, ૩, ૧૯૭૨.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૪૩

સ્ટેન્ડિંગ કમિટી ઓન ઇકિવવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની એક સભા સોમવાર, તા. ૮-૧૧-૧૯૭૧ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. સી. એલ. શાસ્ત્રી, ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા	હાજર
૨.	શ્રી. વી. એફ. શાહ, ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા	ગેરહાજર
૩.	શ્રી. એમ. એસ. પંડિત, ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા	ગેરહાજર
૪.	શ્રી. ટી. એમ. પરીખ, ડીનશ્રી, ઇજનેરી વિદ્યાશાખા	હાજર
૫.	શ્રી. સી. એસ. શાહ, ડીનશ્રી, ફાર્મસી વિદ્યાશાખા	હાજર
૬.	શ્રી. જે. સી ત્રિવેદી, ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા	હાજર
૭.	શ્રી. આર. એલ વાદી, ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા	ગેરહાજર
૮.	શ્રી. એસ. બી. પંડ્યા, ડીનશ્રી, આયુર્વેદ વિદ્યાશાખા	ગેરહાજર
૯.	શ્રી. એ. કે. ઝવેરી, ડીનશ્રી, કૃષિ વિદ્યાશાખા	ગેરહાજર
૧૦.	શ્રી. એ. એમ. મલાવવાલા, ડીનશ્રી, દંત વિદ્યાશાખા	હાજર.

કુલપતિશ્રીની અનુપસ્થિતિમાં સભાનું પ્રમુખસ્થાન સભાગૃહની વિનંતીથી વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ શ્રી. સી. એલ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૧-૬-૧૯૭૧ ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧-૬-૧૯૭૧ ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર સભાના અધ્યક્ષ શ્રી. સી. એલ. શાસ્ત્રીએ સહી કરી.

૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી બી.બી.એમ. (બેચેલર ઑફ બિઝનેસ મેનેજમેન્ટ) પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગેના તે યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તા. ૧૧-૮-૧૯૭૧ના પત્રાંક આર.એ.સી. ઇકિવ-બીબીએમ. ૪૧૭ પર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

Looking to the courses of the B.B.M. Degree Examination and the passing standard of 25% in each paper the candidate coming from Banaras Hindu University with B.B.M. Degree may be admitted to M.Com. Part I on the following conditions :

(1) He must have secured minimum 36% of marks in each paper.

(2) His elective papers should be examined and they should cover the major part of the optional subject of our University in which he seeks enrolment.

આથી ઠરાવવામાં આવે છે કે બનારસ હિન્દુ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી બી.બી.એમ. (બૅચેલર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ) પદવી પરીક્ષાને ગુજરાત યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ. પદવી પરીક્ષા તુલ્ય નીચેની શરતે પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(1) The candidate must have passed B.B.M. Degree Examination with at least 36% marks in each paper;

(2) He elects the same or allowed optional subject at M.Com.Examination with which he had passed his B.B.M. Examination.

૩. યુનિવર્સિટી ઑફ કાશ્મીર, શ્રીનગર તરફથી લેવામાં આવતી એમ.કૉમ. પદવી પરીક્ષાને માન્ય કરવા અંગેના તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૪--૪--૧૯૭૧ના પત્રાંક એફ. II (જૂન-રેકગ.) ૭૧--એકેડે. ૫૨ વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

M.Com. Examination of the University of Kashmir, Shrinagar may be recognised as equivalent to our M.Com. Examination, but the recognition should be given after examining each individual case :

(1) The candidate must have obtained 36% or more marks in each paper.

(2) For M.Com. Part II, the optional papers offered by the candidate should be such that they cover major part of our syllabus.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ કાશ્મીર, શ્રીનગરની એમ.કૉમ. પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની એમ.કૉમ. પાર્ટ ૨ પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી ઑફ કાશ્મીર, શ્રીનગર તરફથી લેવામાં આવતી એમ.એ. પદવી પરીક્ષાને માન્ય કરવા અંગેના તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૦--૪--૧૯૭૧ના પત્રાંક એફ. (જૂન-રેકગ.) ૭૧--એકેડે. ૫૨ વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

This Examination can be recommended as equivalent to the M.A. Examination of our University.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફ કાશ્મીર, શ્રીનગરની એમ.એ. પદવી પરીક્ષાને આ યુનિવર્સિટીની એમ.એ. પાર્ટ ૨ પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશન, હિમાલય પ્રદેશ, સીમલા તરફથી લેવામાં આવતી મૅટ્રિકયુલેશન તેમજ હાયર સેકન્ડરી પાર્ટ ૧ અને ૨ પરીક્ષાઓને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તેમના તા. ૨૧--૮--૧૯૭૧ ના પત્રાંક ૧૬૨૨૫--૬૨૮૪ ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશન, હિમાલય પ્રદેશ, સીમલા તરફથી લેવામાં

આવતી મૅટ્રિક્યુલેશન તેમ જ હાયર સેકન્ડરી પાર્ટ ૨ ની પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય હાલ માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે અન્ય સ્ટેટોમાં પણ લેવાતી હાયર સેકન્ડરી પરીક્ષાનો અભ્યાસક્રમ મંગાવીને ડીનશ્રીનો અભિપ્રાય મેળવી તેમની સમકક્ષતા અંગે વિચારવાનું રાખવી.

૬. રેગ્યુ. ૭ મુજબ અન્ય યુનિવર્સિટી કે બોર્ડની ફાઈનલ ઈયર ડિપ્લોમા પરીક્ષા ૪૫ ટકા સાથે પસાર કરનાર પાર્ટ-ટાઈમ પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સમાં પ્રવેશપાત્ર છે. પરંતુ સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫--૩--૧૯૭૦ની સભામાં સદરહુ પરીક્ષામાં પ્રવેશ અંગેનો ઑ. પી.એન્જિ.-૧ જે સુધાર્યો છે તેમાં કોઈ ટકાવારીની મર્યાદા મૂકેલ ન હોઈ રેગ્યુ. ૭ ના નિયમ (૫)માં "Provided they have obtained 45% marks in aggregate" એ શબ્દો રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ૭ ના નિયમ (૫) માંથી "Provided they have obtained 45% marks in aggregate" એ શબ્દો રદ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૭. સાંબલપુર યુનિવર્સિટી, સાંબલપુરની નીચે જણાવેલ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

એમ.એ., એમ.એસ., એમ.ડી., ડી.એ., બી.ઈ. (સી.એમ.ઈ.),એમ.ઈ., બી.એડ. અને એલએલ.એમ.

એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

B.Sc. Engg. (B.E.) (C.,M.,E, Chem.) and M.Sc. Engg. (M.E.) (C.,M.,E.) of Sambalpur University may be considered equivalent to B.E. (C.,M.,E., Chem.) and M.Sc. Engg.(M.E.) (C.,M.,E.) of the Gujarat University on mutual basis.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The M.A. and B.Ed. Examinations of this University can be considered as equivalent to the corresponding M.A. Part II and B.Ed. Examinations of our University.

લૉ ફૅકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય

The said (LL.M.) degree of the Sambalpur University may be treated as equivalent to that of our degree of LL.M.

મેડિકલ ફૅકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય

The courses of M.D. and M.S. degrees are equivalent to our courses for the same degree and may be considered equivalent.

The course for D.A. diploma is of six months duration only as opposed to our diploma of 2 years duration and cannot be considered equivalent.

આથી ઠરાવવામાં આવે છે કે સાંબલપુર યુનિવર્સિટી, સાંબલપુરની નીચે જણાવેલ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

સાંબલપુર યુનિવર્સિટીની પરીક્ષાઓ		ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ
એમ.એ.	...	એમ.એ.
એમ.એસ.	...	એમ.એસ.
એમ.ડી.	...	એમ.ડી.
બી.ઈ. (સી., એમ. ઍન્ડ ઈ.)	...	બી.ઈ. (સી., એમ. ઍન્ડ ઈ.)
એમ.ઈ. (સી., એમ. ઍન્ડ ઈ)	...	એમ.ઈ. (સી. એમ. ઍન્ડ ઈ)
બી.એડ.	...	બી.એડ.
એલએલ.એમ.	...	એલએલ.એમ.

તેમ જ મેડિકલ ફૅકલ્ટીની ડી.એ. (ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા) પરીક્ષાને માન્ય કરવી નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૮. ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકિનકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી 'નેશનલ ડિપ્લોમા કોર્સ ઇન કૉમર્સ' પરીક્ષાને આપણી યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે સેક્રેટરી, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન (ટેકનિકલ ડિવિઝન), ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૨૪-૯-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી 'નેશનલ ડિપ્લોમા કોર્સ ઇન કૉમર્સ'ની પરીક્ષાને આ યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ. પરીક્ષા તુલ્ય માન્ય કરવી નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૯. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, કાનપુરની એમ.ટેક. અને એમ.એસસી. પદવી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની એમ.ઈ., એમ.એસસી. પદવી પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

એન્જિનિયરિંગ ફૅકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય

M.Tech. course of I.I.T., Kanpur is equivalent to M.E. degree course of our University.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

They are equivalent and are recommended for recognition as equivalent.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, કાનપુર તરફથી લેવામાં આવતી એમ.ટેક. અને એમ.એસસી. પદવી પરીક્ષાઓને આ યુનિવર્સિટીની અનુક્રમે એમ.ઈ. (સી., એમ. ઍન્ડ ઈ.) અને એમ.એસસી. પદવી પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. કુરુક્ષેત્ર યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૨-૪-૧૯૭૧ ના પત્રાંક ૨૭-ઓસી. ૨-૭૧-૩૩૩૩ પર વિચારણા કરવા બાબત.

પ્રી. એન્જિનિયરિંગ-બી.એસસી. (એન્જિ.) (સી.,એમ.,ઈ.), બી.એ., બી.એડ. અને એમ.એડ.

એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

Pre-Engineering Examination of Kurukshetra University cannot be considered as equivalent to B.E. I, Semesters I and II Examinations of our University B.Sc. (Engineering) (C.,M.,E.) Engineering Examinations of Kurukshetra University can be considered equivalent to B.E. (C.,M.,E.) Engineering Examinations of the Gujarat University.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The B.A., B.Ed. and M.Ed. Examinations of the said University can be recommended for equivalence to the corresponding Examinations of our University.

આથી ઠરાવવામાં આવે છે કે કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્ર તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષા તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

કુરુક્ષેત્ર યુનિવર્સિટીની પરીક્ષાઓ		ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ
બી.એસસી. (એન્જિ.) (સી.,એમ. ઍન્ડ ઈ.)	...	બી.ઈ. (સી., એમ. ઍન્ડ ઈ.)
બી.એ.	...	બી.એ.
બી.એડ.	...	બી.એડ.
એમ.એડ.	...	એમ એડ.

તેમ જ પ્રી-એન્જિ. પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.ઈ. ૧ પરીક્ષા તુલ્ય માન્ય કરવી નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. ઇન્દોર યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગે તે યુનિવર્સિટી તરફથી આવેલ તા. ૬-૪-૧૯૭૧ના પત્રાંક એસ.એમ. (૫૧) ૭૧ પર વિચારણા કરવા બાબત તથા બી.એસસી. (એન્જિ.) (સી.,એમ.,ઈ.) પદવી પરીક્ષાનું નામ બદલીને બી ઈ. (સી.,એમ.,ઈ.) પદવી પરીક્ષા રાખેલ છે તેની નોંધ લેવા બાબત :

બી.એસસી. (હોમ સાયન્સ), બી.એડ., એમ.એડ., એમ.એસસી. (એન્જિ.) (સી., એમ., ઈ.), પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

B.Sc. Home Science Examination of the Indore University can be recommended as equivalent to our Third B.A. (Home Science) on mutual recognition basis.

The B.Ed. and M.Ed. Examinations of Indore University can be considered equivalent to B.Ed. and M.Ed. Examinations of our University on mutual basis.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

ઇન્દોર યુનિવર્સિટીની પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન પરીક્ષા ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીને આપણી યુનિવર્સિટીમાં એમ.કૉમ. પાર્ટ ૧ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણી શકાય.

એન્જિનિયરિંગ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

એમ.એસસી. (એન્જિ.) (સી.,એમ.,ઈ.) પરીક્ષાને આપણી યુનિવર્સિટીની એમ.ઇ. (સી.,એમ.,ઈ.) પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરી શકાય.

આથી કરાવવામાં આવે છે કે ઇન્દોર યુનિવર્સિટી, ઇન્દોર તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

ઇન્દોર યુનિવર્સિટીની પરીક્ષાઓ		ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ
બી.એસસી. (હોમ સાયન્સ)	...	બી.એ. (હોમ સાયન્સ)
બી.એડ.	...	બી.એડ.
એમ.એડ.	...	એમ.એડ.
એમ.એસસી. (એન્જિ.)	...	એમ.ઈ. (સી., એમ. એન્ડ ઈ.)
એમ.એસસી. એન્જિ. (સી., એમ. એન્ડ ઈ.)	...	એમ.ઈ. (સી., એમ. એન્ડ ઈ)
પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન	...	થર્ડ બી.કૉમ.

૧૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી તેમ જ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા દ્વારા લેવામાં આવતી એમ.એ. પાર્ટ ૧, એમ.કૉમ. પાર્ટ ૧ અને એમ.એસસી. પાર્ટ ૧ ની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની સમકક્ષ પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી તેમ જ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા તરફથી લેવામાં આવતી એમ.એ. પાર્ટ ૧, એમ.એસસી. પાર્ટ ૧ તેમ જ એમ.કૉમ. પાર્ટ ૧ની પરીક્ષાઓને આ યુનિવર્સિટીની એમ.એ. પાર્ટ ૧, એમ.એસસી. પાર્ટ ૧ તેમ જ એમ.કૉમ. પાર્ટ ૧ ની પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવી નહીં એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. કાલિકટ યુનિવર્સિટી, કાલિકટ તરફથી લેવામાં આવતી પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય પારસ્પરિક ધોરણે માન્ય કરવા અંગેના તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૨--૨--૧૯૭૧ના પત્રાંક ૨૧૬૬૪--૭૦--જીએ (બી) ૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાલિકટ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને આ યુનિવર્સિટીની જે તે પરીક્ષાઓ તુલ્ય હાલ જૂન ૧૯૭૪ સુધી પારસ્પરિક ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

બી.એ., બી.એસસી., બી.કૉમ., એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., બી.એસસી. (એન્જિ.), એલએલ.બી., એમ.બી.,બી.એસ. અને બી.એડ.

